વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ

# UMA SRUSHTI

# ઉમાસૃષ્ટિ

₹ ૫૦-૦૦
₹ 50-00

Vishv UMIYA Foundation

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ ઓગસ્ટ, ૨૦૨૩
01 August 2023

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી–ડૉ. પ્રભુદાસ આઈ પટેલ
Editor-Dr. Prabhudas I Patel



|| ગાંધી ને સરદારનો વારસ, વિવેકાનંદ શો 'ધીર' નરેન્દ્ર
ગુજરાતનું છે ગૌરવ મોટું, ભારતનું છે 'હીર' નરેન્દ્ર
મહાભારતનો લાડકવાયો, અર્જુન સમો 'નરવીર' નરેન્દ્ર ||

૭૭મા 'સ્વાતંત્ર્ય દિન' પ્રસંગે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની શુભકામનાઓ...

## નવી દિશા... નવા વિચાર...













# સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરીકો માટે જૂથ અકસ્માત વિમા યોજનાનો પુનઃ પ્રારંભ...
- પાક સહાય યોજનાનો અમલ...
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સીંગ યોજનામાં ૪૦% સુધીની આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહત દરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસીસ લેબની નજીવા દરે ટેસ્ટીંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુધ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- માત્ર રૂા. ૧૦/- માં સારી ક્વોલીટીના ચા-નાસ્તાની સુવિધા...
- માર્કેટયાર્ડમાં ગરમીની સિઝનમાં ફ્રી છાસનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મીનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સ તથા ફાયરફાઈટરની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનો શુભારંભ...
- ઊંઝા તાલુકા તથા બજાર વિસ્તારના કુપોષિત બાળકોને દત્તક લઈ માનવતાનું કાર્ય

## જય સહકાર... જય કિસાન...

| | | |
|---|---|---|
| વિષ્ણુભાઈ પટેલ | અરવિંદભાઈ પટેલ | દિનેશભાઈ પટેલ |
| સેક્રેટરી | વા. ચેરમેન | ચેરમેન |

તથા ડીરેક્ટર ગણ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઊંઝા



Mayflower
WOMEN'S HOSPITAL

# The Cradle **of Care**

ENDOMETRIOSIS CLINIC

INFERTILITY AND ART CLINIC

OBSTETRICS/GYNECOLOGY

FETAL MEDICINE

GI SURGERY

COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY

ANESTHESIA

RADIOLOGY

PEDIATRICS & NEONATAL CARE



**DR. SANJAY PATEL**

M.D. Diploma Endoscopy (Germany)
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. SMEET PATEL**

MBBS, MS. OBGYN
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. JAYA PATEL**

MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist



**DR. RAVINA PATEL**

MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist

+91-9898036701 | hello@mayflowerhospital.com | +91-79-27495001/02/03

"Mayflower House", Opp. - Police Helmet, Near Manav Mandir Temple, Drive-In Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India

Special NRI Season Offer
1st Dec. 2022 to 15th Jan. 2023

CELEBRATING 40 YEARS

GAJANAND® RETAIL

# દેશની યાદગીરી, ગજાનંદ મસાલા વગર અધૂરી

ફ્રી Silver Coin

₹2501/- ની ખરીદી ઉપર 10 ગ્રામ ચાંદીનો સિક્કો

₹4501/- ની ખરીદી ઉપર 20 ગ્રામ ચાંદીનો સિક્કો




## 100+ પ્રોડક્ટ રેન્જ

- કુમઠીલાલ કાશ્મીરી મરચું
- રેશમલાલ મરચું (રેશમપટ્ટી + કાશ્મીરી)
- પ્રીમિયમ મરચું
- તેજાલાલ મરચું (એક્સ્ટ્રા હોટ)
- કર્ક્યૂવેદા હળદર (સેલમ + વાયગૉવ)
- પ્રીમિયમ હળદર પાવડર
- પ્રીમિયમ ધાણાજીરું પાવડર
- પ્રીમિયમ ધાણા પાવડર
- સોર્ટેક્સ ક્લીન આખા મસાલા
- તેજાના
- આચાર મસાલા
- કાબુલી સ્ટ્રોંગ હીંગ
- ગપાટા સપાટા (રેડી ટુ ફ્રાય રેન્જ)
- ઇન્સ્ટન્ટ મિક્સ
- આસામની પ્રીમિયમ ચા
- ફરાળી પ્રોડક્ટ્સ
- મુખવાસ
- નેચરલ સીડ્સ
- પ્રીમિયમ બ્લેન્ડેડ મસાલા
- પ્રીમિયમ ડ્રાય ફ્રુટ્સ
- કેમિકલ વગરનો નેચરલ દેશી ગોળ અને બીજુ ઘણું...

## એક્સક્લુઝિવ બ્રાન્ડ સ્ટોર્સ

રન્નાપાર્ક, ઘાટલોડીયા : 63525 48504
મણિનગર : 99780 01025
જોધપુર-સેટેલાઇટ : 93136 68230
ન્યુ રાણીપ : 99989 63657
ગોતા : 88493 59397
સાંતેજ : 99255 91111

આ ઓફર ગજાનંદ "મસાલા એન્ડ મોર" બ્રાન્ડ સ્ટોર પર જ ઉપલબ્ધ

ઉમાસૃષ્ટિ
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ
આસ્થા, એકતા અને શક્તિનું ધામ · એક વૈશ્વિક વિચારધારા

**ઓગસ્ટ ૧, ૨૦૨૩**
**વર્ષ:** ૦૧ **અંક:** ૦૮
**માલિક:** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**August 1, 2023**
**Year :** 1 **Ank :** 8
**Owner :** Vishv Umiya Foundation



**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel





**પરામર્શકશ્રી**
**Consultant**
પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઇ  પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai  Padmashri-Devendra Patel

**સંપાદક મંડળ:** / **Editor Board :**
ડો. હર્ષદ પટેલ — Dr. Harshad Patel
ડો. અશોક પટેલ — Dr. Ashok Patel
ડો. ઉત્પલ પટેલ — Dr. Utpal Patel
ડો. રૂપલ પટેલ — Dr. Rupal Patel

**સહસંપાદક :** ધવલ માંકડિયા **Co-Editor :** Dhaval Makadiya
**કલાનિર્દેશક :** રેખા ચાવડા **Art Director :** Rekha Chavda
**ફોટોગ્રાફી :** હાર્દિક પંચોલી
**Photography :** Hardik Pancholi

**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર
**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઇલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧
**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક:** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset,
B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham
Jaspur, Kalol, Gandhinagar

# અનુક્રમ



## બહુરત્ના વસુંધરા-૨૬

### કર્મઠ - 'કામેશ્વર'ની સંઘર્ષ અને સિદ્ધિની યાત્રા

જેના મસ્તિષ્કમાં લશ્કરી શેઠ અને મફત ગગલ બિરાજે છે, જેણે પોતાના કર્મને ધર્મની પવિત્રતાથી શણગાર્યું છે, તે કર્મઠ અને નિષ્ઠાવાન શિક્ષક - સંચાલક - કેળવણીકાર અને સખાવતી ઉદ્યોગપતિ શેઠ શ્રી પ્રહ્‌લાદભાઈ પટેલ 'કામેશ્વર' સાથે 'ઉમા સૃષ્ટિ' સામયિકના 'બહુરત્ના વસુંધરા' વિભાગ માટે રૂબરૂ મુલાકાતના કેટલાક અંશો...

૧૧ વેદોનો દિવ્ય સંદેશ
૧૨ શ્રી રામચરિત માનસ કથાસાર
૧૩ નવી વિચારધારા
૧૪ ધર્મ આડંબર નહીં, આચરણ છે
૧૫ ભગવાનથી ડરતા હો તો તમે ધાર્મિક નથી
૧૭ વાલીને મોબાઇલ ફોનની ટેવ નહીં હોય તો બાળકને પણ નહીં પડે
૧૮ સદ્‌વર્તન એટલે સંસ્કાર દર્પણ
૧૯ પુત્રનો પત્ર - પિતાને સરનામે
૨૦ પ્રતિકૂળને અનુકૂળ બનાવવું
૨૧ તમામ મુશ્કેલીઓનો ઉપાય હોય જ છે!



૨૩ માતા-પિતાની એક ભૂલ બાળકને બનાવે ઈર્ષાળુ
૨૪ દહેજ એ દૂષણ કે આભૂષણ?



૨૯ લગ્નજીવનમાં 'ચા'થી વિશેષ ચાહની જરૂર છે
30 મારે આટલું બસ છે!




૩૨ પિતા તરફથી મળેલા સંસ્કાર
33 'ભાગીદારી હોય તો આવી...'
૩૪ આકાશનો ખાલીપો અને મેઘધનુષના રંગો
૩૬ મોટા માણસો મોટા છે એનું કારણ આપણે એમને ઘૂંટણિયે પડેલા છીએ
૩૭ બાલ સૃષ્ટિ
૩૮ અહેવાલ
૪૦ પ્રવૃત્તિઓ
૪૪ સમાચાર
૪૬ વીયુએફ
૪૮ ચંદ્રયાન-૩: ભારતની એક ઐતિહાસિક યાત્રા

**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel

## તંત્રીલેખ



- ડો. પ્રભુદાસ પટેલ




નયા ભારતના નિર્માણના મહાનાયક નરેન્દ્ર મોદીએ સાબિત કરી બતાવ્યું કે તેમના શબ્દકોષમાં અશક્ય શબ્દ જ નથી. તેમનો અશ્વમેઘ યજ્ઞ વણથંભ્યો ચાલ્યો છે. બીજી બાજુ યુવાનોની સક્રિયતાને પણ નજરઅંદાજ નહીં કરી શકાય. હવે 'પરફોર્મ' ઓર 'પેરિસ' **(કામ કરો અથવા ઘરભેગા થાવ)ના નવા યુગનો આરંભ થયો છે.**

# શ્રાવણમાં અધિક - અધિકમાં શ્રાવણ

## अधिकस्य अधिकं फलम्

તા. ૧૮-૭-૨૦૨૩થી શરૂ થયેલો શ્રી અધિક પુરુષોત્તમ પુણ્ય પવિત્ર માસ. દર ત્રણ વર્ષે આવતો વધારાનો એક માસ તે અધિક માસ ગણાય છે.

**જેનો સઘળા છોડે સાથ**
**તેનો ઈશ્વર પકડે હાથ**

તે મુજબ અધિક માસ શ્રીહરિ નારાયણના શરણમાં ગયો અને પોતાની આપવીતી ભગ્ન હૃદયે પ્રભુને નવોદિત કરી. વત્સલ પ્રભુએ તેને હૃદયથી લગાડ્યો અને કહ્યું, તું જરા પણ ચિંતા ના કરીશ. હું તને આજથી મારો પોતાનો ગણી અપનાવું છું. મારું નામ તારી સાથે જોડી દઉં છું. **તને આજથી સૌ અધિક પુરુષોત્તમ નામથી ઓળખશે. તારો મહિમા જગતમાં શ્રેષ્ઠ બની જશે.**

હવે સર્વ માસોમાં શ્રેષ્ઠ સર્વોત્તમ માસ તરીકે અધિક પુરુષોત્તમ માસને ગણવામાં આવે છે. આ માસ દરમિયાન જપ- તપ- વ્રત- ઉપવાસ- કથા- પૂજા- યજ્ઞ- દયા- દાન કરશે **તેને સર્વાધિક પુણ્ય-ફળ પ્રાપ્ત થશે. 'अधिकस्य अधिकं फलम्'...**

આ વખતે અધિક માસ શ્રાવણ માસમાં આવે છે એટલે શ્રાવણિયા મહાદેવનાં પણ પૂજન-અર્ચન થાય. અધિક માસના અધિષ્ઠાતા દેવ ભગવાન પુરુષોત્તમ (વિષ્ણુ) છે, તો શ્રાવણ માસના દેવ ભગવાન શિવ છે. તેથી અધિક શ્રાવણમાં શિવ અને વિષ્ણુ બંનેનું ધરતીલોક ઉપર અવતરણ થાય છે. બંનેનો સંયોગ સધાય છે. બંને દેવોની એકતા સૂચવાય છે. **શિવપુરાણમાં કહ્યું છે કે 'શિવ' એ જ 'વિષ્ણુ' છે. તો વૈષ્ણવ પુરાણમાં કહ્યું છે કે, 'વિષ્ણુ' એ જ 'શિવ' છે.**

'ભગવાન પૂર્ણ પુરુષોત્તમ' એવા નામનો અર્થ જોઈએ તો ભગ એટલે ઐશ્વર્ય, વીર્ય, યશ, જ્ઞાન અને વૈરાગ્ય - એ છ ગુણો જેનામાં હોય તે ભગવાન કહેવાય. પૂર્ણ તો માત્ર પરમાત્મા છે. 'પૂર્ણ' ઓમકારનું પણ પ્રતીક છે. **બ્રહ્મા-વિષ્ણુ અને શિવ એ ત્રણેય ઓમકાર સ્વરૂપ કે પરબ્રહ્મ સ્વરૂપ છે.**

'પદ્મપુરાણ'માં મહર્ષિ નારદ રાજા અંબરિષને અધિક માસનું માહાત્મ્ય સંભળાવતા કહે છે, જે શ્રદ્ધા-ભક્તિપૂર્વક ધ્યાન-પૂજન કરતાં કરતાં પુરુષોત્તમ માસનું સેવન કરે છે તે ઇચ્છિત ફળ પ્રાપ્ત કરે છે. ભગવદ્ ગીતાના પંદરમા અધ્યાયનું નામ 'પુરુષોત્તમ યોગ' છે. અધિક માસમાં વિષ્ણુપ્રિયા તુલસીનાં પણ રોપણ, દર્શન અને પૂજન કરીએ, કેમ કે **શ્રીહરિ વિષ્ણુએ તો તુલસીને હૃદયેશ્વરી રૂપે સ્વીકાર્યાં છે એટલે તે વિષ્ણુપ્રિયા રૂપે ઓળખાયાં.**

આ સંદર્ભમાં જ આપણાં પુરાણોમાં અધિક માસમાં વાવ, કૂવા, તળાવ જેવાં જળાશયો બાંધવાનો, પંખીઓ અને વટેમાર્ગુઓ માટે પરબો બાંધવાનો, વૃક્ષારોપણ, જળદાન, અન્નદાન, વૃક્ષદાન, ગૌદાન વગેરે પરમાર્થિક કાર્યોનો મહિમા ગવાયો છે. **જીવનને સંસ્કારવાનો મહિનો એટલે ભગવાન પુરુષોત્તમને પ્રાણપ્યારો એવો અધિક માસ.**

આ વર્ષનો અધિક શ્રાવણ માસ છે. શ્રાવણ તો ભગવાન શિવનો વહાલો માસ ગણાય છે. અધિકમાં તો ભાગવત વગેરે ધર્મગ્રંથોનો સ્વાધ્યાય પણ અધિક કરવાનો હોય. આવાં સત્કાર્યો કરનાર ભક્તને ભગવાન હૈયે ચાંપે છે. **વિષ્ણુ અને શિવ બંનેની કૃપા પ્રાપ્ત કરવાનો માસ એટલે અધિક શ્રાવણ માસ.**

**માણિક્યમ્**

રાષ્ટ્ર સ્થપાય પછી ધર્મ સ્થપાય. તેથી રાષ્ટ્રની ફરજ છે ધર્મનું રક્ષણ કરવાની. પહેલાં ધર્મ નાશ પામે તે પછી રાષ્ટ્ર નાશ પામે. આમ રાષ્ટ્રની હયાતી વિના ધર્મની હયાતી નથી. ધર્મ મુખ્ય છે અને સર્વોપરી છે. છતાં રાષ્ટ્રમાં જ તેની ઉન્નતિ છે. **માટે રાષ્ટ્ર ધર્મનું રક્ષક છે - પૂજક છે. એટલે ધર્મની મહત્તા છતાં તે ધર્મ રાષ્ટ્રથી પરિગૃહિત છે.**

**- આચાર્ય રાજહંસ**

તંત્રી

# પ્રમુખશ્રીનું નિવેદન



મિત્રો,

જગતજનની મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવાના સંકલ્પ સાથે સંસ્થા અવિરતપણે કાર્ય કરી રહેલ છે. સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં દેશ - વિદેશના લાખો પરિવારો સહભાગી બની રહ્યા છીએ, જે માટે અતિ આનંદની લાગણી અનુભવુ છું.

જગતજનની મા ઉમિયાના ૫૦૪ ફૂટ ઊંચા મંદિરનો ગગનવિહાર ૧૪૪૦ જેટલા ધર્મસ્તંભ ઉપર બંધાઈ રહ્યો છે ત્યારે **"હું પણ મા ઉમિયાના મંદિરના પાયાનો પિલ્લર છું"** એવા ભાવ સાથે ધર્મસ્તંભના દાતા સહયોગ અભિયાનમાં મા ઉમિયાના ગર્ભગૃહના ધર્મસ્તંભના દાતા સહયોગી તરીકે રૂા. ૧૫ લાખ અને મંદિરના સહયોગી દાતા તરીકે રૂા. ૧૧ લાખના સહયોગ સાથે અત્યાર સુધીમાં ૧૨૦૦ જેટલા દાતાઓ પાયાના પિલ્લર તરીકે જોડાઈ ચૂક્યા છે. જે મા ઉમિયાની આસ્થાનું પ્રતિબિંબ છે. **ગૌરવ સાથે જણાવતાં આનંદ થાય છે કે ૧૪૪૦ જેટલા ધર્મસ્તંભનું નિર્માણ કાર્ય ૧૫ જુલાઈ, ૨૦૨૩ ના રોજ સંપન્ન થયેલ છે અને હવે રાફ્ટનું કામ શરૂ થવા જઈ રહેલ છે જેની જાણકારી આપ સર્વેને આપતાં હું ભાવુકતાનો અનુભવ કરી રહ્યો છું.**

આધ્યાત્મિક ચેતનાના આધાર ઉપર જગતજનની મા ઉમિયાની આસ્થાને સર્વ સમાજમાં ઉજાગર કરવાના ભાગરૂપે સંસ્થા દ્વારા વિવિધ કથા જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવી રહેલ છે. જેમાં અત્યાર સુધીમાં અમદાવાદના પશ્ચિમ ભાગમાં સાયન્સ સીટી વિસ્તાર, અમદાવાદ પૂર્વમાં નિકોલ વિસ્તાર અને ગાંધીનગરમાં કુડાસણ વિસ્તારમાં વિવિધ કથા જ્ઞાનયજ્ઞનું આયોજન સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. જેનાથી મા ઉમિયાની આસ્થામાં અનેકગણો વધારો થયેલ છે. તેમજ સંસ્થા થકી ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી સમાજના છેવાડાના વર્ગ સુધી પહોંચાડવામાં આપણે સફળ રહ્યા છીએ. આ ઉપરાંત કથા

દરમિયાન અનેક દાતાઓએ પોતાના દાનની સરવાણી વહેવડાવી છે, જે મા ઉમિયાનો સાક્ષાત્કાર છે.

દક્ષિણ ગુજરાતના વિવિધ તાલુકા અને જિલ્લાઓમાં જગતજનની મા ઉમિયાના દિવ્યરથનું પરિભ્રમણ થયું જેનાથી સમાજમાં એક નવી જ ચેતનાનો સંચાર થયો છે. શહેરી, ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં દિવ્યરથના પરિભ્રમણ દરમિયાન ઉમટતી લાખોની સંખ્યા મા ઉમિયા પ્રત્યેની આસ્થાની અભિવ્યક્તિની ચરમસીમાનો અહેસાસ કરાવે છે. **દર શનિવારે સમગ્ર વિશ્વમાં સાંજે ૭ થી ૯ દરમિયાન એકસાથે જગતજનની મા ઉમિયાની આરતી થાય તે માટે સંસ્થાએ આરંભેલા અભિયાનમાં અનેક તાલુકા - જીલ્લા અને શહેર જોડાઈ રહ્યા છે, ત્યારે આપ જ્યાં પણ રહેતા હોવ તે વિસ્તારમાં આસપાસના પરિવારો સાથે મા ઉમિયાની આરતી દર શનિવારે સાંજે કરવામાં આવે તેવી દરેક મિત્રોને મારી નમ્ર અપીલ છે. જે કોઈ મિત્રો ઉપર મુજબ મા ઉમિયાની આરતી કરે તો તેના ફોટોગ્રાફ્સ સંસ્થાના વોટ્સએપ ગ્રુપમાં અવશ્ય મૂકશો જેથી અન્ય મિત્રોને પણ પ્રેરણા મળતી રહે અને ટૂંક સમયમાં ઈચ્છિત પરિણામ મેળવી શકીએ.**

અને હા, સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર થવા તેમજ સંસ્થાની પ્રવૃત્તિઓની જાણ પોતાના મિત્ર, સર્કલ, સગાં-સ્નેહી તેમજ સમાજમાં કરીને આંગણી ચીંધ્યાનું પુણ્ય મેળવી શકીએ તેવા ઉદ્દેશ સાથે **દર માસે પ્રગટ થતા આપણા "ઉમાસૃષ્ટિ મેગેઝીન" માં આપણે વાચક સભ્ય અવશ્ય બનીએ અને દરેકને બનાવીએ.**

અંતમાં, આપણે સૌ મા ઉમિયાના સંતાનો છીએ ત્યારે ખૂબ સારી રીતે જાણીએ છીએ કે, ખેતીવાડીમાં પાણી દરેકને એક જ અપાય છે, છતાં પણ શેરડી મીઠી ઉગે છે જ્યારે દ્રાક્ષ ખાટી, કારેલું કડવું અને મરચું તીખું ઉગે છે એનું કારણ પાણી નથી, પરંતુ બીજ છે તેવી જ રીતે આપણે પણ આપણા પરિવાર અને સમાજમાં આધ્યાત્મિક વિચારોનું જેટલું વાવેતર કરીશું તેનાથી અનેકગણું સારું પરિણામ મેળવી શકાશે.

**આર. પી. પટેલ**
**પ્રણેતા એવં પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

## ૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ

## "આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિ:શુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.


Celebrating More than 40 years of Trust, Taste & Purity
www.ankuroils.com
SINCE 1978
Ankur®
EDIBLE OILS
એજ અતૂટ બંધન
100% NATURAL
New Pack
Ankur
FILTERED
GROUNDNUT OIL
Our Other Products:
Refined Cottonseed Oil, Refined Sunflower Oil,
Refined Soyabean Oil, Refined Corn Oil,
Kachi Ghani Mustard Oil, Mild Mustard Oil
Ankur Oil Industries, 'Corporate Office' Ratnaakar Nine Square, Block-B, Shop no. 1-6, Opp. ITC Narmada, Vastrapur road, Ahmedabad-380015
Business Inquiry No.: +91 82382 38250
Follow us on:
marshmallow

उन्नति
सबमर्सिबल पम्प

Unnati
Since 1969
SUBMERSIBLE PUMP

*"Together we can do it
Together we have always done it"*



ENERGY IS LIFE
BEE
CONSERVE IT
ISO 9001
BUREAU VERITAS
Certification
IS : 8034

**Unnati Pumps Private Limited**

81, Amarnath Industrial Estate, Opp. Shayona Estate, Naroda Road, Ahmedabad - 380025. Gujarat, INDIA. Phone : 079-22203434 / 0128

Email : sales@unnatipumps.com Website: www.unnatipumps.com



**પ્રહ્લાદભાઈ કામેશ્વર**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

**समानो मंत्रः समितिः समानी**
**समानं मनः सह चित्तमेंषाम् ।**
**समानं मंत्रमभि मंत्रये वः**
**समानेन वो हविषा जुहोमि ॥**

(ઋગ્વેદ ૧૦/૧૯૧/૩)

**ભાવાર્થ :** બધા મનુષ્યોના વિચારો સરખા રહો, બધા સંગઠિત થઈને રહો, બધાનાં મન, ચિત્ત તથા યજ્ઞકાર્ય સમાન હોય **એટલે કે બધાં હળીમળીને રહો.**

સંદેશ : જે રીતે સમાજમાં બે માણસો એકસરખા ચહેરાવાળા હોતા નથી, એ જ રીતે લોકોના વિચાર, માન્યતાઓ અને સ્વભાવ ભિન્નભિન્ન હોય છે. સમાજમાં ગોરા-કાળા, નાના-મોટા, બાળક-વૃદ્ધ, સ્ત્રી-પુરુષ, ગરીબ-અમીર બધા એકસાથે રહે છે. એકના વગર બીજાનું કામ ચાલતું નથી. આમ છતાં પોતાના ભિન્ન વિચારોમાં ઉદારતાનો સમાવેશ કરીને **જો બધા સાથે મળીને રહે તો ચારે બાજુ સુખ, શાંતિ, એકતા અને ઉન્નતિનું વાતાવરણ પેદા થશે.**

**જ્યારે લોકોના મન અને વિચારો એક હોય ત્યારે જ એકતા શક્ય છે, વેદમંત્રોમાં આ માનસિક એકતા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે, તેનાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મળે છે, સંસારના બધા લોકો જો વેદાનુસાર આચરણ કરે તો સંસારનું કલ્યાણ થાય**

વિચારોની શક્તિ બહુ મોટી છે. તે લોકોના ચિંતન અને ચારિત્ર્યને દિશા બતાવે છે. સમાજમાં ફેલાયેલા વૈચારિક પ્રદૂષણ તથા સ્વાર્થજન્ય આચરણ તરફ લોકોને પ્રેરિત કરે છે. સંસારમાં આજે દરેક માણસ દુઃખી જોવા મળે છે. તેનું કારણ તેમની પોતાની મુશ્કેલી તો છે, પણ **મોટા ભાગના તો એટલા માટે દુઃખી હોય છે કે બીજા લોકો સુખી કેમ છે?** એ વિચારોની ભ્રષ્ટતા છે. તે સંગઠિત રહીને, સાથે મળીને કામ કરતાં રોકે છે અને ઉન્નતિના માર્ગમાં અવરોધ ઉત્પન્ન કરે છે. સંસારમાં માનવીએ જે કાંઈ ઉન્નતિ કરી છે તે સહયોગ અને સામૂહિકતાની ભાવનાથી શક્ય બની છે. હવાઈ જહાજ ઉડાડવા માટે એક પાયલટ હોય છે, પણ શું તે એક જ આ કાર્ય કરી શકે છે? ઍન્જિનિયરોની એક લાંબી ફોજ, રડાર, ટેલિફોન, વીજળી વગેરેના કુશળ કર્મચારી - એમ બધાનો સહયોગ રહે છે. **જરા પણ ભૂલ થઈ જાય તો દુર્ઘટના થતાં વાર લાગતી નથી.**

જડ પદાર્થ, પશુ-પક્ષી વગેરે એક અને એક મળીને બે થાય છે, પણ માનવી એક અને એક મળીને અગિયાર થાય છે. વૈચારિક એકતાથી આ ગાણિતિક ચમત્કાર શક્ય છે. જો આપણે તેને ધ્યાનમાં રાખીએ અને પોતાને સમાજનું એક અવિભક્ત અંગ માનીને બધાના હિતમાં **પોતાનું હિત સમજીએ તો એક સ્વસ્થ, સમર્થ અને સબળ સમાજના નિર્માણમાં આપણે સહયોગી થઈ શકીએ.**

વિશ્વશાંતિ કેવળ વેદો વડે જ શક્ય છે. વેદની ઈચ્છા છે કે વિશ્વના બધા માનવીઓમાં સદ્‌ભાવના, મૈત્રીભાવ અને વિશ્વબંધુત્વનો ભાવ ફેલાય. તેમનામાં પરસ્પર સ્નેહસંબંધ મજબૂત બને. વિજ્ઞાનના વરદાનના કારણે બધા દેશો એકબીજાની ખૂબ નજીક આવી ગયા છે, પણ બીજી બાજુ **વિજ્ઞાનના અભિશાપથી સંહારક અસ્ત્ર-શસ્ત્રને લીધે તેમના મનમાં એકબીજા પ્રત્યે સંદેહ અને ભય પણ બહુ જ છે.** જ્યારે લોકોના મન અને વિચારો એક હોય ત્યારે જ એકતા શક્ય છે. વેદમંત્રોમાં આ માનસિક એકતા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. તેનાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મળે છે. સંસારના **બધા લોકો જો વેદાનુસાર આચરણ કરે તો સંસારનું કલ્યાણ થાય.**

સંસારમાં આ વિચારધારાને જીવંત બનાવવાની જવાબદારી ઋષિઓએ બ્રાહ્મણોને સોંપી છે. ■



સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ

# શ્રી રામચરિતમાનસ કથાસાર

**રામજન્મ ભૂમિ અયોધ્યામાં ભગવાન રામચંદ્રજીનું મંદિર નિર્માણ થઈ રહ્યું છે ત્યારે ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ તંત્રીશ્રીની કલમે.**



**પૂર્વકથા :** જનકના દરબારમાં શ્રીરામજી અને લક્ષ્મણનો પ્રવેશ થયો. પ્રભુને જોઈને સર્વ રાજા હૃદયથી એવી રીતે હારી ગયા કે જેમ પૂર્ણ ચંદ્રમાનો ઉદય થવાથી તારા પ્રકાશહીન થઈ જાય છે. **બધાને થયું કે શ્રી રામચંદ્રજી જ ધનુષ્ય તોડશે એમાં કોઈ સંશય નથી.**

**હવે આગળ:**

जगत पिता रघुपतिहि बिचारी
भरि लोचन छबि लोहु निहारी ।

શ્રી રઘુનાથજીને જગતના પિતા (પરમેશ્વર) સમજીને નેત્રો ભરીને એમની શોભા જોઈ લો. આવો અવસર વારંવાર નહીં મળે. જેને જે સારું લાગે તે જ કરો. આમ કરી ભલા **રાજાઓ પ્રેમમગ્ન થઈને શ્રી રામજીનું અનુપમ રૂપ જોવા લાગ્યા.**

जानि सुअवसर सीय तब पठई जनक बोलाई
चतुर सखी सुंदर सफल सादर चलीं लवाई ।

ત્યારે સુઅવસર જાણીને જનકજીએ સીતાજીને બોલાવડાવ્યાં. બધી ચતુર અને સુંદર સખીઓ આદરપૂર્વક એમને લેવા ચાલી. રૂપ અને ગુણની ખાણ જગતજનની જાનકીજીની શોભાનું વર્ણન થઈ શકે તેમ નથી. તેમના માટે બધી ઉપમાઓ તુચ્છ લાગે. જો કોઈ સ્ત્રી સાથે સીતાજીની સરખામણી કરવામાં આવે તો જગતમાં **આવી સુંદર યુવતી છે જ ક્યાં, જેની ઉપમા એમને માટે આપી શકાય?**

चलीं संग लै सखी सयानी
गावत गीत मनोहर बानी ।

સમજુ સખીઓ સીતાજીને લઈને મનોહર વાણીથી ગીતો ગાતી ચાલી. સીતાજીના નવલ શરીર પર સુંદર સાડી સુશોભિત છે. જગતજનીની મહાન શોભા અતુલનીય છે. જ્યારે સીતાજીએ રંગભૂમિમાં પગ મૂક્યો, ત્યારે તેમનું દિવ્ય રૂપ જોઈને સ્ત્રી-પુરુષ સર્વે મોહિત થઈ ગયાં. **દેવતાઓએ હરખાઈને નગારાં વગાડ્યાં અને પુષ્પો વરસાવી અપ્સરાઓ ગાવા લાગી.**

सीय चकित चित रामहि चाहा
भये मोहबस सब नरनाहा ।

સીતાજી ચકિત મનથી કેવળ શ્રી રામજીને ખોળવા લાગ્યાં ત્યારે સર્વે રાજાઓ મોહન વશ થઈ ગયા. સીતાજીએ મુનિની પાસે બેઠેલા બંને ભાઈઓને જોયા તો એમનાં નેત્રો ખજાનો પામીને લલચાઈને ત્યાં જ શ્રી રામજીમાં સ્થિર થઈ ગયાં. **શ્રી રામચંદ્રજીને હૃદયમાં લાવીને સખીઓની તરફ જોવા લાગ્યાં.**

राम रुपु अरु सिय छबि देखें
नर नारिन्ह परिहरी निमिषें ।

શ્રી રામચંદ્રજીનું રૂપ અને સીતાજીની શોભા જોઈને સ્ત્રી-પુરુષોએ પલકારા ત્યાગી દીધા. બધા પોતાના મનમાં વિચારી રહ્યા છે, પણ કહેતાં સંકોચાય છે. મનમાં ને મનમાં પ્રાર્થના કરે છે, હે વિધાતા! જનકની મૂઢતાને શીઘ્ર હરી લો અને અમારા જેવી જ એવી સુંદર બુદ્ધિ એમને આપો કે જેથી **વિચાર કર્યા વગર રાજા પોતાનું પ્રણ છોડીને સીતાજીનો વિવાહ રામજી સાથે કરી દે.**

तब बंदीजन जनक बोलाए
बिरदावली कहत चलि आये ।

ભાટોએ વંશની કીર્તિ ગાઈ અને પછી શ્રેષ્ઠ વચનો કહ્યાં, હે પૃથ્વીનું સંચાલન કરનારા સર્વે રાજાગણો સાંભળો. આ શિવજીનું ધનુષ્ય ભારે છે, કઠોર છે એ સર્વેને વિદિત છે. એ જ શિવજીના કઠોર ધનુષ્યને આજે **આ રાજસભામાં જે પણ તોડશે તેની સાથે જ જાનકીજી કોઈ પણ વિચાર કર્યા વગર તેનું વરણ કરશે.**

तमकि ताकि तकि शिवधनु धरहीं
उठई न को हि भांति बलु करहीं ।

બધા જ રાજાઓ શિવજીના ધનુષ્ય તાકીને જુએ છે અને પછી લક્ષ્ય પર દૃષ્ટિ જમાવીને તેને પકડે છે, અત્યંત જોર લગાવે છે, પણ તે તેમનાથી ઊંચકાતું જ નથી. જે રાજાઓના મનમાં કંઈક વિવેક છે તે ધનુષ્યની પાસે જ જતા નથી. સર્વે **રાજાઓ ઉપહાસને યોગ્ય થઈ ગયા. સર્વે ધનુષ્યના હાથે પરાણે હારીને ચાલ્યા ગયા.**

**(વધુ આવતા અંકેઃ શ્રી રામજીનો ધનુષ્ય ભંગ)** ■

# ધર્મ સૃષ્ટિ



**મહેન્દ્ર પટેલ**
લેખક-સંપાદક લિંકન ફાર્માસિસ્ટના માલિક છે.





# નવી વિચારધારા





વિશ્વના તમામ ધર્મો પોતાનાં વિશિષ્ટ પ્રતીકો અને મંદિરોથી શોભી રહ્યાં છે. હિન્દુ ધર્મ - વિવિધ દેવી-દેવતાનાં મંદિર, જૈન ધર્મ - ઉપાશ્રય, દેરાસર, શીખ ધર્મ - ગુરુદ્વારા, મુસ્લિમ - ઈસ્લામ ધર્મ - મસ્જિદ, તો ખ્રિસ્તી ધર્મ - ચર્ચ દ્વારા શોભાયમાન છે.

વાત છે મારા પ્રવાસની.

યુરોપના પ્રવાસે જવાનું બન્યું. ત્યાંનાં વિવિધ સ્થળોની મુલાકાત માટે લોકલ ગાઇડની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. યુરોપના પ્રવાસ-પર્યટનમાં જોયું કે રોમમાં ૭૫૦ જેટલાં ચર્ચ છે. દરેક ચર્ચની વિવિધતા નોખી, આકર્ષક અને ચિત્તાકર્ષક બની રહી છે. રોમન ઈતિહાસ ઘણાં વર્ષ જૂનો નજરે ચઢ્યો. અમુક સ્થળોની, ઐતિહાસિક મુલાકાત લેતાં જોવા-જાણવા મળ્યું. રોમન સામ્રાજ્ય આયરલૅન્ડ (ઈંગ્લૅન્ડની બાજુમાં)થી ઈજિપ્ત સુધી એક રાજ્ય હતું, જેના પરિણામે તત્કાલીન સમ્રાટોના ૨૦૦૦ વર્ષ જૂનાં ખંડેરો ભૂતકાલીન સાક્ષીરૂપે જોવા મળ્યાં. **તેમાંય કેટલાંક ચર્ચ તો વર્ષો જૂનાં હોવા છતાંય આજે સારી સ્થિતિમાં છે. તેનું કારણ ક્રમબદ્ધ રીતે બદલાતી રાજકીય સ્થિતિએ નવા રંગ-રૂપથી અકબંધ રાખ્યાં છે.**

ગાઇડ દ્વારા ત્યાંનો સમગ્ર ઈતિહાસ સમજાવવામાં આવી રહ્યો હતો. ઈતિહાસ સાંભળતા અનુભવ્યું કે એક જમાનામાં સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક, વિચાર, મનન, ચિંતન, સૈન્ય, હાર, જીત, સાહિત્ય, ઊથલ-પાથલ, કલાજગત કે અન્ય વહીવટી બાબતે ચર્ચ કેન્દ્રસ્થાને રહ્યું છે. **ચર્ચનું મુખ્ય કાર્ય સમાજને સાથે રાખવા માટેનું રહ્યું છે.**

> **ધાર્મિક સ્થળો - મંદિર, મસ્જિદ, ચર્ચ, દેરાસર, ગુરુદ્વારા વગેરે એવા ધર્મનાં પ્રતીકો છે, જેઓ દ્વારા સંસ્કૃતિનું જતન થાય છે અને ભાવિ પેઢીને વારસો આપવાનું કામ તેઓ કરે છે**

રોમના ઈતિહાસની સાથે અને ચર્ચના મૂલ્યવાન પ્રદાનની સામે સ્વામિનારાયણ સંપ્રદાયની તુલના આંખે વળગે એવી છે. મંદિર-બાંધણી, કલાકૃતિઓ અને સમાજ માટેના આદાન-પ્રદાનની વિશિષ્ટતાઓ માનસપટ ઉપર ઝળકવા લાગી. **સ્વામિનારાયણ સંપ્રદાય ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મના વિચારોને જતનપૂર્વક પ્રજામાં ફેલાવવાનું કાર્ય કરી રહ્યો છે.**

મંદિરમાં વિવિધ સમયની આરતી, સમૈયા-ઉત્સવો, સત્સંગ-કથા, સંતો દ્વારા વેદ-પુરાણ, રામાયણ, મહાભારત, વિદુરનીતિ વિષયક પ્રવચનો વગેરે અદ્ભુત રીતે રસપૂર્વકનાં દૃષ્ટાંતોથી માનવ-મહેરામણને લાભાન્વિત કરે છે.

આ સંપ્રદાયે પોતાના સાધુ-સંતો-પાર્ષદો કે હરિભક્તો માટેની તાલીમ શાળા-કૉલેજ પ્રારંભી છે. જેના ફળસ્વરૂપે સમાજને સંસ્કૃતિના વારસાનું જ્ઞાન મળી રહે. **હકારાત્મક વિચારજ્ઞાનથી જીવનશૈલી બદલાય ને આદર્શ સમાજની રચના થાય તેવા હેતુઓ સિદ્ધ થતા દેખાય છે.**

આજે સ્વામિનારાયણ સંપ્રદાયની ખિલવણી અને કાર્યશૈલી, સમાજ માટેનું ધ્યાનબિંદુ બની રહેલ છે. **સમાજના તમામ ક્ષેત્રના વર્ગો તેનાથી આકર્ષાયા છે અને ઉત્તરોત્તર પ્રગતિ સાધી રહ્યા છે.**

ટૂંકમાં, ધાર્મિક સ્થળો - મંદિર, મસ્જિદ, ચર્ચ, દેરાસર, ગુરુદ્વારા વગેરે એવા ધર્મનાં પ્રતીકો છે, જેઓ દ્વારા સંસ્કૃતિનું જતન થાય છે અને ભાવિ પેઢીને વારસો આપવાનું કામ તેઓ કરે છે. આજે ઈન્ટરનેટના યુગમાં ધર્મસ્થાનો માત્ર ધર્મધ્યાનનું કેન્દ્ર ન બને, પરંતુ **સંસ્કૃતિ માટે સમગ્રતયા નવી વિચારધારા ઊભી કરી વિશ્વ કલ્યાણમયી બને એવી અપેક્ષા સેવીએ.** ■

કનૈયાલાલ રાવલ
(લેખક જાણીતા કોલમિસ્ટ છે)

# ધર્મ આડંબર નહીં, આચરણ છે

માનવ જીવનના ભાષ્યકાર મહર્ષિ વેદવ્યાસે ધર્મ વિશે ગહન ચિંતન કરી જગત સામે એક સત્ય એ રજૂ કર્યું છે કે એક ધર્મને બીજા ધર્મથી શ્રેષ્ઠ હોવાનું જણાવવું, બીજા ધર્મોના દોષો શોધી કાઢવા, બીજા ધર્મના માણસોને અપમાનિત કરવા, તેમને કનડવા - આ સઘળું અધર્મ છે. અહીં બધા ધર્મો સત્ય, પ્રેમ, દયા અને અહિંસાને આદર્શ માને છે ત્યારે એક ધર્મનો માણસ, બીજા ધર્મના માણસ સાથે અસહિષ્ણુતા દાખવે, દ્વેષ કેળવે તો તે સત્ય નથી, પ્રેમ નથી, કરુણા નથી. **સર્વ ધર્મો પ્રત્યે આદર અને સમભાવ રાખવો એ જ ધર્મ શબ્દને ચરિતાર્થ કરે છે.**

સામાન્ય રીતે ધર્મ એટલે કર્તવ્ય કે ફરજ. ધર્મ એટલે પુણ્યદાન. ધર્મ એટલે ગુણ, સ્વભાવ અને લક્ષણ. આપણા ચિંતકોએ ધર્મ વિશે ખૂબ ગહન ચિંતન કરીને ધર્મનો સાચો અર્થ જણાવ્યો છે. એ મુજબ ધર્મમાં અભય, સત્ય, અહિંસા, પરોપકાર જેવા દૈવી ગુણોનો સમન્વય થયેલો છે. આવા ગુણોને આત્મસાત કરી યથોચિત જીવન વ્યવહાર કરવો એનું નામ છે ધર્માચરણ. **સંસારમાં રહી મનુષ્ય પોતાનાં કર્તવ્યો સત્ય, અહિંસા, પ્રેમ અને દયા દાખવીને કરે તે ધર્મનું આચરણ છે.**

પ્રવર્તમાન સમયમાં યુવા પેઢી વેદ ન સમજે તો કોઈ વાંધો નથી, પરંતુ અન્યની વેદના સમજે એ ધર્મ છે. કરુણા સમજે એ ધર્મ છે. કોઈને દુઃખી ન કરવામાં આવે એ ધર્મ છે. જ્યાં સેવાની ગંગા વહેતી હોય એ ધર્મ છે. સમાજના ઉપેક્ષિત માણસોને સન્માન આપવામાં આવે તે ધર્મ છે. દીન-દુઃખિયાની પ્રેમથી સેવા થાય તે ધર્મ છે. આજે શાસ્ત્રના ધર્મ કરતાં માનવધર્મ સમજવો જરૂરી છે. કારણ કે ધર્મ જીવન સાથે જોડાયેલો છે. જેમ પુષ્પમાં રહેલી સુગંધ, તલમાં રહેલું તેલ, દૂધમાં રહેલું ઘી અને શેરડીમાં રહેલો ગોળ શોધવાથી નહીં, પરંતુ સમજવાથી દેખાય છે તે પ્રકારે ધર્મ આપણા યોગ્ય આચરણ સાથે જોડાયેલો છે. શીલ ટકશે તો ધર્મ ટકશે. **ધર્મ કોઈને બંધનમાં નાખતો નથી, ડરાવતો નથી કે કોઈને નુકસાન કરતો નથી. ધર્મ સ્વયં પરમાત્માનું સ્વરૂપ છે.**

> **જેમ પુષ્પમાં રહેલી સુગંધ, તલમાં રહેલું તેલ, દૂધમાં રહેલું ઘી અને શેરડીમાં રહેલો ગોળ શોધવાથી નહીં, પરંતુ સમજવાથી દેખાય છે તે પ્રકારે ધર્મ આપણા યોગ્ય આચરણ સાથે જોડાયેલો છે**

ધર્મ મનુષ્યને કર્તવ્યોન્મુખ બનાવે છે. ધર્મની રક્ષાનો અર્થ છે - તેને સાચી રીતે જીવનમાં ઉતારવો, ચિંતન યોગ્ય બનાવી તેને ઉદાત્ત બનાવવો. જો વિજ્ઞાન સંમત પ્રગતિશીલ ચિંતન પર આધારિત ધર્મ-ધારણને જીવનનું અંગ બનાવવામાં આવે તો આજના સમાજમાં ફેલાયેલી વિષમતા દૂર થઈ જાય.

ઉપનિષદોમાં કહ્યું છે કે ધર્મ એ છે જે વિશ્વને ધારણ કરે છે. આ પ્રમાણે મનુષ્યત્વને ઉજાળે એવા માનવગુણો પ્રમાણે આચરણ એ જ ધર્મનું પાલન છે. એ જ ધર્મનું રક્ષણ છે. આ રીતે ધર્મ દ્વારા રક્ષણ એ જ ધર્મનું રહસ્ય છે. ધર્મ આડંબર નહીં, આચરણ છે.

આપણે ધર્મ આપણા હૃદયમાં એક શ્રદ્ધાબળ તરીકે જીવંત રહેવો જોઈએ. ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સમભાવ તેમજ એ બંને તત્ત્વોની દોરવણી નીચે ઘડાતો જીવનવ્યવહાર. એ મુજબ બીજાઓનું ભલું કરવું એ ધર્મ છે. ધિક્કાર કરવો એ અધર્મ છે, શંકા રાખવી એ પાપ છે,ઐક્યનું જ્ઞાન ધર્મ છે. ભિન્નતા એ પાપ છે. ટૂંકમાં, ધર્મ, ઈશ્વર અને અધ્યાત્મભાવ આ સૌને આપણા અંતઃકરણમાં સૂક્ષ્મરૂપે અનુભવવાના છે. એ જ આપણી અંતરયાત્રા. ■





**કૃષ્ણકાંત ઉનડકટ,**
લેખક જાણીતા પત્રકાર, કટાર લેખક અને સમાજ ચિંતક છે.

# ભગવાનથી ડરતા હો તો તમે ધાર્મિક નથી



**જ્યાં** બધું જ પૂર્ણ થાય છે ત્યાંથી પરમેશ્વરનો પ્રારંભ થાય છે. તેનું સૌથી મોટું ઉદાહરણ એ છે કે માણસને જ્યારે કોઈ જ દિશા સૂઝતી નથી ત્યારે તે ઈશ્વરને શરણે જાય છે. છેલ્લે **માનવી બોલી ઊઠે છે કે- બસ, હવે તો એકમાત્ર તારો જ સહારો છે.**

ડૉક્ટરને દર્દીઓના ભગવાન કહેવાય છે. વિશ્વના એક શ્રેષ્ઠ ગણાતા ડૉક્ટરે કહેલી આ વાત વાત છે. એક દર્દી ખૂબ જ બીમાર હતો. ડૉક્ટરે તેના તમામ પ્રયત્નો કરી જોયા. દર્દી બચે તેવું લાગતું નહોતું. ડૉક્ટરે દર્દીના સ્વજનો પાસે આવીને કહ્યું કે, **'હવે તેને દવા કરતાં દુઆની વધુ જરૂર છે.'**

દર્દીના એક સ્વજને આવીને કહ્યું કે, 'ડૉક્ટર, તમે તો દર્દીના ભગવાન જેવા છો.' ડૉક્ટરે કહ્યું કે, 'સાચી વાત છે. લોકો મને ભગવાન જેવો સમજે છે, પણ હું ભગવાન નથી. છતાં તમે મને ભગવાન ગણતા હો તો **હું તમને એક વાત કરું કે અમારા પણ એક ભગવાન છે અને એ છે પરમાત્મા.'**

સારવાર બાદ એ દર્દી બચી ગયો. દર્દીને

> **તમે ધર્મનો નહીં, પણ ડરનો પ્રસાર કરો છો, જેનાથી તમે ડરો તેને તમે ક્યારેય પ્રેમ કરી શકતા નથી, ભગવાન તો પ્રેમ કરવા માટે છે, ડરવા માટે નહીં.**

રજા આપતી વખતે ડૉક્ટર પાછા દર્દીના સ્વજનો પાસે આવ્યા. ડૉક્ટરે કહ્યું કે, 'આ એક ચમત્કાર છે, પણ એ મેં નથી કર્યો. આવો ચમત્કાર તો ઓલમાઈટી જ કરી શકે. છેલ્લું ઑપરેશન કરતી વખતે મેં ગૉડને પ્રેયર કરેલી કે - મેઇક સમ મિરેકલ. કંઈક ચમત્કાર કર. મારી જેમ તમારામાંથી પણ કોઈએ પ્રાર્થના કરી હશે. **ખબર નહીં, કોની પ્રાર્થના ઈશ્વર સુધી પહોંચી ગઈ.'**

ઈશ્વર છે કે નહીં તેની કોઈને ખબર નથી. નાસ્તિકો ઈશ્વરના અસ્તિત્વને સ્વીકારતા નથી. તેને **મન તો સમગ્ર સૃષ્ટિ મશીનની જેમ જ ચાલે છે.**

એક નાસ્તિક એક સંત પાસે ગયો. તેની દલીલ હતી કે- ભગવાન છે જ નહીં. આ બધું તો એક મશીનની જેમ ચાલે છે. સવાર પડે છે, રાત પડે છે, ઋતુઓ બદલાય છે, વરસાદ પડે છે, ઠંડી વાય છે... **આ બધું જ યંત્રવત્ ચાલે છે.**

સંતે કહ્યું, 'તારી વાત સાચી છે. બધું મશીનની જેમ જ ચાલે છે.' સંત તેના રૂમમાંથી એક મશીન લાવ્યા. નાસ્તિક પાસે મશીન મૂકીને કહ્યું, 'આ મશીન છે તેને તું ચાલુ કર.' નાસ્તિકે બટન દબાવ્યું. મશીન ચાલુ થઈ ગયું. **નાસ્તિકે હસીને કહ્યું, 'બધું આ મશીનની જેમ જ ચાલે છે.'**

સંત પણ હસી પડ્યા. તેણે કહ્યું, 'આખી સૃષ્ટિ મશીનની જેમ જ ચાલે છે, પણ આ મશીનનું બટન કોણ દબાવે છે? કંઈક તો એવું તત્ત્વ છે, જે આ મશીન પર આંગળી મૂકીને બેઠું છે. **મશીન પણ એવું છે કે કોઈ દિવસ ખોટકાય જ નહીં. સતત ચાલતું જ રહે.'**

એક સંત એક વખત મંદિરમાં ગયા. મંદિર સાવ ખાલી હતું. સંતે પૂજારીને પૂછ્યું કે, 'કેમ મંદિર સાવ ખાલી છે?' પૂજારીએ કહ્યું કે, 'લોકોની સંખ્યા દિવસે દિવસે ઘટતી જાય છે. **હવે લોકોને ભગવાનો ડર જ ક્યાં રહ્યો છે...'**

સંતે કહ્યું, 'ભગવાનનો ડર? ભગવાનનો વળી કેવો ડર? દુનિયાથી ડરીને તો લોકો ભગવાન પાસે જાય છે. ભગવાનથી ડરવાનું તો કોઈ કારણ જ નથી. તમારા મંદિરમાં કોઈ આવતું નથી તેનું કારણ એ નથી કે લોકોને હવે ભગવાનનો ડર નથી. **તેનું કારણ છે કે તમે ધર્મનો નહીં, પણ ડરનો પ્રસાર કરો છો,** જેનાથી તમે ડરો તેને તમે ક્યારેય પ્રેમ કરી શકતા નથી. **ભગવાન તો પ્રેમ કરવા માટે છે, ડરવા માટે નહીં.'**

દુનિયામાં જો સૌથી ખોટો કોઈ ડર હોય તો તે ભગવાનનો ડર છે. ભગવાનથી ડરવાની નહીં, ભગવાનમાં શ્રદ્ધા રાખવાની જરૂર છે. **સાચો આસ્તિક એ છે જે પ્રભુને પ્રેમ કરે છે, જે પ્રભુમાં શ્રદ્ધા રાખે છે અને જે પ્રભુના પગલે ચાલે છે.** ■

# ધી મહેસાણા અર્બન કો-ઓપ. બેન્ક લિ. મહેસાણા

હેડ ઓફિસ : કોર્પોરેટ બિલ્ડીંગ, હાઇવે, મહેસાણા-૨. ફોન : ૦૨૭૬૨- ૨૫૭૨૩૩,૨૫૭૨૩૪ (મલ્ટીસ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)
Website : www.mucbank.com, Email : info@mucbank.com

## સને ૨૦૨૧-૨૨ ના આકર્ષક પરિણામો

**બેન્કના માનવંતા સભાસદો, ગ્રાહકો, ડીપોઝીટર્સના અતુટ વિશ્વાસ અને સહકારથી આપણી બેન્કની પ્રગતિમાં આગેકુચ બદલ... અભિનંદન**

**જ્વલંત સિધ્ધિ ચોખ્ખો નફો રૂા.૧૧૦/- કરોડને પાર...**

રકમ રૂા. કરોડમાં

| વિગત | તા. ૩૧/૦૩/૨૦૨૧ (ઓડીટેડ) | તા. ૩૧/૦૩/૨૦૨૨ (અન ઓડીટેડ) | વર્ષ દરમ્યાન વધારો રકમમાં | વધારો ટકાવારીમાં |
|---|---|---|---|---|
| કુલ ડીપોઝીટ | ૬૬૧૪.૫૫ | ૭૨૩૧.૬૮ | ૬૧૭.૧૩ | ૯.૩૩% |
| ધિરાણ | ૪૬૦૬.૯૯ | ૫૧૪૨.૦૦ | ૫૩૫.૦૧ | ૧૧.૬૧% |
| ગ્રોસ નફો | ૨૦૭.૭૪ | ૨૪૩.૬૮ | ૩૫.૯૪ | ૧૭.૩૦% |
| નેટ પ્રોફીટ | ૮૬.૭૮ | ૧૧૦.૨૫ | ૨૩.૪૭ | ૨૭.૦૫% |
| રોકડ તેમજ અન્ય બેન્કમાં બેલેન્સ તેમજ RBI બેલેન્સ | ૪૪૩.૨૪ | ૫૭૪.૫૮ | ૧૩૧.૩૪ | ૨૯.૬૩% |
| ગર્વમેન્ટ સિક્યોરીટી તેમજ અન્ય રોકાણો | ૨૪૫૧.૧૩ | ૨૫૯૦.૮૭ | ૧૩૯.૭૪ | ૫.૭૦% |
| શેર મુડી | ૩૧૦.૪૮ | ૩૪૧.૬૭ | ૩૧.૧૯ | ૧૦.૦૪% |
| રીઝર્વ તેમજ અન્ય ભંડોળ | ૫૫૧.૯૬ | ૭૨૧.૦૦ | ૧૬૯.૦૪ | ૩૦.૬૩% |
| ઇન્કમટેક્ષ જોગવાઇ | ૩૮.૪૦ | ૪૬.૫૦ | ૮.૧૦ | ૨૧.૦૯% |
| શાખાઓ | ૫૮ | ૫૮ | - | - |

- આપની થાપણો ડી.આઇ.સી.જી.સી. દ્વારા રૂા.૫/- લાખ સુધી સુરક્ષિત છે.
- બેન્ક દ્વારા તેના સભાસદો તેમજ સેવિંગ્સ/કરંટ ખાતેદારોને અકસ્માત વિમો રૂા.૫/- લાખ સુધીનો લીધેલ છે કોઇપણ જાતના પ્રિમીયમ લીધા સિવાય.
- જે ખાતેદારો, સભાસદોના KYC બાકી હોય તે જે તે શાખામાં અપડેટ કરાવવા વિનંતી.
- લોકર્સ ધરાવનાર વ્યક્તિએ, વર્ષમાં એક વખત લોકર ઓપરેટ કરવું જરૂરી છે.
- ડીપોઝીટ લોકર્સ ખાતેદારના વારસદારની નિમણુંક બાકી હોય તે કરાવી જવા વિનંતી.

**બેન્કનું નેટ NPA "0" (Zero)**

**શ્રી જી. કે. પટેલ**
ચેરમેન

**શ્રી કે. કે. પટેલ**
વાઇસ ચેરમેન

**શ્રી વિનોદકુમાર એમ. પટેલ**
ચીફ એક્ઝીક્યુટીવ

**બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ**

શ્રી ચંદુભાઇ આઈ. પટેલ (સ્થાપક ચેરમેન)
શ્રી કાનજીભાઈ એસ. પટેલ
શ્રી ભાઈલાલભાઈ એમ. પટેલ
શ્રીમતી કોકીલાબેન એન. પટેલ

શ્રી ખોડાભાઈ એન. પટેલ (સ્થાપક મેને.ડીરેક્ટર)
શ્રી નરોત્તમભાઇ એસ.પટેલ
શ્રી કીરીટકુમાર બી. પટેલ
શ્રીમતી દીપીકાબેન આર. પટેલ

શ્રી ડૉ. અનિલભાઇ ડી. પટેલ
શ્રી બાબુભાઇ એ. પટેલ
શ્રી ઘનશ્યામભાઇ કે. પટેલ
શ્રી સોમાભાઇ બી. પટેલ (પ્રો.ડીરેક્ટર)

શ્રી અશોક કુમાર (એડીશનલ ડાયરેક્ટર)
શ્રી જીતેન્દ્રભાઇ પી.પટેલ
શ્રી અમૃતલાલ જી.પટેલ
શ્રી લક્ષ્મણભાઇ એસ. વણકર
શ્રી અલ્કેશભાઇ બી. પટેલ (C.A.પ્રો.ડીરેક્ટર)

તેમજ સમગ્ર અર્બન બેન્ક પરિવાર...

**ઉત્તમ, ઝડપી, વિનયી ગ્રાહક સેવા એજ અમારો ધ્યેય**



ડૉ. અશોક પટેલ
લેખક વિદ્વાન પ્રોફેસર, કેળવણીકાર અને કોલમિસ્ટ છે

# વાલીને મોબાઇલ ફોનની ટેવ નહીં હોય તો બાળકને પણ નહીં પડે

**બાળકોની પરીક્ષા નજીક આવે ત્યારે વાલીઓ બાળકને ટી.વી. જોવાની ના પાડે છે, પણ વાલી પોતે ટી.વી. જોતાં હોય છે. હકીકતમાં પોતે બાળક પાસે જે અપેક્ષા રાખે છે તે બાબત પોતે છોડતા જ નથી. દરેક વાલી વાંક બાળકનો જ કાઢે છે.**

ટ્રેનના ડબામાં ઘણા મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા. તેમાં એક મમ્મી અને તેનું બાળક બંને પુસ્તકો વાંચી રહ્યાં હતાં. આસપાસ બેઠેલાં અન્ય બાળકો આજની વાસ્તવિક પરિસ્થિતિ મુજબ મોબાઈલ ફોનમાં મશગૂલ હતાં. એક બાળકના વાલીએ પેલી મમ્મીને પૂછ્યું, 'આજકાલનાં નાની-મોટી ઉંમરનાં બાળકોને મોબાઈલ ફોન વગર ચાલતું નથી ત્યારે **તમારું બાળક મોબાઈલ ફોન રમતું નથી, પણ પુસ્તક વાંચે છે. તમે એવું તો તેને શું કહો છો કે એ તમારું સાંભળે છે?'**

પેલી મમ્મીએ હસતાં હસતાં જવાબ આપ્યો, **'ભાઈ, બાળકો આપણું સાંભળતા નથી, પણ જોઈને આપણી નકલ ચોક્કસ કરે છે.'**

ઉપરોક્ત ઉદાહરણ આજના સૌ વાલી માટે પ્રેરણારૂપ છે. આજે મોટા ભાગનાં ઘરમાં જોઈશું તો એક વર્ષની ઉંમરના બાળકથી માંડીને ૬૦ વર્ષના વૃદ્ધને પણ મોબાઈલ ફોનની લત લાગેલી જોવા મળે છે. એકથી ચાર વર્ષના બાળકને હાથમાં મોબાઈલ ફોન આપો તો જ ખાવા બેસે, તો જ તમારું કહેવું કેટલાક અંશે કરશે. કોઈ મહેમાન આવ્યા હોય કે કોઈને ત્યાં મહેમાન બનીને ગયા હો ત્યારે બાળકને શાંત રાખવા માટે મોટા ભાગના વાલી પોતાના બાળકના હાથમાં મોબાઈલ ફોન પકડાવી દેશે. આ બાળકને દિવસે ને દિવસે મોબાઈલ ફોન સાથેની લત પડતી જશે. આજનાં નાનાં બાળકોને રમકડાં રમવા કરતાં મોબાઈલ ફોન રમવો વધુ પસંદ છે. શા માટે? એવો વિચાર કરશો તો જવાબ અવશ્ય મળશે, પણ પોતાની માન્યતા, પોતાની બુદ્ધિ અને પોતાની આવડત કે હોંશિયારીમાંથી બહાર નહીં આવવા માગતા **વાલીને વિચાર કરવાનો વિચાર જ આવતો નથી અને પછી ફરિયાદ કરશે કે અમારું સાંભળતાં જ નથી...**



મોબાઈલની લત કે કુટેવ માત્ર બાળકોને છે એવું નથી. આજના યુવાનો કે વડીલો સૌને છે. આજની વાસ્તવિકતા એ છે કે મહેમાન બનીને આવનારને કે યજમાનને મહેમાન કરતાં મોબાઈલ કે ટી.વી.માં વધુ રસ હોય છે. આવા સમયે પેલું બાળક એકલું શું કરે? વાલીઓ પોતાના રસ મુજબની ચર્ચા કરે કે પ્રવૃત્તિ કરે, ત્યારે બાળકના રસ મુજબની મોબાઈલ સિવાયની કોઈ પ્રવૃત્તિ આજના વાલી પાસે છે? એ નથી, એટલે બાળકના હાથમાં મોબાઈલ ધરી દેવાનો. પછી બાળકને ટેવ પડે પછી તેને છોડાવવાનો પ્રયત્ન કરવાનો! **વાહ, પહેલાં ઉપયોગ કરતા શીખવવાનું, પછી રોકવાનું. તમે જ તમારા બાળકનો ઉપયોગ એક રમકડા તરીકે જ કરો છો.**

બાળકોની પરીક્ષા નજીક આવે ત્યારે વાલીઓ બાળકને ટી.વી. જોવાની ના પાડે છે, પણ વાલી પોતે ટી.વી. જોતાં હોય છે. હકીકતમાં પોતે બાળક પાસે જે અપેક્ષા રાખે છે તે બાબત પોતે છોડતા જ નથી. દરેક વાલી વાંક બાળકનો જ કાઢે છે. હકીકતમાં દરેક વાલી બાળક પાસે જે અપેક્ષા રાખે છે તે પ્રમાણેનું વર્તન કરી બતાવશે તો પરિણામ સારું મળશે. જો તમે બાળકનું સાંભળશો તો બાળક તમારું સાંભળશે. **નક્કી વાલીએ કરવાનું છે કે તે બાળક પાસે શું ઇચ્છે છે અને તે માટે વાલીએ શું કરવું જોઈએ અને શું ના કરવું જોઈએ.**

દરેક વાલી જરૂરિયાત પૂરતો જ મોબાઈલનો ઉપયોગ કરશે તો ગેરંટી છે કે બાળકોને મોબાઈલની ટેવ નહીં પડે. બાળકને સંતોષ આપવા અને વિકાસ કરવા રમકડાં, પ્રવૃત્તિનાં પુસ્તકો કે અન્ય રમતોનો ઉપયોગ સાથે બેસીને કરો. ટી.વી. જોવા માટેના કાર્યક્રમ નક્કી કરો. તેટલો સમય ટી.વી. જોવા દો. વીડિયોગેમથી દૂર રાખો. તેનો સામાજિક અને સર્વાંગી વિકાસ થશે. બાળકમાં બદલાવ લાવવા વાલીએ પોતાનામાં પહેલાં બદલાવ લાવવો પડશે. ■



**ડૉ. ચંદ્રકાંત મહેતા**
લેખક જાણીતા શિક્ષણવિદ, સાહિત્યકાર, કૉલમિસ્ટ અને પદ્મશ્રી એવોર્ડથી પુરસ્કૃત છે.

# સદ્‌વર્તન એટલે સંસ્કાર દર્પણ

**ઉદ્ધતાઈ અને નફ્ફટાઈના કીચડે જ આપણી ધરતીને સ્વર્ગીય સુખોથી વંચિત બનાવી છે, એ સરળ વાત લોકોને કેમ સમજાતી નથી! વિનયહીન, વિવેકશૂન્ય, કજિયાખોર અને કામચોર નિવાસીઓની પ્રતીક્ષા આપણી ધરતીએ ક્યારેય કરી નથી અને ક્યારેય કરવાની પણ નથી**

વિશ્વ વિજયના મદમાં ડોલતા સિકંદરે રાજા પોરસને કહ્યું : 'દુનિયાનો કણેકણ સિકંદરનું નામ પડતાં ધ્રૂજી ઊઠે છે. મારી હાક થતાં પ્રલયના પૂરની જેમ મારી પ્રચંડ સેના ચોમેર હત્યાકાંડ સર્જી શકે છે. મારા તેજ આગળ સૂર્યનું તેજ અને મારી ધવલ કીર્તિના ઉજાશ આગળ ચંદ્રની ચાંદની પણ ફીકી પડી જાય છે. **બોલો, તમારી સાથે કેવો વ્યવહાર કરું? ક્રૂર કે કરુણાપૂર્ણ?'**

પોરસ રાજાએ સ્મિત રેલાવતાં કહ્યું : 'હું નથી ક્રૂરતાથી ગભરાતો કે નથી કરુણાની યાચના કરતો. **હું તો માત્ર એટલું જ કહું છું કે મારી સાથે એવું વર્તન કરો, જે એક રાજા બીજા રાજા સાથે કરી શકે!'**

સિકંદર પોરસ સામે તાકી જ રહ્યો. એણે ફરીથી પૂછ્યું : **'આવી સાંકેતિક વાણીનું કાંઈ રહસ્ય ખરું?'**

પોરસે ગર્વભેર કહ્યું : 'હા, ઘણું બધું. કોઈ પણ વ્યક્તિ એટલી બધી પ્રગતિ કરે કે ધ્રુવતારકને પણ ટપી જાય અથવા અખિલ વિશ્વ ઉપર પોતાની આણ વર્તાવી શકે, પરંતુ તેની તાકાતનું ખરું માપ તો તેની આંતરિક યોગ્યતા ઉપરથી જ આંકી શકાય, કારણ કે **અંતઃકરણ જ મનુષ્યની યોગ્યતાની પારાશીશી છે.' અને સિકંદરે પોરસ સામે મૈત્રીનો હાથ લંબાવ્યો.**



અમરત્વની પ્રાપ્તિ માટે સ્મારકો, મકબરાઓ, કીર્તિસ્તંભો કે પિરામીડો ઊભાં કરવાની જરૂર નથી, કારણ કે ઈમારતો કે પ્રતીકો તો કાળગ્રસ્ત છે. અમર છે સદ્‌ગુણોની અડીખમ ઈમારતો, જેને લોકકવિઓએ 'કીર્તિકેરાં કોટડાં પાડ્યાં નવ પડંત' કહીને બિરદાવી છે. **જેઓ શ્રેષ્ઠ મનોવૃત્તિ સેવે છે, શ્રેષ્ઠ કાર્યો દ્વારા વ્યક્તિત્વનાં ઓજસ પાથરે છે, તેમને કાળનો ડર હોતો નથી.**

નર અને નારીના આત્માનું પ્રથમ આભૂષણ એટલે સંસ્કાર સંપન્ન અંતઃકરણ. **'સુવર્ણના કંદોરાથી શોભતા શરીર કરતાં સદ્‌વર્તનથી ઓપતું વ્યક્તિત્વ વધુ સારું' એવી લોકોક્તિ છે.**

સદ્‌વર્તન એ ઉત્કર્ષની સીડી છે, કારણ કે સદ્‌વર્તનનો ચેક વટાવી **અકિંચન માણસ વાંછિત ધન, કીર્તિ, પદ, પ્રતિષ્ઠા મેળવી શકે છે.**

દેશનો ભૌતિક ઉત્કર્ષ ભલે વિપુલ ઉદ્યોગો, ભવ્ય ઈમારતો કે સુંદર બાગ-બગીચાઓ પર અવલંબિત હોય, પરંતુ **નૈતિક ઉત્કર્ષ તો અવલંબે છે સદ્‌વ્યવહારની સુવાસથી મહેકતા નાગરિકો પર...**

ઉદ્ધતાઈ અને નફ્ફટાઈના કીચડે જ આપણી ધરતીને સ્વર્ગીય સુખોથી વંચિત બનાવી છે, એ સરળ વાત લોકોને કેમ સમજાતી નથી! વિનયહીન, વિવેકશૂન્ય, કજિયાખોર અને **કામચોર નિવાસીઓની પ્રતીક્ષા આપણી ધરતીએ ક્યારેય કરી નથી અને ક્યારેય કરવાની પણ નથી.**

એથી જ સૌએ એક વાત યાદ રાખવી પડે છે કે જેમ આપણને અવિવેકી વાણીનું ઉચ્ચારણ કરવાનો હક નથી, કોઈને પછાડવાનો હક નથી, તેમ કોઈના પ્રત્યે તોછડાઈથી વર્તવાનો પણ આપણને અધિકાર નથી. સદ્‌વર્તનના પરિપાલનની શરતે જ આપણને માનવત્વ પ્રદાન કરવામાં આવ્યું છે. **એનું પરિપાલન કરે તે કૃતજ્ઞ, બાકી બધા જ ઈશ્વર પ્રત્યે કૃતઘ્ન!** ■

- અનુ. મહેશ દવે
(લાઇન ગેરાર્ડ)

# પુત્રનો પત્ર - પિતાને સરનામે



વહાલા પપ્પા,
મારો જન્મ થયો
તે દિવસથી
**તમે મારી પડખે ઊભા રહ્યા છો**

સાવ નાનો હતો
ત્યારે અનુભવી છે
તમારી હૂંફની ઉષ્મા
માણી છે તમારા હેતથી શીતળતા
**અને જોયો છે તમારો દૃઢ કઠોર કડપ.**

કેટકેટલું કર્યું છે તમે
મારી કુશળતા અને કૌશલ માટે
મારા યોગક્ષેમ માટે.

તમે હો સમીપ
ત્યારે હંમેશ અનુભવી છે
મેં સલામતી.

આસાન બની રહ્યું
જીવન મારા માટે.

તમે આપતા રહ્યા બધું જ
સંભાળતા રહ્યા મને
નાનકડી મારી જિંદગીની પગદંડી પર
ચાલતો રહ્યો મોજથી હું
કદી જાણ્યું નહીં, કદી સમજ્યો નહીં
**કેવી અટપટી ને ખટપટી હતી**
**તમારી જિંદગી.**

ઘણીયે વાર કરી છે આપણે
દલીલો સામસામી
મને ચોક્કસ લાગેલું
તમે ઊભા છો
મારા સુખના મારગની આડે
મારા પોતાના મતથી આગળ
ગઈ નહોતી દૃષ્ટિ મારી
**કે જેથી સમજી શકું તમને.**

ક્યારેક જ નિહાળ્યા છે તમને
નબળા પડતા
કે વાંકમાં આવતા.

પળો એવી પણ હતી
જ્યારે જોઈ શક્યો લાગણીઓ
તમારી ગહન ને ઊંડી.

પળો એવી પણ હતી
જ્યારે હતાં તમારી આંખોમાં આંસુ
ને તમને ખબરેય નહોતી
**કે જોઈ રહ્યો છું હું તમારાં આંસુઓ.**

એ ખાસ અંગત ક્ષણો મારી
હતી તક મારે માટે વિકસવાની,
કેમ કે તમારી ભીતર રહેલા
**માનવહૃદયને જોયું મેં ત્યારે.**

હું શીખ્યો, સમજ્યો,
હતા તમે કંઈક વિશેષ 'પપ્પા'કરતાં
હતાં તમારાં પણ સપનાં,
**આશા, આકાંક્ષા ને મહત્ત્વાકાંક્ષા.**

અને હવે
પાકી ગયો છે સમય
તમને જણાવવાનો
કે જોઉં છું હું, જાણું છું હું
સમજું છું બધુંયે.

તમારી આકાંક્ષાઓ
ને સપનાં તમારાં
પૂરાં કરવા માટે
**રહીશ ઊભો**
**મિલાવી ખભેખભો.**

મારા માટે
તમે છો મહામાનવ
ને છો મારા ખાસમ્‌ખાસ
**વહાલા વહાલસોયા પિતાશ્રી**

ચાહું તમને અગાધ.
તમારો સદા. ■



**મનસુખ સલ્લા**
(લેખક જાણીતા કોલમિસ્ટ છે)

# પ્રતિકૂળને અનુકૂળ બનાવવું



પ્રતિકૂળ એટલે ન ગમતું, ન ફાવતું, ન ઇચ્છેલું. એટલે પ્રતિકૂળતાના દરેકના અર્થ અને સમજ અલગ હોય છે. એક વ્યક્તિ સખત ગરમી વચ્ચે પણ નિરાંતમાં હોય. એમ જુએ કે ‘હા, ગરમી છે, બસ...’ બીજી વ્યક્તિ ઘડીક પંખો બંધ થાય તો સહરાના રણમાં હોય એવો આકળવિકળ થઈ જાય. એક વ્યક્તિને અમુક શાક ન ભાવતું હોય તો જેટલું ખવાય એટલું શાંતિથી ખાઈ લે. **બીજી વ્યક્તિ એવા શાકને ધિક્કારે. સામે આવતાં જ રોષથી જલી ઊઠે.**

આપણી ઘણી અનુકૂળતા નાનપણથી પડેલી ટેવો રૂપે હોય છે. મોટપણે એને પોષણ મળ્યું હોય તો એ દઢ બની જાય. વયસ્ક થઈએ ત્યારે એમાં જરા સરખો ફેરફાર અસહ્ય લાગે છે. એક બહેન અગત્યના અધિકારીનાં પત્ની તરીકે જ જીવ્યાં હતાં. બધું તેમના ધાર્યા મુજબ થયું હતું- ભલે એ ખોટું હોય. નિવૃત્તિ પછી તેઓ મહાનગરમાં સ્થિર થયાં. સાત માળના એપાર્ટમેન્ટમાં ચોથા માળે ત્રણ બેડરૂમનો ફ્લૅટ હતો. રાચરચીલું પૂરતું હતું. બધી વાતે સુખ હતું, પરંતુ ઉપરના માળે બાળક લગ્ગી પછાડે, ખુરશી ખસેડે તો પણ અવાજ આવે. તેઓ **તુરંત ઉપરના માળે ફોન કરે, ‘ધ્યાન રાખો, કેટલો અવાજ આવે છે...’ ગેસનો બાટલો ખસેડે તો ઘર ધણધણી ઊઠે.**

**આપણી ઘણી અનુકૂળતા નાનપણથી પડેલી ટેવો રૂપે હોય છે, મોટપણે એને પોષણ મળ્યું હોય તો એ દઢ બની જાય. વયસ્ક થઈએ ત્યારે એમાં જરા સરખો ફેરફાર અસહ્ય લાગે છે**

તેમને એક જ વાતે દુઃખ હતું કે ઉપરના માળેથી કાંઈ ને કાંઈક નાનું-મોટું પછડાયા કરે છે. એથી તેમની ઊંઘ ઉપર અસર થતી. હરતાં-ફરતાં, ઘરે આવેલા મહેમાનોને હરીફરીને તેઓ આ જ વાત કર્યા કરતાં. એપાર્ટમેન્ટની રચના જ એવી હોય છે, **સ્લૅબ એટલો પાતળો હોય છે કે ઉપર કાંઈ પછડાય તો તેનો અવાજ નીચે આવે. વહેલી સવારે કે રાત્રે વધારે સંભળાય.**

ઘર બદલી શકાય તેમ નહોતું. ઉપરના માળવાળાને બદલી શકાય તેમ નહોતા. બાળકોને રમતાં બંધ કરી શકાય તેમ નહોતાં. એક જ શક્યતા હતી કે તેઓ પોતાને બદલે અને આ પરિસ્થિતિને સ્વીકારી લે. કેવળ અવાજ માટે નહીં, દૈનિક તમામ ક્રિયાઓમાં માણસ બાળતો રહે અને પ્રતિકૂળને અનુકૂળ બનાવીને શાંતિથી રહી શકે. **ભાર-ચીડ-અણગમા વિના રહી શકે. જાતને સજા કરવાનું બંધ કરી શકે.** ■

# તમામ મુશ્કેલીઓનો ઉપાય હોય જ છે!



**મુશ્કેલીઓ આવે ત્યારે મુખ્યત્વે બે બાબત બનતી હોય છે, એક તો માણસને કંઈ સૂઝતું નથી હોતું અને તે હિંમત હારી બેસે છે, જ્યારે બીજી બાબત એ છે કે આ જ મુશ્કેલીઓનો સામનો કરીને એમાંથી ઊભા થવાનું બળ મળે છે**

એ સ્વાભાવિક છે કે અપેક્ષાથી વિપરીત કોઈ પણ ઘટના ઘટે તો પણ મન ડામાડોળ થઈ જાય છે. એ સમયે હિંમત કેવી રીતે મેળવવી એ સૌથી મોટો સવાલ બની જાય છે, પણ એમાં આટલું વિચારવાની જરૂર નથી. બસ, એક નાનકડો ઉપાય અજમાવી જુઓ. બહુ દૂર સુધી વિચારવાને બદલે સમયના નાના નાના ભાગ પાડવા લાગો. **એક સમયે એક જ ક્ષણ જીવો. એ ક્ષણે મન ત્યાં જ રહેશે અને તમારો કાલ્પનિક ભય દૂર થઈ જશે.**

**ભયને ભૂલો:** એ વાત સાવ સાચી છે કે જીવનમાં અપાર મુશ્કેલીઓ આવે ત્યારે આપણે માણસો ખૂબ જ ગભરાઈ જઈએ છીએ. ખરેખર તો એ ભયને કારણે જ આપણું મગજ ચાલતું બંધ પડી જાય છે. અરે, આપણી વિચારશક્તિ પણ મંદ થઈ જાય છે. હકીકતમાં એ મુશ્કેલીઓ કરતાં એની કલ્પના જ માણસને વધારે ડરાવે છે. મુશ્કેલીઓ કે સંઘર્ષ કોના જીવનમાં નથી? આપણા સૌનું જીવન જ મુશ્કેલીઓથી ભરેલું છે, કારણ કે **જીવન છે એટલે જ તો મુશ્કેલીઓ છે અને મુશ્કેલીઓ છે એટલે જ તો આ જીવન છે.**

**મહાપુરુષો અને મુશ્કેલી:** ફક્ત આપણી જ વાત નથી, મોટા મોટા મહાપુરુષોના જીવનમાં ડોકિયું કરશો તો સમજાશે કે એમણે જીવનમાં કેટકેટલી મુશ્કેલીઓ વેઠી હતી, કેટલા સંઘર્ષનો સામનો કર્યો હતો... **એ પછી જ તેઓ સફળ બની શક્યા. ઈતિહાસમાં આવાં એક નહીં, ઘણાં બધાં ઉદાહરણો છે.**

**સામનો અને સફળતા:** એ હકીકત છે કે મુશ્કેલીઓ આવે ત્યારે મુખ્યત્વે બે બાબત બનતી હોય છે, એક તો માણસને કંઈ સૂઝતું નથી હોતું અને તે હિંમત હારી બેસે છે, જ્યારે બીજી બાબત એ છે કે આ જ મુશ્કેલીઓનો સામનો કરીને એમાંથી ઊભા થવાનું બળ મળે છે અને એટલે જ સફળતા મળે છે. તેથી જ તો કહેવાય છે કે ને કે **ગમે તેવી મુશ્કેલીઓ હોય, એને એક વાર પાર કરી નાખશો તો સફળતા સામે ચાલીને તમારી પાસે આવશે. તો પછી હારી શું કામ જવું જોઈએ?**

**જીવનનો જંગ:** ગમે તેવી પરિસ્થિતિ સર્જાય, ગભરાવાની કોઈ જરૂર નથી. મુશ્કેલીઓ વેઠનાર જ સાચા અર્થમાં જીવન જીવે છે. ઉતાર-ચડાવ તો જીવનમાં સામાન્ય બની ગયા છે. એ તો ચાલતાં જ રહેવાનું છે. બસ, આપણે બેસવાનું નથી. દોડતાં રહેવાનું છે. અટકી જઈશું તો હાથમાં કંઈ જ આવવાનું નથી. જીવનમાં બધું સરળતાથી મળવા માંડે તો એ શું કામનું? એમાં તો જીવન નીરસ બની જાત. સંઘર્ષ સામે લડવામાં જે મજા છે એ સરળતાથી મળવામાં નથી. આપણા જીવનનો આ એક પ્રકારનો જંગ છે અને આ જંગ જીતવો જ રહ્યો. બહુ ઓછા લોકો એવા હોય છે, જેઓ બસ, સમયની રાહ જોઈને બેસી રહે છે. આ લોકોને નિરાશા મળે છે. સમય તમારી રાહ જોવાનો નથી. એના કરતાં ઊઠો અને નિષ્ફળતાને ખંખેરીને હાથ-પગ હલાવવા માંડો. **ઝઝૂમવા માંડો કે જેથી તમને એમાંથી માર્ગ મળી રહે. અને તો જ તમારી સમસ્યાઓ પણ દૂર થવા માંડશે.**

**શરત અને શ્રદ્ધા:** એક ઉદાહરણથી સમજીએ તો 'એક માણસ પહાડ ચડવાનું લક્ષ્ય રાખીને પોતાના ઘેરથી નીકળ્યો. તેની પાસે અંધારી રાતે એકમાત્ર હતો ફાનસનો ચહેરો. ફાનસનું અજવાળું બે-ત્રણ ડગલાંથી વધારે નહોતું આવતું. એટલે તે ગભરાઈને બેસી ગયો. એ જ વખતે બીજો કોઈ માણસ પણ ત્યાંથી પસાર થયો. એણે કહ્યું - તું કેમ બેસી ગયો? તો એ માણસનો જવાબ હતો - મારે એક હજાર માઈલ દૂર જવું છે, પણ ફાનસનું અજવાળું બે ડગલાં સુધી જ આવે છે. તેથી હું બેસી ગયો છું. એની વાત સાંભળ્યા પછી એ બીજા માણસે કહ્યું - શું તું બેસી જઈશ તો આ સમસ્યાનો ઉકેલ આવશે ખરો? અરે, જેટલું અજવાળું છે એટલાં બે ડગલાં તો તું ચાલ અને ભરોસો રાખજે કે આ ફાનસનું અજવાળું બે ડગલાં મળે છે, તો આગળ બે ડગલાં ચાલવાથી બીજાં બે ડગલાં સુધી અજવાળું આવવાનું જ છે.' કહેવાનો મતલબ એ છે કે મુશ્કેલીઓ ભલેને ઘણી હોય, પણ એમાંથી બહાર આવવાની સૌપ્રથમ શરત છે શ્રદ્ધા રાખવી. બ્રિટનના ભૂતપૂર્વ વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલે પણ કહ્યું હતું કે **નિરાશાવાદી માણસ દરેક તકમાં મુશ્કેલી જુએ છે, જ્યારે આશાવાદી દરેક મુશ્કેલીમાં પણ તક જુએ છે.**

(સાભાર: દિવ્ય ભાસ્કર) ■

# SWARNIM DHARTI




## 3 BHK MAJESTIC LIVING & RETAIL SPACES

PROJECT BY

GOLDEN DHARTI
INFRASTRUCTURE

**Site : Swarnim Dharti, Nr. Sardar Dham, Vaisnodevi Circle
S.P. Ring Road, Ahmedabad - 382 421**

Booking Contact :
**89800 06032, 89800 06042**

swarnimdharti@gmail.com
www.swarnimdharti.com

RERA REG. No.: PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA /MAA08640/170621
www.gujrera.gujarat.gov.in

# નારી સૃષ્ટિ

**મમતા મહેતા**
લેખક જાણીતા કોલમિસ્ટ છે

# માતા-પિતાની એક ભૂલ બાળકને બનાવે ઈર્ષાળુ

**બાળકની અન્ય લોકો સાથે સરખામણી કરવાથી બાળક વધારે હોશિયાર નથી બનતું, પણ આના કારણે એનો આત્મવિશ્વાસ ઘટે છે અને તેની અસર માતા-પિતા સાથેના સંબંધ પર પડે છે. સરખામણી બાળકને ધીમે ધીમે સ્વશંકા તરફ દોરી જાય છે**

માતા-પિતા પોતાના બાળકને બહુ પ્રેમ કરતાં હોય છે અને તેઓ ઈચ્છતાં હોય છે કે તેમનું બાળક સૌથી વધારે હોશિયાર અને સમજદાર હોય. પોતાની આ ઈચ્છા પૂરી કરવા માટે તેઓ ક્યારેક અજાણતામાં એવી ભૂલ કરી બેસે છે, જે બાળકને ઈર્ષાળુ બનાવી દે છે. આ ભૂલ છે બાળકની બીજા સાથે સરખામણી. હકીકતમાં દરેક બાળકમાં કોઈ ને કોઈ ખાસ ગુણ રહેલો હોય છે. દરેકની લાયકાત અલગ હોય છે અને આમ છતાં ઘણી વખત માતા-પિતા પોતાનાં બે બાળકો વચ્ચે જ સરખામણી કરતાં હોય છે. **બાળકોમાં સરખામણી કરવાથી તેઓમાં ઈર્ષ્યા ઉત્પન્ન થાય છે. તેની સાથે તેના સ્વભાવમાં નકારાત્મકતાનું નિર્માણમાં થાય છે.**

**સંતાનો વચ્ચે વણસે સંબંધ**


જો માતા-પિતાને સંતાનો વચ્ચે સરખામણી કરવાની આદત હોય તો આ પ્રકારનું વલણ ભાઈ-બહેન કે સંતાનો વચ્ચે ઈર્ષ્યાનું કારણ પણ બને છે, જે ખરેખર ચિંતાજનક છે. ભાઈ-બહેન જો નાનપણથી એકબીજાને સહકાર ન આપે તો પરિવાર પણ તૂટી જતો હોય છે. બાળકોને નાનપણથી પ્રેમ અને માતા-પિતાનો સાથ ન મળે તો તેઓ નિરાશ અને ઉગ્ર સ્વભાવના થઈ જતાં હોય છે. આવા સંજોગોમાં તેમના જીવનમાં નકારાત્મકતા ફેલાઈજાય છે. વારંવાર તમારાં બાળકોની એકબીજા સાથે તુલનાની અસર તેમના કોમળ મન પર પડે છે અને એટલે **વયસ્ક થયા પછી પણ તેઓ લોહીના સંબંધ યોગ્ય રીતે નિભાવી નથી શકતા.**

**ઘટે છે આત્મવિશ્વાસ**

બાળકની અન્ય લોકો સાથે સરખામણી કરવાથી બાળક વધારે હોશિયાર નથી બનતું, પણ આના કારણે એનો આત્મવિશ્વાસ ઘટે છે અને તેની અસર માતા-પિતા સાથેના સંબંધ પર પડે છે. સરખામણી બાળકને ધીમે ધીમે સ્વશંકા તરફ દોરી જાય છે. આના પરિણામે બાળક કોઈ નવી વસ્તુ કરતા ડરે છે. બાળકને એવો આભાસ કરાવો કે તમારા માટે તેનું પણ એક ખાસ મહત્ત્વ છે અને **તમે તેને ખૂબ જ પ્રેમ કરો છો. તેને એ વાતનો આભાસ જરૂર થવો જોઈએ કે તે તમારા માટે ખાસ છે.**

**માતા-પિતા દ્વારા ધ્યાનમાં રાખવાની વાત**

મા-બાપ અને બાળકોએ સ્વીકારવું જોઈએ કે દુનિયાનું દરેક બાળક અલગ હોય છે એટલે એમની સાથે એ પ્રમાણે વ્યવહાર કરે. ગુસ્સામાં બાળકને કોઈ વિશેષણ કે લેબલ ન આપો. આનાથી બાળકને લાંબા ગાળે માનસિક નુકસાન થાય છે. માતા-પિતાએ પણ દરેક બાળકને અભિવ્યક્ત કરવું જોઈએ કે દરેક બાળક તેમના માટે સરખું જ મહત્ત્વ ધરાવે છે. બાળકના મનમાં નકારાત્મક લાગણી ન સર્જાય એ માટે એની સાથે ક્વૉલિટી સમય પસાર કરો. જોકે હંમેશાં વધુ સમય પસાર કરવો શક્ય નથી, પરંતુ **જેટલો પણ સમય મળે તેની સાથે ખુશમિજાજ સાથે પસાર કરો.**





રજની પટેલ
લેખક જાણીતા કવિ અને વિદ્વાન સાહિત્યકાર છે

# દહેજ એ દૂષણ કે આભૂષણ?



**કન્યાના સુશીલ સંસ્કારોને હાંસિયામાં મુકાય છે અને દહેજના દાખલાઓને મુખ્ય પાનામાં ગણવાની શરૂઆત થાય છે, ઓછા દહેજવાળી દીકરીને મહેણાં-ટોણા અને અપશબ્દોથી નવાજવામાં આવે છે, કટુવચન, દરિદ્રતા અને અપમાનજનક શબ્દો દ્વારા એને દબાવવાનો પ્રયત્ન કરાય છે**

શાક-બકાલાની રેંકડી પર તૂરિયા, બટાકા કે ડુંગળીનો ભાવતાલ કરતા અનેક વડીલોને આપણે જોઈએ છીએ. એમની લીસી-લચીલી લાલચ આપણને નજરે પડશે. માનસિકતામાં પણ લાલચની લાલાશ એમના ચહેરા પર વર્તાય છે. ઓછામાં ઓછી કિંમતે રેંકડીવાળાની મજબૂરીનો લાભ ઉઠાવી સારામાં સારી વસ્તુને પણ સસ્તા ભાવે પડાવી લેવાની ભાવના એમના મનમાં સવાર થયેલી હોય છે. સમાજના આવા વડીલો શાકભાજીનું બાર્ગેનિંગ કરે તો થોડું ક્ષમ્ય ગણી શકાય, પણ **તેઓ પોતાના દીકરા કે દીકરીને લગ્નની છાબડીમાં ગોઠવીને દહેજનાં કાટલાં દ્વારા એમના ભાવતાલ કરે તો એ કેટલું વાજબી છે?**

દીકરો કે દીકરી એ સમાજના મૉલમાં કે સમાજની માર્કેટમાં પ્રદર્શન કે વેચાણમાં મૂકવાની વસ્તુ નથી. મા-બાપ શરૂઆતથી જ પોતાનાં બાળકોની માવજત એવી રીતે કરે છે, એમનો ઉછેર એવી રીતે થાય છે કે સમાજના મૉલમાં એની વધુમાં વધુ કિંમત ઉપજાવી શકાય. **જે મા-બાપ પોતાની દીકરીને રૂપિયાની લાલચમાં વેચે અથવા તો પોતાના દીકરાની યોગ્યતા દહેજ દ્વારા મૂલવે** ત્યારે આવી કઠોર લોભવૃત્તિ આપણી સંસ્કૃતિ પર એક કઠોર આઘાતરૂપ બને છે. બેશરમીથી પોતાનાં બાળકોનો ભાવતાલ પોતે જ નક્કી કરે છે. ક્યાંક છોકરીઓને દહેજના ત્રાજવે તોલવામાં આવે છે. લગ્ન જો ધાર્મિક સંસ્કાર જ હોય તો પછી લીસી લાલચને સંસ્કારમાં ક્યાંથી સ્થાન મળ્યું? **લગ્ન એ વહેવાર છે પણ અમુક લોકોએ દીકરી અને દીકરાનાં લગ્નને વ્યવસાય બનાવી દીધો છે.**

દહેજનું દૂષણ વિકરાળ બની રહ્યું છે ત્યારે એના મૂળને શોધવું જરૂરી છે. દહેજના દાનવ કે દૂષણના મૂળમાં સમાજ અને સમાજમાં રહેતાં મા-બાપ સૌથી વધારે જવાબદાર છે. પોતાના ઘરે જન્મેલ બાળક હજી તો પારણામાં પોઢેલું હોય ત્યારથી બાળકને તેઓ કોરા ચેકની જેમ મૂલવે છે. પોતાના ચેક માટે બેન્કની પસંદગી કરવામાં અને શોધખોળની શરૂઆતને તેઓ સર્વોપરી ગણે છે. એમની નજરમાં આર્થિક સધ્ધરતા જ સર્વોપરી સાબિત થાય છે. કોના

એકાઉન્ટમાં ચેક નાખીશું તો વધુ મૂલ્યવાન સાબિત થશે તેની ગણતરીના ચક્રવ્યૂહ રચાતા જાય છે. સંસ્કારની શૂન્યતાને તેઓ ચલાવી લે છે. દીકરાના ભણતર અને વ્યવસાયને પણ એવી રીતે પસંદ કરવામાં આવે છે કે પાકતી મુદતે દીકરાને વધુમાં વધુ દહેજનું હૂંડિયામણ મળે. **દીકરાનાં કે દીકરીનાં લગ્ન વખતે કુળ, ગોત્ર, સમાજ, સંસ્કાર, પ્રતિષ્ઠાની જગ્યાએ એના સંસ્કારવિહીન એકાઉન્ટની પાસબુકને વધારે પસંદ કરાય છે.** દીકરાની વહુ વધારે દહેજ લાવે તેના માટેના દાવપેચની રમત શરૂ થય છે. કન્યાના સુશીલ સંસ્કારોને હાંસિયામાં મુકાય છે અને દહેજના દાખલાઓને મુખ્ય પાનામાં ગણવાની શરૂઆત થાય છે. ઓછા દહેજવાળી દીકરીને મહેણા-ટોણા અને અપશબ્દોથી નવાજવામાં આવે છે. **કટુવચન, દરિદ્રતા અને અપમાનજનક શબ્દો દ્વારા એને દબાવવાનો પ્રયત્ન કરાય છે.**

છોકરાનાં લાલન-પાલન અને ભણતર પાછળ કરેલા ખર્ચનું લાંબું લિસ્ટ કન્યાનાં મા-બાપને સંભળાવવામાં આવે છે. છોકરાની પાછળ થયેલા ખર્ચને દહેજરૂપે અથવા કન્યાદાન સ્વરૂપે વસૂલ કરવામાં આવે છે. સુશીલ અને સંસ્કારી કન્યાઓ ક્યારેક નાપસંદ કરાય છે અને સંસ્કાર વિનાની કન્યાઓની સંબંધના માંડવે સ્વીકૃતિ થાય છે. કન્યાના બાપની મજબૂરીને જોવામાં આવતી નથી. અહીં તો માત્ર પોતાની ભીતર રહેલી આંધળી લોલુપતા ઉજાગર થાય છે. **ક્યારેક દીકરાના બાપના મહેલની રોશની માટે દીકરીના બાપની ઝૂંપડી પણ સળગાવવામાં આવે છે.**

બીજા પક્ષે દીકરીનો બાપ પોતાની લાડકીના સુખ માટે પોતાના સુખની પછેડીને ટૂંકી કરે છે. દીકરીનાં લગ્નમાં સસરાપક્ષના કટુવચનની કિંમત પોતે બજારમાં વેચાઈને પૂરી કરે છે. **ઘરનું રાચરચીલું, ખેતર, ખોરડું વેચી કે પછી વ્યાજે રૂપિયા લાવીને પણ દીકરીના સુખના દિવસોને ઉજાગર કરવાનો પ્રયત્ન કરે** છે. દીકરીના બાપે પણ વિચારવું પડશે કે જેની લાગણીઓ બજારમાં વેચાઈ જ ચૂકી છે એ મારી દીકરીને સુખની શૈયા પર ક્યાંથી સુવાડી શકશે? એમનામાંથી સંસ્કારોની સુવાસ નહીં, પણ દુર્ગુણોની દુર્ગંધ જ આવતી હોય છે. **સુમધુરતાના સંસ્કારો ધરાવતી દીકરીને ઉકરડા પર ઊભી કરવાથી ઉકરડાની દુર્ગંધમાં લેશમાત્ર ફરક નથી પડતો. અગરબત્તી જેવી દીકરી ત્યાં તો ઊભી ઊભી સળગવાની જ છે.**

દહેજના ત્રાજવે તોલાયેલ દીકરી સામેના કુટુંબમાં જાય ત્યારે એની પાસેથી એ કુટુંબ બીજી કઈ અપેક્ષા રાખી શકે? એના સંસ્કારોની સુવાસ તો દહેજની આંધી ક્યારની ખેંચી ગઈ હોય છે. એની લાગણીએ ત્યારે જ તિરસ્કારનું સ્વરૂપ ધારણ કરી લીધું હોય છે, જ્યારે એનો પિતા બજારમાં એને વેચવા માટે ઊભો રહ્યો હોય છે. **સાસરા પક્ષમાં આવી વેચાતી કે ખરીદીને લાવેલી પુત્રવધૂઓ ક્યારેય લાગણીથી લથબથતાં 'બા-બાપુજી' શબ્દને ઉચ્ચારી નથી શકતી.**

> **'અમે તો દહેજમાં માનતા જ નથી...' એવાં બણગાં ફૂંકનારા આદર્શવાદીઓ 'કન્યાદાન' જેવા ચળકતા શબ્દનો ઉપયોગ કરે છે, લગ્ન વખતે ટીવી, ફ્રીઝ, બંગલો, ફર્નિચર અને કારને કન્યાદાનના લાંબા લિસ્ટમાં માગણીનું સ્વરૂપ આપે છે**

દહેજના દાનવને સમાજના ફલક ઉપરથી નેસ્તનાબૂદ કરવા દરેક યુવક અને યુવતીએ કટિબદ્ધ થવું પડશે. યુવકે કે યુવતી કોઈ બજારુ વસ્તુ નથી કે એમનું મૂલ્ય કરીને એમને ખરીદી શકાય કે વેચી શકાય. એ બાબતની વિચારધારાને વેગ આપવો પડશે. દૃઢ સંકલ્પ, દૃઢ મનોબળ અને પ્રલોભનોથી પર રહીને માતાપિતા સામે સુજ્ઞ હઠાગ્રહ કરવો પડશે. **દહેજ કદી પણ નહીં. દરેક યુવક અને યુવતીઓએ પોતાનું મૂલ્ય જાતે જ આંકવું પડશે.** શુદ્ધ, સરળ અને નિર્મળ હૃદય પર આદર્શવાદી વિચારધારાનો પ્રભાવ પ્રસ્થાપિત કરવો પડશે. નારીજાતિ પ્રત્યે પોતાની શ્રદ્ધા અને ઉદારતા પ્રદર્શિત કરવી પડશે. અલૌકિક આનંદ માટે સંસ્કાર જ જરૂરી છે, નહીં કે સર્ટિફિકેટ - એ સ્વીકારવું પડશે. દરેક યુવકે વેદોમાં જણાવ્યું છે એ પ્રમાણે અગ્નિ, સૂર્ય અને રાજાની જેમ પરિવારની પડખે ઊભા રહેવું પડશે. દહેજના દ્રવ્યના ઉપભોગી બની શકાય, પણ ક્યારેય ઉપયોગી નથી બની શકાતું. **ઈમાનદારીથી જવાબદારી તો જ નિભાવી શકાય, જ્યારે મનનું મિલન થાય, નહીં કે વ્યાપારીકરણ થાય.**

દહેજમાં આદર્શવાદનાં બણગાં ફૂંકતાં કેટલાક આદર્શવાસીઓને પણ ઓળખવા જરૂરી છે. 'અમે તો દહેજમાં માનતા જ નથી...' એવાં બણગાં ફૂંકનારા આદર્શવાદીઓ 'કન્યાદાન' જેવા ચળકતા શબ્દનો ઉપયોગ કરે છે. લગ્ન વખતે ટીવી, ફ્રીઝ, બંગલો, ફર્નિચર અને કારને કન્યાદાનના લાંબા લિસ્ટમાં માગણીનું સ્વરૂપ આપે છે. દહેજનું આ બીજું વરવું સ્વરૂપ છે. **દહેજમાં કે એના અન્ય સ્વરૂપમાં અપાયેલ કે લેવાયેલ કોઈ વસ્તુ કન્યાદાન નથી જ નથી.** કન્યાના બાપને વેચાઈ જવું પડે અને એમાંથી થયેલું કન્યાદાન કેટલું ઉચિત છે એ દરેક વર-વધૂએ સમજવું જોઈએ. કન્યાદાન એટલે તો બાપ દ્વારા યથાશક્તિ દીકરીને આપવામાં આવતાં લાગણી, પ્રેમ અને સંસ્કારનો પુરસ્કાર. **દાન માગીને લેવાની ચીજ નથી, એ તો દિલના ઊંડાણમાંથી આપવાની ભાવનાનો નીકળતો સ્રોત છે.**

**દહેજના દૂષણનો વિરોધ કરતાં અમે આત્માની સાક્ષીએ સોગંદ લઈએ છીએ કે...**

- અમારાં લગ્ન સમયે દહેજના દૂષણનો અમે સાર્વત્રિક રીતે સામાજિક બહિષ્કાર કરીશું. અમારી જાતને અમે ક્યારેય પણ સમાજની બજારમાં નહીં ગોઠવીએ.
- સમાજમાં જોવા મળતાં આવા દૂષણને ડામવામાં અમારી અગ્રેસરતા હશે. કદાચ અમારા વડીલો સામે કે સમાજ સામે ભલેને લડાઈ કરવી પડે.
- અમારું શિક્ષણ, અમારી લાયકાત, અમારું કુટુંબ, અમારા સંસ્કારો એ જ અમારી થાપણ છે અને અમે જિંદગીની એવી બેન્ક પસંદ કરીશું કે ઉપરોક્ત વસ્તુઓ અમે નિશ્ચિતપણે જમા કરાવી શકીએ. ■

**બહુરત્ના વસુંધરા**

**એક મુલાકાત**








**ડૉ. પ્રભુદાસ પટેલ,**
તંત્રી


# કર્મઠ - 'કામેશ્વર'ની સંઘર્ષ અને સિદ્ધિની યાત્રા

**જેના મસ્તિષ્કમાં લશ્કરી શેઠ અને મફત ગગલ બિરાજે છે, જેણે પોતાના કર્મને ધર્મની પવિત્રતાથી શણગાર્યું છે, તે કર્મઠ અને નિષ્ઠાવાન શિક્ષક – સંચાલક – કેળવણીકાર અને સખાવતી ઉદ્યોગપતિ શેઠ શ્રી પ્રહ્લાદભાઈ પટેલ 'કામેશ્વર' સાથે 'ઉમા સૃષ્ટિ' સામયિકના 'બહુરત્ના વસુંધરા' વિભાગ માટે રૂબરૂ મુલાકાતના કેટલાક અંશો...**

**● શેઠ નમસ્કાર... આપ આમ તો કડવા પટેલ છો, પણ સમગ્ર ગુજરાતમાં પણ બધા લોકો આપને કામેશ્વર તરીકે ઓળખે છે. આ પટેલ અને કામેશ્વરમાં ભેદ કેવી રીતે આવ્યો?**

મારા વતનમાં કામેશ્વર મહાદેવનું એક મંદિર છે. મારા વડીલો ને મારા પિતાશ્રીથી પણ મારા પરદાદા કામેશ્વર મહાદેવની અખૂટ સેવા કરતા હતા. એ સેવાના હિસાબે ચમત્કાર ગણો કે મહાદેવની કૃપા ગણો. અમારા ફેમિલી ઉપર એટલો બધો એનો પ્રભાવ પડ્યો અને એ પ્રભાવના હિસાબે અમારું આરોગ્ય, સંપત્તિ અને વ્યવહાર જળવાઈ રહ્યા. **દાદાની કૃપા છે તો આપણે પણ આ જ પેઢીથી એની જ વાર સાચવીને મારા ફર્મને નામ આપ્યું છે. કામેશ્વર સ્કૂલ કરી એના હિસાબે આખા વિસ્તારમાં અમને બધા જ કામેશ્વર તરીકે અમને ઓળખવામાં આવે છે.**

**● હું જાણું છું ત્યાં સુધી આપનું બચપણ એ સંઘર્ષમય અને થોડુંક કહી શકાય કે ગરીબાઈમાં વીત્યું છે.**

મેં મારા જીવનને સખતમાં સખત પરિશ્રમ કરવા માટે તૈયારી રાખી અને કંઈક કરવું છે... ફાધરની ગરીબાઈને દૂર કરવા માટેના સંકલ્પ રાખ્યા, ગામમાં નામના માટે સંકલ્પ રાખ્યા. જઈને, સંબંધીઓની પાસે, મિત્રો તો એ વખતે બહુ ઝાઝા હોઈ શકે નહીં. મારા મધરની ચાંદી હતી, એ ચાંદી વેચી ત્યારે ફક્ત ૬૦૦ રૂપિયા જ હાથમાં આવ્યા. નાના ભાઈની ફી ભરી અને મેં સર્વિસ ચાલુ કરી. અઢી વિઘા જમીનમાં દસ ભાઈ-બહેનોને ભણાવવા, ખવડાવવું, પોષણ આપવું અને એનો જીવનનિર્વાહ કરવો એ અશક્ય વાત છે, પણ એ અશક્યને શક્ય કરી બતાવવા માટે અમે બીજાની જમીનો લઈને પણ વાવતા. ફાધરની ઉંમર થઈ, પણ એ બહુ સંસ્કારી હતા. મહાદેવના પરમ ભક્ત હતા. ૧૧ ધોરણ ગામડામાં પૂર્ણ કરીને ખોડાકાકાએ સીપીએડ્‌માં દાખલ કર્યો અને એના પછી તો ડૉ. **પ્રભુદાસ સાથે મારો પરિચય થયો. મિત્રતા થઈ. સીપીએડ્ કર્યા પછી તો અનેક વસ્તુઓની ઠેર ઠેર થેલી લઈને નોકરી માટે હું નોકરી માટે ફર્યો છું.**

**● તમે ખૂબ પુરુષાર્થ કર્યો. તમે નોકરીની શરૂઆત ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર તરીકે કરી. એ કોર્સ પૂરો કર્યા પછી એક સમય એવો હતો કે તમે નોકરીની લાઈનમાં હતા. આજે ઈશ્વરની અને દાદા કામેશ્વરની કૃપા થઈ ને આજે લોકો તમારે ત્યાં નોકરી માટે લાઈનમાં ઊભા છે.**

માતાની કૃપા પણ છે સાથે સાથે પુરુષાર્થ અને સચ્ચાઈ પણ છે. મારા મંતવ્ય પ્રમાણે સંપત્તિથી કમાયેલું ધન એ સ્વભાવથી કમાયેલું ધન એનાથી અનેક અધિક ગણું છે. તમારો સ્વભાવ, તમારું વર્તન, તમારો વ્યવહાર, તમારો એટિટ્યૂડ અને બીજા સાથે કેવી રીતે પ્રેમભાવના - આ શક્તિ તમારામાં હોય, **બીજા માણસને પારખવાની શક્તિ**

कुलं पवित्रं, जननी कृतार्था,
वसुंधरा पुण्यवती च येन

માતાએ એવા પુત્રરત્ને જન્મ આપ્યો, જેનાથી જનની કૃતાર્થ બની, કુળ પવિત્ર થયું અને ધરતી પુણ્યવતી બની.

## બહુરત્ના વસુંધરા
### એક મુલાકાત

**- વસ્તુ જો તમારી પાસે હોય તો કુદરત તમારા ફેવરમાં આવે છે. તમારી સાથે રહે છે.**

● **આપના જીવનમાં અનેક માન-સન્માન અને એવૉર્ડ મળ્યા છે. એના કારણે સમાજમાં તમારી પ્રતિષ્ઠા ઘણી ઊંચી છે. આ બધાં માન-સન્માન અને એવૉર્ડ મળ્યા એને આપ કેવી રીતે મૂલવો છો?**

માન-સન્માન, એવૉર્ડ એ બધું એક પુરુષાર્થની નિશાની છે. દરેકના ઘરમાં પારકી છોકરીઓ વહુ થઈને આવતી હોય છે. અમારા પાંચેય ભાઈઓમાં બહારની દીકરીઓ આવેલી છે. સમાજની દીકરીઓ આવેલી છે. તમે બીજા ઘરની માફક વાદ-વિવાદ, ઝઘડા, કંકાશ અને જ્યાં કંકાશ હોય છે ત્યાં સંપત્તિ હંમેશાં દૂર થઈ જાય છે. એ અમારામાં નહોતું. જે હું જે કંઈ વધારે પ્રગતિશીલ થઈ શક્યો છું એમાં મારા ભાઈઓ, મારાં માતાપિતા તો બહુ ઉંમરવાળાં થઈ ગયાં, કંઈક અંશે મારી બહેનો અને મારી પત્ની અને **મારા ઘરમાં આવેલી મહિલાઓએ અંબારામ ત્રિભોવનદાસનું નામ રોશન કરવામાં અને મારા અવાજ ઉઠાવવામાં પાછીપાની કરી નથી.**

● **ગુજરાતમાં એક કહેવત છે કે કોઈ પણ સફળ પુરુષની પાછળ એની ધર્મપત્નીનો હાથ હોય છે.**

મારી પત્નીનો મને ખૂબ જ સહકાર મળ્યો છે. તે વધારે ભણેલી નથી, પણ તેની સમજદારી ગજબની છે. અમે પાંચ ભાઈઓ અને પાંચ બહેનો - બધાંને પ્રેમભાવથી સાથે રાખીએ. માની કૃપાથી હું સારી ધનરાશિ કમાયો તો દાન-સખાવત કરવામાં મને પૂરો સાથ-સહકાર આપ્યો. **મારો અવાજ ઉઠાવવામાં કદી પાછીપાની કરી નથી.**

● **આપ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનમાં ઉપપ્રમુખ છો અને વળી રૂ. ૧૬ કરોડના દાતા પણ છો. શું કહેશો?**

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન એક આગવી વિચારધારા છે, એક વૈશ્વિક વિચારધારા છે. સમાજને બદલવાની વિચારધારા છે. સમગ્ર વિશ્વના પાટીદારોનું એક વૈશ્વિક સંગઠન મા ઉમિયાના માધ્યમથી ઊભું કરી વિશ્વમાં સૌથી ઊંચું (૫૦૪ ફૂટ) મંદિર નિર્માણ કરવું. તે માટે ૧૦૦ વિઘા જમીન અને રૂ. ૧૦૦૦ કરોડનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. આ એક ભગીરથ કાર્ય છે. અમારું નેતૃત્વ **પ્રમુખ શ્રી આર. પી. પટેલ કરે છે. તેઓ એક બાહોશ અને દીર્ઘદ્રષ્ટા છે તેથી મેં તેમનામાં વિશ્વાસ રાખી રૂ. ૧૬ કરોડનો સહયોગ જાહેર કર્યો છે.**

● **એમ કહેવાય છે કે ધન કમાવાનું નસીબ લઈને તો હજારો માણસો જન્મે છે, પણ કમાયેલી ધનરાશિ આપવાની ઉદારતા તમારામાં ક્યાંથી આવી?**

એક તો મારા પિતાના સંસ્કાર, મારાં માતા દિવાળીબાના આશીર્વાદ, બીજું હું જ્યારે ૧૫ વર્ષે સમજણો થયો ત્યારથી મેં જોયું કે આ બધું સમાજને મારે પાછું કેવી રીતે આપવું? એ આપવા માટે એક સામાન્ય ગરીબ ગામના ગરીબ પિતાનો પુત્ર - હું નાના ગામડાનો છતાં સમસ્ત કડવા પટેલની જ્ઞાતિના મા ઉમિયા ઊંઝા સંસ્થાનના પ્રમુખપદ સુધી મને લઈ જવા માટે કામેશ્વરદાદાએ અને મા ઉમિયાએ આશીર્વાદ આપ્યા હોય, અદનો માણસ પણ જો માતાનો પ્રમુખ થઈ શકતો હોય, **માતાનું ગૌરવ ગાવા માટે મને તક મળતી હોય તો મારી સંપત્તિ આપવા માટે મેં મારા દિલને મોકળું કર્યું છે.**

● **તમારા બહોળા કુટુંબમાં કોઈ વખત મતભેદ થયા છે?**



તંત્રીશ્રી ડૉ. પ્રભુદાસ પટેલ સાથે અતીત વાગોળતા શેઠશ્રી પ્રહ્‌લાદભાઈ.

ના, કોઈ એવા મતભેદ થયા નથી. કુટુંબમાં નિર્ણયશક્તિ એ મહત્ત્વનો પ્રશ્ન છે. તમારા નિર્ણય તમે કઈ બાજુ લઈ જાવ છો એ તમારા જીવનનો વળાંક બની જાય છે. કુટુંબનો વળાંક બની જાય છે. દરેક નિર્ણય કરવામાં તમારી સામે આવેલી પરિસ્થિતિ અને સમસ્યાઓથી તમારી નિર્ણયશક્તિ ઘડાય છે. એ વારસામાં મળતી નથી અને **આ નિર્ણયશક્તિથી હું આખા કુટુંબને સાથે રાખી શક્યો.**

● **તમે તમારા પ્રમાણે જીવન જીવ્યા છો. સમાજમાં તમારા અનેક સંબંધો, અનેક ઉદ્યોપતિઓ સાથે, અનેક રાજકારણીઓ સાથે બહુ ઉત્તમ રહ્યા છે.**

માણસના દિલની પરીક્ષા તમારે કરવી હોય, એના અંદર શું ભર્યું છે એ ડગળી પાડીને જાણી શકાતું નથી. એ વ્યવહારથી થઈ શકે છે. સામેવાળાના સ્વભાવથી થઈ શકે, પ્રેમથી થઈ શકે. **એનો બીજો કોઈ માપદંડ નથી.**

● **તમે રાજકીય કારકિર્દી તરફ નજર કેમ ના કરી?**

રાજકારણ માત્ર ગંદી - જુઠ્ઠી રમતો છે. સેવાનું તો માત્ર નામ જ છે. અત્યારે રાજકારણ એ ધંધો થઈ પડ્યો છે. Politics is a dirty game... બાકી સેવા કરવી હોય તો અનેક રસ્તાઓ છે, **જે હું અપનાવી રહ્યો છું. તે માટે પદ કે કોઈ સ્થાનની જરૂર નથી.**

● **તમારા જીવનમાં કોઈ પ્રસંગ એવો આવ્યો છે કે તમે આંખ બંધ કરો ને દેખાય...**

મને તમારા જેવા મિત્ર મળ્યા કે મને કંઈક એમાંથી શીખવા મળ્યું છે. એક એવો પ્રસંગ છે કે ખોડાકાકાએ મને ૬૦૦ રૂપિયા આપ્યા એ હું પાછા ના આપી શક્યો. આપવા માટે મેં મારા ઘરમાં એક ભેંસ હતી. એ ભેંસ અવસાન પામી. એટલે એ પૈસા હું જલદી આપી શક્યો નહીં. મને સતત મગજમાં - ઊંઘમાં પણ આ વસ્તુ આવે છે. હું એનો બદલો કેવી રીતે વાળું... ત્યારે મેં ૧૯૭૭-૭૮માં અમદાવાદમાં સ્કૂલ કરી ત્યારે મારી નજર કાકા પર પડી કે જે માણસે મને ૬૦૦ રૂપિયા આપ્યા ને આ સ્ટેજે હું આટલું કરી શકું છું તો એ માણસને મારે અહીંયા લાવવા જ જોઈએ. મેં આંખો મીંચીને એના આખા ફેમિલીને અમદાવાદ લાવ્યો. **કાકાને આખી સ્કૂલની જવાબદારી આપી. કાકાને મેં બંગલા માટે જમીન આપી. આજે ૯૫ વર્ષની ઉંમરે પણ મારું મસ્તક એમની સમક્ષ નમી જાય છે.**

● **તમારા જીવનની પ્રાથમિકતા શું છે?**

મારો બહોળો પરિવાર મારું સામ્રાજ્ય છે. સૌ એકબીજાને ગમતાં

# બહુરત્ના વસુંધરા

## એક મુલાકાત

રહીને જીવે, સદ્કાર્યો કરે, શક્ય હોય તો કોઈને મદદરૂપ થાય, પરંતુ **કોઈને 'નડે નહીં' તેનું ધ્યાન રાખવું મારી પ્રાથમિકતા છે.**

**● સમાજના વિકાસકાર્યમાં તમારો શો ફાળો રહ્યો?**

અમારા ૧૨ના સમાજનો વર્ષો સુધી પ્રમુખ રહ્યો. ગામ ટુંડાવમાં કેળવણી મંડળનો ૩૦ વર્ષ સુધી પ્રમુખ રહ્યો. આપણે યાદ રાખવાનું કે આપણને સમાજે જે આપ્યું છે તેને અનેક ગણું કરીને પરત કરવું. **સમાજ માટે કંઈ પણ કરી છૂટવું તે મારે મન મોટી યાત્રા છે.**

**● યુવાનો હતાશ, નિરાશ અને વ્યસની થયા છે. છેવટે આત્મહત્યા પણ કરે છે. શું કહેશો?**

મને લાગે છે કે યુવાનો આ દેશની સૌથી મોટી તાકાત છે. માતાપિતા, સમાજ અને સરકાર યુવાનોને સમજવાની ભૂલ કરી રહ્યા છે. યુવાનો માટે શિક્ષણ, સંસ્કાર, સંસ્કૃતિ, પરિશ્રમ અને રોજગારીને પ્રાથમિકતા આપવી જોઈએ. દરેક પરિવાર પોતાના ઘરમાં સાંજે એક કલાક માટે 'ઘરસભા' કરે. **વાતો નહીં, સદ્ આચરણ એ મોટું શિક્ષણ છે. અજમાવી તો જુઓ.**

**● ...તો પાટીદારો માટે આપનો શો સંદેશ છે?**



અહો ! કેવું સુખી જોડું
કર્તાએ નિરમ્યું દીસે!

સમગ્ર વિશ્વના પાટીદારો સંગઠિત થાય, શિક્ષિત થાય અને સમાજ માટે દીક્ષિત થાય. મા ઉમિયાના અમૃતપુત્રો છે તેનું સદાય ધ્યાન રાખે... **અને ખાસ કરીને વાણીનો વ્યવહાર મધુર કરે.**

**● શેઠ, તમારી આ ચોથી અને છેલ્લી અવસ્થા ચાલે છે. બધા લોકો આ મુકામ સુધી નથી પહોંચતા. શું અનુભવો છો?**

મારી જિંદગીથી મને સંપૂર્ણ સંતોષ છે. ગમે ત્યારે માલિકનો હુકમ થાય તો હું જવા માટે તૈયાર છું. આંખ ખૂલે ને મા ઉમિયાનાં દર્શન થાય અને **આંખ મીંચાય ને મને કામેશ્વરનું સ્મરણ થાય તે જ ઇચ્છા.**

મિત્રો, 'ઉમા સૃષ્ટિ' મેગેઝિન અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન તરફથી શેઠ શ્રી પ્રહ્‌લાદભાઈ કામેશ્વરનો આભાર માનું છું. મને આ સખાવતી બુઝુર્ગ માટે એમ કહેવાનું મન થાય કે...

**હું ભક્ત પ્રહ્‌લાદ છું, ને અંબાલાલનો 'સંતાન' છું**
**મા દિવાળીનો 'સુત' છું, ને શાંતાનો 'ભરથાર' છું**
**દીપેન-મુન્નાનો 'તાત' છું, ને વામન છતાં 'વિરાટ' છું**
**ગમે તેમ હોય, પણ હું મારી કામેશ્વર 'સરકાર' છું. ■**




**મેઘા જોશી**
લેખક જાણીતા કોલમિસ્ટ છે

# લગ્નજીવનમાં 'ચા'થી વિશેષ ચાહની જરૂર છે



ધારો કે તમે ચા બનાવવાની ના પાડી અથવા ઈચ્છિત રસોઈ ન બનાવો તો એ 'નકાર' મારામારી, હત્યા કે ગુસ્સાને ઉશ્કેરતી પ્રવૃત્તિ ગણાય? તમે તમારા ઘરેલુ જીવનમાં તમારી ઈચ્છા મુજબ વર્તો અને એ જો ઘરના પુરુષને માન્ય ના હોય તો શું એ જે તે પુરુષનું અપમાન છે કે તમારો સ્વમાન સાચવવાનો પ્રયત્ન કહેવાય? આ પ્રકારના પ્રશ્નો માત્ર કોઈ એક કે બે વિચારશીલ કે સંવેદનશીલ સ્ત્રીના નથી, ભારતનાં વિવિધ રાજ્યો કે જિલ્લા કક્ષાની કોર્ટમાં ચાલતા વિવિધ કેસની ચર્ચાના મુદ્દા છે. લગભગ રોજ એક વાર કાયદાશાસ્ત્રએ પતિ અથવા પત્ની અથવા પતિ-પત્ની અને તેમના પરિવારને વૈવાહિક જીવન, સામાજિક દાયિત્વ અને પરસ્પર સન્માન અંગે સમજૂતી આપવી પડે છે. ખાસ કરીને સ્ત્રી પર દહેજ માટે, સંતાન માટે કે મિલકત માટે અત્યાચારના કિસ્સા વધુ સામે આવે છે. પરંતુ **લગ્ન સંબંધ બાદ જાણે આખા ઘરની દાસી બનીને કરાર કર્યા હોય એમ બધી જ જવાબદારી નિભાવતી સ્ત્રીની વ્યથા ભાગ્યે જ ચાર દીવાલની બહાર નીકળે છે.**

રસોઈ કે ઘરનું રોજિંદુ કામ સાહજિક હોય છે અને બહુમતી સ્ત્રીઓ માટે સરળ સાધ્ય છે. સમય સાથે સ્ત્રીના રોલમાં ધરખમ ફેરફાર આવ્યો છે. સ્ત્રી પણ હવે આર્થિક ઉપાર્જનમાં તેમજ ઘર બહારની જવાબદારીમાં સરખું યોગદાન આપે છે. ધારો કે સ્વેચ્છાએ હોમ મેકર પણ રહે તોય ઘરેલુ કામ બાબતે અપેક્ષાઓ વધારીને તેનું અપમાન કરવાનો અધિકાર કોઈને નથી. પતિને ખુશ રાખવાના કીમિયાઓ શીખવવા આજે પણ અમુક પરિવારમાં રીતસર દીકરીના ક્લાસ લેવાય છે અને બીજી તરફ **દીકરીને 'જબરી' થઈને સસરાના પરિવારને કે**

> **દીકરીને રોટલા ઘડતા આવડે છે, સિલાઈ અને ભરતકામ આવડે છે કે રંગોળી પૂરતા આવડે છે જેવી ક્ષમતાઓ લગ્નસંબંધ માટેનો એલિજિબિલિટી ટેસ્ટ હોઈ શકે?**

તાજેતરમાં મુંબઈ હાઈકોર્ટે એક સ્ત્રી માટે સ્ત્રી તરફી નિર્ણય આપતા કહ્યું કે, સ્ત્રી ના કોઈ વસ્તુ છે કે ના કોઈની જંગમ સંપત્તિ છે. મૂળે મુદ્દો એ હતો કે વર્ષ ૨૦૧૩માં એક માણસે તેની પત્નીને હથોડી વડે માર માર્યો, કારણ કે તેણે ચા બનાવવાની ના પાડી હતી. ભારતીય સમાજમાં લગ્નસંબંધમાં લૈંગિક અસમાનતા પર પ્રકાશ ફેંકતા કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, પત્નીને પતિની મિલકત માનતી માનસિકતા રૂઢિચુસ્ત છે અને એમાં બદલાવ જરૂરી છે. પત્નીને ઈજા પહોંચાડ્યા બાદ પણ પતિએ ૧૦ વર્ષની સજા અને દોષિત ઠેરવવાની બાબતમાં કોર્ટમાં અપીલ કરતાં કહ્યું કે, પત્નીનું વર્તન ઉશ્કેરે એવું હતું. અલબત્ત ન્યાયાધીશે તેની સજાને સમર્થન પણ આપ્યું હતું. દીકરીને રોટલા ઘડતા આવડે છે, **સિલાઈ અને ભરતકામ આવડે છે કે રંગોળી પૂરતા આવડે છે જેવી ક્ષમતાઓ લગ્ન સંબંધ માટેનો એલિજિબિલિટી ટેસ્ટ હોઈ શકે?**

**પતિને મુઠ્ઠીમાં બાંધવાની સલાહો અપાય છે. આ બંને આચરણ ખોટાં છે.**

લગ્ન સંબંધ, સહજીવન અને પારિવારિક સહયાત્રા ચાના કપથી અબજો ગણી મોટી છે. ચાના કપ સાથે ટ્રે લઈને આવતી યુવતી વર્ષો સુધી ભારતીય સમાજ અને બોલીવૂડની લગ્નવાંચ્છુક છોકરી રહી છે. આ દૃશ્યમાં પરિવર્તન લાવવાની જરૂર છે. ઘરેલુ કામ માટે માત્ર ને માત્ર સ્ત્રીને જવાબદાર ગણવી અને તે **સુપેરે ના પૂરી થાય તો એ માટે સ્ત્રીને દોષિત ઠેરવવી એ સ્ત્રીત્વનું અપમાન છે.** ■



**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને સરકાર દ્વારા 'પદ્મ' એવોર્ડથી વિભૂષિત છે

# મારે આટલું બસ છે!

પરમનો સ્પર્શ પામવા ઇચ્છનારે પોતાની વૃત્તિઓના આંતરજગતમાં ડોકિયું કરીને એનાં આંતરસંચાલનો પારખવાં જોઈએ. વૃત્તિઓનું કેવું લીલામય જગત છે! ચિત્તની વૃત્તિ જ દબાતે પગલે કેન્દ્રરૂપ બનીને જીવનની સર્વ પ્રવૃત્તિઓ પર પ્રભાવ પાથરે છે. ચિત્તમાં જો સત્યખોજની તીવ્ર જિજ્ઞાસા જાગે તો એ જીવનભર સત્યને પામવાનો અને તે માર્ગે પુરુષાર્થ કરવાનો પ્રયાસ કરશે. જો શૅરબજારમાં રળીને રાતોરાત ધનિક થવાની વૃત્તિ તરવરતી હશે તો એની સઘળી પ્રવૃત્તિ દ્રવ્યોપાર્જનકેન્દ્રી બની રહે છે. સાધક હોય કે સામાન્ય માનવી હોય, સહુના જીવનકેન્દ્રમાં વૃત્તિ હોય છે. આ વૃત્તિ જ વ્યક્તિનું વિશ્વ રચે છે. **જો એનામાં સદ્‌વૃત્તિ હશે તો એ સુંદર કલ્યાણકારી વિશ્વની રચના કરશે અને જો એનામાં દુર્વૃત્તિ હશે તો એ સતત દુષ્ટ માર્ગોએ ચાલવાનું પસંદ કરશે.**

વૃત્તિની ઓળખ એ જ જીવનનું નિર્ધારણ કરનારી બાબત ગણાય. વ્યક્તિની વૃત્તિ પરમ તત્ત્વની પ્રાપ્તિ તરફ અભિમુખ હોય તો એ પરમાત્મા પ્રતિ જવાનો પ્રયાસ કરશે. જો એની વૃત્તિ સ્થૂળ, પામર અને ક્ષુદ્ર ભાવનાઓમાં રમમાણ હોય તો એ અશુભ કે અનિષ્ટમય કાર્યોમાં ડૂબેલી રહેશે. **આથી ખરો પુરુષાર્થ તો એ વૃત્તિને કેળવવાનો છે.**

તમારી વૃત્તિઓ તમારું મુખ કઈ દિશામાં રાખીને બેઠી છે? જો એ શુભ તત્ત્વને જોતી હશે તો તમે આપોઆપ શુભ પ્રવૃત્તિ કરશો. ભલે તમારી આસપાસ ચોમેર અશુભ પ્રવૃત્તિ ચાલતી હોય. તમારી શુભગામી વૃત્તિ તમને એ અનિષ્ટ પ્રવૃત્તિઓથી દૂર રાખશે. **જો અશુભ પ્રવૃત્તિ તરફ મુખ માંડીને બેઠા હશો તો ગમે તેટલા શુભ સંયોગો હોય, તો પણ અશુભ કાર્યોમાં ડૂબેલા રહેશો.**

વૃત્તિના વિશ્વમાં અશુભ વૃત્તિ તીવ્રવેગી છે અને શુભ વૃત્તિ મંદવેગી છે. અશુભ વૃત્તિમાં જનારી વ્યક્તિ એક પછી એક અશુભ કાર્યો ઝડપથી પૂર્ણ કરી શકે છે, પરંતુ એટલી ઝડપ કે ત્વરા શુભ વૃત્તિ ધરાવનાર પાસે હોતી નથી. અશુભ વૃત્તિ કરનાર તો કશુંય વિચાર્યા વિના પોતાના કાર્યમાં સતત આગળ ધપતો હોય છે, અવનવા દાવપેચ ખેલતો હોય છે, જ્યારે શુભ વૃત્તિ ધરાવનાર પ્રત્યેક બાબતનો વિચાર કરીને પગલું ભરતો હોય છે, તેથી એની

**તમારી વૃત્તિઓ તમારું મુખ કઈ દિશામાં રાખીને બેઠી છે? જો એ શુભ તત્ત્વને જોતી હશે તો તમે આપોઆપ શુભ પ્રવૃત્તિ કરશો. ભલે તમારી આસપાસ ચોમેર અશુભ પ્રવૃત્તિ ચાલતી હોય. તમારી શુભગામી વૃત્તિ તમને એ અનિષ્ટ પ્રવૃત્તિઓથી દૂર રાખશે.**



# સમાજ સૃષ્ટિ

ઝડપ કે તીવ્રતા ઓછી હોય છે. જેમ અશુભ પ્રવૃત્તિ કરનાર એને માટે આંધળી દોટ લગાવતો હોય છે, એ રીતે શુભ પ્રવૃત્તિ કરનારે પણ દોટ લગાવવાનો આગ્રહ સેવવો જોઈએ. ઘણી વાર શુભ પ્રવૃત્તિ કરનાર મંદ કે નિષ્ક્રિય હોય છે અથવા તો જનકવિદેહીની માફક તટસ્થ હોય છે. **ખરેખર તો શુભ પ્રવૃત્તિ પણ સંકલ્પથી થનગનતી હોવી જોઈએ.**

શુભ કાર્યો પ્રતિ જીવનમાં સ્પષ્ટ વલણ અને આગ્રહ હોવા જોઈએ. વ્યક્તિની ચેતના એ તરફ સતત ગતિશીલ હોવી જોઈએ. શુભ વૃત્તિ અને અશુભ વૃત્તિનો એક મહત્ત્વનો ભેદ એ છે કે અશુભ વૃત્તિ કરનાર જેટલી ઝડપથી અશુભ કાર્યો કરે છે એટલી ઝડપથી થાકી જઈને હતાશાનો ભાવ અનુભવે છે અને **દિવસને અંતે એ વિકાર અને અજંપો અનુભવતો હોય છે.**

અશુભ માર્ગે જનાર ધીરે ધીરે સમજવા લાગે છે કે એની વૃત્તિ અને લાગણી અવળે માર્ગે ગતિ કરે છે અને તેથી જ એના ફળસ્વરૂપે અન્ય પર ગુસ્સો કે દમન કરે છે અને એ રસ્તે ચાલતાં અનાચારો અને અત્યાચારોમાં ઉમેરો કર્યે જાય છે. સદ્‌વૃત્તિભર્યા કાર્યથી કદી કંટાળો કે થાક લાગતો નથી. શુભ વૃત્તિ કરનારી શક્તિ કદી નિચોવાશે નહીં. ગમે તેટલું કાર્ય કરો, તો પણ હતાશ થવાતું નથી, બલકે વધુ ને વધુ જીવંતતા અને ઉલ્લાસનો અનુભવ થાય છે. **જીવનસાધકે પોતાની શુભ વૃત્તિને જાણીને એ માર્ગે જીવનપથનું નિર્માણ કરવું જોઈએ.**

શુભ વૃત્તિ કરનાર સાધક વિચારશે કે આવે સમયે ઈશ્વર એને કઈ રીતે સહાય કરશે? કારણ કે ઉચ્ચ ધ્યેય પ્રતિ લઈ જવાનું એણે તમારે માટે નિર્માણ કર્યું છે તો હવે એ જ તમારો રાહબર બનીને તમને રસ્તો બતાવશે જ. સંકટના સમયે એ જ તમને ધૈર્ય અને બળ પૂરું પાડશે. એ જ કસોટીકાળમાં તમારી વહારે ઊભો રહેશે. ઈશ્વરમાં શ્રદ્ધા રાખનાર ઈશ્વરનો પોતાની જીવનનૌકાના નાવિક તરીકે ઉમંગભેર સ્વીકાર કરે છે. ભારતીય સંતોના જીવનમાં આવો અનુભવ જોવા મળે છે. નરસિંહ મહેતા કે મીરાંબાઈ હોય, એકનાથ કે તુકારામ હોય, રમણ મહર્ષિ કે પૂજ્ય શ્રીમોટા હોય - એ પ્રત્યેકને આનો અનુભવ થયો છે. **એમણે ઈશ્વરમાં શ્રદ્ધા મૂકી અને ઈશ્વરે એમને સાથ આપ્યો.**

મારા આટલા બધા શિષ્યો છે અથવા તો મારા આટલા બધા મઠો, આશ્રમો કે ઉપાશ્રયો છે એમ કહેનાર પણ ધીરે ધીરે કોઈ અતિ ધનાઢ્યની માફક 'આટલા બધા'ના અહંકારમાં ઘેરાતો જાય છે. **એ પોતાની સઘળી શક્તિ શિષ્યો બનાવવામાં લગાડશે, ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝમાં પોતાનો વિક્રમ નોંધાવવાની તૈયારી કરશે.**

હકીકતમાં ઈશ્વરને નામે ચાલતો આ વેપાર છે. પોતાની ધર્મસભામાં અન્યની ધર્મસભા કરતાં પાંચ ગણા વધુ લોકો આવ્યા હતા, એમ કહીને ગર્વ ધારણ કરનારને તમે કેવા કહેશો? આટલા લાખની બોલી થઈ કે આટલા મોટા રાજનીતિજ્ઞ મળી ગયા, એમ કહીને સ્વપ્રશસ્તિ કરનારને શું કહેશો? સંત સ્વભાવ પ્રગટ કરે. સંસારી પ્રભાવ અહીં સંત પ્રભાવ પ્રગટ કરવાનું સાંસારિક કાર્ય કરીને પોતાના અહંકારને પોષીને, સંતત્વની દૂર ચાલ્યા જાય છે. સાચો

**સાચો સંત હોય તો આ બધી શક્તિ અને સિદ્ધિ માટે ઈશ્વરનો ઉપકાર માનશે, જ્યારે સંખ્યા ગણીને અહમ્ પોષનારો કે એનું સંવર્ધન કરનારો સાધુ કે આચાર્ય કદી સત્યને પામી શકશે નહીં અને અહિંસા પાળી શકશે નહીં.**

સંત હોય તો આ બધી શક્તિ અને સિદ્ધિ માટે ઈશ્વરનો ઉપકાર માનશે, **જ્યારે સંખ્યા ગણીને અહમ્ પોષનારો કે એનું સંવર્ધન કરનારો સાધુ કે આચાર્ય કદી સત્યને પામી શકશે નહીં અને અહિંસા પાળી શકશે નહીં.**

'લાલચ બૂરી બલા' એ કહેવત કેટલી બધી યથાર્થ છે. **જૈન ગ્રંથોમાં આવતી મમ્મણ શેઠની કથા એ લોભ અને લાલચનું માર્મિક દૃષ્ટાંત છે.**

મમ્મણ શેઠ પાસે સોનાનો રત્નજડિત બળદ હતો, રાજા શ્રેણિક આખું રાજ્ય વેચી નાખે, તો પણ આવો સોનાનો રત્નજડિત બળદ બની શકે નહીં. આવો સોનાનો રત્નજડિત બળદ હોવા છતાં વધુ સોનાની આશાએ **મમ્મણ શેઠ અમાવસ્યાની અંધારી રાતે પ્રાણની પરવા કર્યા વિના કંઈ મળે એની પાણીના ઘૂઘવતા ઘોડાપૂર વચ્ચે શોધ કરતા હતા.**

એનરોન અને વર્લ્ડકૉમ જેવી અતિ ધનાઢ્ય કંપનીઓનો જરા વિચાર કરો. આ કંપનીઓ પાસે એક સમયે ધનની રેલમછેલ હતી અને ફોર્ચ્યુન-૫૦૦ કંપનીઓમાં એમનું ગૌરવભર્યું સ્થાન હતું. એ ઉદ્યોગપતિઓને સર્વત્ર આદર સાંપડતો હતો, પરંતુ **એમને લોભનું એવું ગ્રહણ લાગ્યું કે આખી કંપની એ લોભથી તૂટી ગઈ.**

લોભવૃત્તિ માણસને જંપવા દેતી નથી અથવા એમ પણ કહીએ કે એનો લોભ સતત વૃદ્ધિ પામતો રહે છે. શેખ સાદીએ કહ્યું છે કે 'માનવી જો લાલચને ઠુકરાવી દે તો બાદશાહનો બાદશાહ બની શકે છે, કારણ કે **સંતોષથી જ માનવી હંમેશાં પોતાનું મસ્તક ગૌરવથી ઊંચું રાખી શકે છે અને લાલચથી દોડતી વ્યક્તિ સંતોષથી દૂર થતી જાય છે.'**

આવી લોભવૃત્તિએ આજે માણસને લાલચુ બનાવી દીધો છે અને એ લાલચ એવી હાનિકારક છે કે જ્યાં માનવી એના આત્મગૌરવને કે ઈમાનદારીને હોડમાં મૂકતા અચકાતો નથી. આથી પરમ પ્રત્યે ગતિ કરનારે પહેલો ચોકીપહેરો તો લોભવૃત્તિ પર રાખવો પડે. **લોભ પર ચોકીપહેરો આવશે એટલે આપોઆપ કેટલાંક અનિષ્ટોથી વ્યક્તિ દૂર રહેશે. પ્રપંચો એને નાપસંદ થશે અને એના હૃદયના ભાવોમાં પવિત્રતા જાગશે.**

સ્વામી દયાનંદ સરસ્વતીની પ્રારંભિક સાધનાના દિવસોમાં એક સદ્‌ગૃહસ્થે આવીને કહ્યું કે, 'મહારાજ, આપ મારા પર જરૂર પ્રસન્ન થશો, કારણ કે હું આપના માટે એક નવી લંગોટી લાવ્યો છું.' ત્યારે એના ઉત્તરમાં ભારતીય સંસ્કૃતિના મહાન ઉપાસક સ્વામી દયાનંદ સરસ્વતીએ કહ્યું, 'ભાઈ, તારી વાતથી હું પ્રસન્ન થયો નથી, પરંતુ અપ્રસન્ન થયો છું. આ એક જ લંગોટી ભારરૂપ છે, ત્યાં વળી નવી લંગોટીની નવી ઉપાધિ શા માટે? **તારી ઉમદા ભાવનાનો સ્વીકાર કરું છું, પરંતુ લંગોટીનો નહીં, જેવી એ લાવ્યો તેવી જ પાછી લઈ જા.'**

સંતોષની ભાવના એક અર્થમાં કહીએ તો લોભથી બચાવે છે. આને માટે કરવું શું જોઈએ? આના માટે વ્યક્તિએ હિંમત કેળવવી જોઈએ કે, 'મારે આટલું બસ છે.' **જે આટલું બસ છે એમ કહી શકે છે, એને કોઈના વશમાં રહેવું પડતું નથી કે કોઈની તાબેદારી સ્વીકારવી પડતી નથી.** ■



**ગુણવંત શાહ**
લેખક મોટા ગજાના સાહિત્યકાર, ચિંતક, જાણીતા કોલમિસ્ટ અને ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી'થી પુરસ્કૃત છે.

# પિતા તરફથી મળેલા સંસ્કાર

મારું કુટુંબ બે રંગે રંગાયેલું. પિતાશ્રી ચુસ્ત આર્યસમાજી હતા. ઘરમાં રોજ વેદમંત્રો સાથે સવારે પ્રાર્થના થતી. હજી આજે પણ મારા કર્ણમૂળમાં આ સ્વર સચવાયા છે. પછી તો **અમારા પરિવારની પ્રાર્થના રાંદેર ગામની જાહેર પ્રાર્થના બની ગયેલી.**

પિતાશ્રીને મેં કોઈ નોકરી કે ધંધો કરતા જોયા જ નથી. હું પાછલી ઉંમરનું સંતાન અને પિતાશ્રીને તો મેં વાંચતા, ગપાટા મારતા, ફરવા જતા કે નોંધ ટપકાવતા જ જોયા છે. હું વીસ વર્ષનો થયો હતો ને તેઓનો દેહવિલય થયો. હું તે દિવસોમાં ભરૂચ જિલ્લામાં પદયાત્રા કરતો હતો. એમની સ્મશાનયાત્રામાં પણ જોડાઈ ન શક્યો અને અગ્નિદાહ પણ આપી ન શક્યો. **હું પદયાત્રા કરવામાં અને રાંદેરના સર્વોદય સેવક શ્રીકાંત આપટેજીને ત્યાં ઋષિખેતી કરવામાં રમમાણ હતો. તેથી તેઓ ખૂબ દુઃખી હતા.**

> **ક્યારેક એક પ્રશ્ન મને પજવે છે– મારાં માતાપિતા તરફથી હું જે સંસ્કાર પામ્યો તે રીતે મારાં સંતાનોને હું કશુંક આપી રહ્યો છું ખરો? જવાબ છેક નિરાશ કરે તેવો નથી, પરંતુ એનો જવાબ તો સમય જ આપી શકે**

૧૯૫૭ના જૂનના આરંભે પૂજ્ય રવિશંકર મહારાજના અધ્યક્ષપદે સર્વોદય કાર્યકરોનું સંમેલન ભરૂચના સાધના વિદ્યાલયમાં મળેલું. પછી આખા જિલ્લાને આવરી લેતી પદયાત્રા ટુકડીઓ પડી અને અમે સૌ નીકળી પડ્યા. હું સૂર્યકાંત પરીખની ટુકડીમાં જોડાયો. બાપુજી ચોથી જૂને આવસાન પામ્યા. મને ઘરના લોકો શોધી ન શક્યા. આ ઘટના મારા ચિત્તામાં એક દુઃખદ ખટકો મૂકી ગઈ. બાપુજીની ખરી ખૂબીઓ મારા ધ્યાનમાં પાછળથી આવતી ગઈ. **આજે જે કંઈ લખું છું તે એમના તરફથી મળેલા સંસ્કારનો પ્રતાપ.**



પિતાશ્રી જ્ઞાનમાર્ગી અને બા કર્મમાર્ગી ગણાય. મને બંનેનો વારસો મળ્યો. અમારા પરિવારમાં આર્યસમાજી સંસ્કારને લીધો ભક્તિનું તત્ત્વ ખૂટતું ગણાય. ગીતાનો અને ઉપનિષદનો થોડોઘણો અભ્યાસ કર્યા વગરનું કર્મ વૈતરું છે. થોડીક સમજણનો વિકાસ થયો તેથી ગીતામાં જ્ઞાન, કર્મ અને ભક્તિનું જે ત્રિવેણીતીર્થ પ્રગટ્યું તેનો મહિમા કરતા હું થાકતો જ નથી. આમ હું ગીતાને સમન્વયતીર્થ કહું છું. લખવા-વાંચવા-વિચારવા સાથે હજી આજે પણ હું પંચશીલ અભિયાન ચલાવું છું. શિબિરો યોજું છું અને ક્યારેક પદયાત્રા કરું છું તેમાં ગીતાના સમન્વિત જીવનદર્શનનો ફાળો છે. **કૃષ્ણના જીવનમાં પણ આવો સમન્વય પ્રગટ થયો. ઋષિ વિનોબાના જીવનમાં પણ એ ફરી પ્રગટ થયો.**

ક્યારેક એક પ્રશ્ન મને પજવે છે. મારાં માતાપિતા તરફથી હું જે સંસ્કાર પામ્યો તે રીતે મારાં સંતાનોને હું કશુંક આપી રહ્યો છું ખરો? **જવાબ છેક નિરાશ કરે તેવો નથી, પરંતુ એનો જવાબ તો સમય જ આપી શકે.** ■

# સમાજ સૃષ્ટિ



**ડો. ભરત પટેલ**
લેખક ટ્રેનર, ફેસીલીટેટર અને કાઉન્સેલર છે

# 'ભાગીદારી હોય તો આવી...'

'સ્યુસાઈડ વેક્સિન' પુસ્તકનો પ્રચાર સેવાકાર્ય તરીકે સ્વીકારવામાં આવે છે ત્યારથી લોકો આત્મહત્યા ન કરે તે હેતુથી જ્યારે વ્યક્તિગત કે સામૂહિક કોઈ પણ મુલાકાત કરવામાં આવે ત્યારે અચૂક આ પુસ્તકની વાત વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવામાં આવે છે. આજે પણ એવું જ બન્યું. સાગબારા વિસ્તારના એક તાલીમવર્ગમાં પણ આ પુસ્તકની વાત કરી. **જ્યારે ચા-પાણીનો બીજો વિરામ હોય ત્યારે વાત કરી તો એક બહેને વિરામ પૂરો થતાં તરત જ એક પુસ્તક ખરીદી લીધું.**



સાગબારા તાલુકા પંચાયતના વિશ્રામગૃહમાં મારો મુકામ હતો. રાત્રે જમ્યા પછી નિરાંતની પળમાં હું વિચારતો હતો કે આ વિસ્તાર સંપૂર્ણપણે આદિવાસી વિસ્તાર છે. લોકોનું જીવન પુષ્કળ સંઘર્ષમય છે અને તેમાંય બહેનોનું ખાસ. પાણીના પ્રશ્નો, ખેતીના પ્રશ્નો, વિસ્તાર અંતરિયાળ હોવાને કારણે તમામ સુવિધાઓની ઉપલબ્ધિના પ્રશ્નો. જે બહેનો તાલીમમાં આવે છે તે તમામ બહેનો આરોગ્ય વિભાગમાં 'આશા વર્કર' તરીકે સેવાઓ આપે છે. તેમનો પગાર નિયમિત કે કાયમી નથી. તેમની આવક દ્વારા કાળજી લઈ મદદ કરવામાં આવેલ સુવાવડના કેસ દીઠ હોય છે. મહિનામાં માંડ એકાદ-બે કેસ હોય એટલે કે આવક સરેરાશ ૧૦૦૦ રૂપિયા કરતાં પણ ઓછી રહે. તેમ છતાંય આરોગ્ય વિભાગની ઘણી બધી પ્રચાર-પ્રસારની કામગીરીમાં મદદરૂપ થાય છે. **હવે આ બહેનોને 'આશા વર્કર' ઉપરાંત ગામમાં શૌચાલય બનાવવાની પણ જવાબદારી વધી. આવતી કાલે શક્ય બને તો અવશ્ય જાણવું પડશે કે આ પુસ્તક ખરીદનાર બહેનનો હેતુ શું છે.**

> **'સાહેબ, અમારી પાસે સો રૂપિયાની સગવડ ના હોય, અમારા માટે બહુ મોટી રકમ કહેવાય અને પાછો ઘરે જવાબ આપવાનો હોય એટલે અમે ત્રણેય બહેનોએ ભેગા થઈ, ભાગમાં પૈસા કાઢી આ ચોપડી ખરીદી છે'**

બીજા દિવસે જમવાના વિરામ દરમિયાન જમવામાં લાઈન હતી અને ત્રણ બહેનો રાહ જોઈને પહેલી પાટલી ઉપર વાતો કરતી બેઠી હતી, તેમની પાસે જઈ નામ પૂછી વાતની શરૂઆત કરી, 'સવિતા, મને આ પુસ્તક ખરીદવા પાછળનું કારણ જણાવીશ? તને વાંચવાનો શોખ છે? કેટલું ભણેલી છે?' વગેરે વગેરે... સવિતાનો જવાબ સાંભળીને તો હું અવાક્ થઈ ગયો. સવિતાની ઉંમર, આર્થિક, સામાજિક, કૌટુંબિક, શૈક્ષણિક તમામ સ્થિતિ અને સ્તર ધ્યાનમાં રાખીને વિચારીએ તો આપણને એમ થાય કે આપણે સૌ કહેવાના મોટા માણસો... **કદાચ ભાગ્યે જ આવું વિચારી શકીએ એવો વિચાર આપણે જેને દરેક રીતે નાના ગણતા હોઈએ છીએ તે માણસો વિચારે છે. મને સવિતા માટે અત્યંત આદર ઊપજ્યો.**

સવિતાનો જવાબ હતો કે, 'સાહેબ, હું તો માત્ર દસ ચોપડી ભણેલી છું. ઘરકામ, ખેતીકામ અને આશા વર્કરની જવાબદારીને કારણે વાંચવાનો સમય પણ નથી મળતો, પરંતુ અમે જ્યારે ગામમાં લોકોના ઘરે જઈએ છીએ ત્યારે આરોગ્ય માટે જાગૃતિ લાવવા માહિતી આપીએ છીએ. હવે તો શૌચાલય અને સ્વચ્છતા માટે જાગૃતિ લાવવા પણ માહિતી આપવાની થશે. જો અમે આ પુસ્તક વાંચીશું તો - માણસે પરિસ્થિતિનો સામનો કરવો જોઈએ, નિરાશ થવાની કે આત્મહત્યા કરવાની જરૂર નથી- તેવો સંદેશો પણ બહેનોને સાથોસાથ જ આપી શકાશે. **થોડું થોડું વાંચીને આ પુસ્તકમાંથી માહિતી મેળવીશું અને લોકોને જણાવીશું તો લોકોની સેવા થશે. અમારે તો એક પંથ - ત્રણ કામ થશે. માટે આ ચોપડી ખરીદી છે.' કેટલા ઉમદા વિચાર. ખરેખર મને સવિતા માટે માન થયું.**

પરાકાષ્ઠાનો અનુભવ તો મને ત્યાર પછી થયો. સવિતાની બાજુમાં બેઠેલી રંજનને મેં અભ્યાસ પૂછ્યો તો કહે, 'એફવાય બીએ કરેલું છે.'

'રંજન, તું તો સવિતા કરતાં વધુ ભણેલી છે તો તેં કેમ પુસ્તક નથી ખરીદ્યું?' રંજને કહ્યું, 'સાહેબ, અમારી પાસે સો રૂપિયાની સગવડ ના હોય. અમારા માટે બહુ મોટી રકમ કહેવાય અને પાછો ઘરે જવાબ આપવાનો હોય એટલે અમે ત્રણેય બહેનોએ ભેગા થઈ, ભાગમાં પૈસા કાઢી આ ચોપડી ખરીદી છે.' **હું ત્રણેય બહેનોને અંતરથી સલામ કરી કામે લાગ્યો.**

ખરેખર આજે વાસ્તવિકતાનું ભાન થયું કે હું મારી જાતને બહુ મોટો ટ્રેનર ગણું છું અને હંમેશાં કૉલર ઊંચા રાખીને ફરું છું, પણ આ બહેનોને હું શું તાલીમ આપવાનો હતો... મારે તો તેમની પાસેથી ઘણું શીખવાનું છે. ગર્વ ઓગળી ગયો. ■



**રસિક પટેલ**
લેખિકા આધુનિક વિચારસરણી ધરાવતાં જાણીતાં કોલમિસ્ટ છે

# આકાશનો ખાલીપો અને મેઘધનુષના રંગો



**વિષાદ હોય કે આનંદ બંનેનું જનક આપણું મન છે. જો સતત આનંદમાં જીવીએ તો એક સમયે આનંદનો પણ કંટાળો આવે છે, સુખની અનુભૂતિ એટલે જ થાય છે, કારણકે દુ:ખનું અસ્તિત્વ છે. દરેક વસ્તુ ક્ષણજીવી હોય છે– કાયમ હોતી જ નથી, એ પછી દુ:ખ હોય કે સુખ, રાત હોય કે દિવસ**

ખુલ્લા વિશાળ આકાશ પાસે વિશાળતા તો છે, પરંતુ તેનાથી પણ વધારે ખાલીપો છે, શૂન્યાવકાશ છે, મેઘધનુષ જ તેમાં રંગો પૂરીને આ ખાલીપાને દૂર કરે છે. આકાશમાં રંગો ભરવાનું કામ મેઘધનુષ કરે છે. સાત રંગોથી ભરપૂર મેઘધનુષ આકાશમાં રંગો પૂરીને પોતાની હયાતીનો અહેસાસ કરાવે છે, મેઘધનુષના સાત રંગોથી આકાશની સુંદરતા ખૂબ વધી જાય છે, મેઘધનુષનો વળાંક કહે છે કે જ્યાં જરૂર પડે ત્યાં જીવનને પણ વળાંક આપો... જે વૃક્ષ સીધું અને ટટ્ટાર હોય છે તેની ઉપર કુહાડીનો પ્રથમ ઘા થાય છે. જીવનમાં પણ આડા-અવળા કે વાંકા-ચૂંકા માણસો ઉપર કોઈ ઘા કરતું નથી. આકાશની ક્ષમતા વિશાળ છે જ્યારે મેઘધનુષ સીમિત છે. મેઘધનુષ પોતાના રંગોની સુંદરતા થકી એક આગવી છાપ ઊભી કરે છે. મેઘધનુષ નાનું છે પણ તેની પાસે રંગોથી ભરપૂર ખજાનો છે. **જ્યારે મેઘધનુષ ખુલ્લા-વિશાળ આકાશમાં અસ્તિત્વમાં આવે છે ત્યારે એ જ નાનું મેઘધનુષ આકાશનો કોહીનૂર હીરો બની જાય છે.**

સતત પ્રફુલ્લિત રહેવું અને જીવવું એ ઓછું સંભવ છે. ક્યારેક તો વિષાદ તમને ઘેરી વળે છે અને વિષાદ છે એટલે જ આનંદનું મૂલ્ય અદકેરું છે. વિષાદ હોય કે આનંદ બંનેનું જનક આપણું મન છે. જો સતત આનંદમાં જીવીએ તો એક સમયે આનંદનો પણ કંટાળો આવે છે, સુખની અનુભૂતિ એટલે જ થાય છે, કારણકે દુ:ખનું અસ્તિત્વ છે. દરેક વસ્તુ ક્ષણજીવી હોય છે- કાયમ હોતી જ નથી, એ પછી દુ:ખ હોય કે સુખ, રાત હોય કે દિવસ. સૂર્ય ઊગે છે અને આથમે છે, રાત પડે છે અને ચંદ્રનું આગમન થાય છે, સવાર પડે છે ને ચંદ્ર વિદાય લે છે અને સૂર્યનું આગમન થાય છે. પ્રકૃતિની દરેક વસ્તુ પોતપોતાના નિર્ધારિત સમયે આવે છે અને જાય છે. કુદરતનું આ જ સમયચક્ર છે.. જે સતત ફર્યા કરે છે અને ઈશ્વરનાં રચેલાં દરેક પાત્રો આ સમયચક્રથી બંધાયેલાં છે. જે આવે છે તેનું જવું નિશ્ચિત હોય જ છે. રોકાઈ જવું કોઈના માટે સંભવ નથી. કોરોના આવ્યો... ગયો... હવે કદાચ ફરી પણ આવશે. શરીર સંપત્તિ એ સહુથી મોટી સંપત્તિ છે. ધ્યાન કરવા માટે પણ શરીરે સુખરૂપ હોવું જરૂરી છે. ભગવાનનું ભજન કરવા માટે પણ શરીર સારું હોવું જરૂરી છે, શરીર એ સાધન પણ છે અને જીવવાનું માધ્યમ પણ છે. આત્મા સર્વસ્વ છે... વાત સાચી, પરંતુ આત્મામાં લીન થવા માટે જે સાધન છે તે તો શરીર જ છે. **દરેક વસ્તુ ક્ષણજીવી હોય છે, કુદરતના સમયચક્ર અનુસાર જ બધું બને છે અને થાય છે.**

કોઈ ન્યૂઝ પેપરના બેસણાંની જાહેરાતનું કોલમ બન્યા પહેલાં જીવન ધબકતું હોય ત્યારે જ જે કરવાનું હોય તે કરી લઈએ. એક વાર ન્યૂઝ પેપરમાં બેસણાંનું કોલમ બની ગયા પછી કશું જ થવાનું નથી, તમે ગમે તેટલા ધમપછાડા કરો, પણ કંઈ જ નહિ થાય. એ બેસણાંની જાહેરાત પણ બીજા દિવસે પસ્તી બની જઈ કોઈ ભંગાર પસ્તીવાળાને ત્યાં મુકામ કરતી હશે. બેસણાંની જાહેરાતમાં છાપેલો તમારો ફોટો પણ પસ્તીના બંડલ જોડે કચકચાવીને બાંધેલો હશે. તમે રુદન પણ નહીં કરી શકો. તમે રોઈ શકો... તમે ખડખડાટ હસી શકો, તમે આડા-અવળા કૂદકા મારો કે પછી ઊંચા-નીચા ઠેકડા મારો, ખુલ્લા મને બાગ-બગીચામાં ટહેલી શકો કે પછી રોડ ઉપર ધમધમાટ દોડી શકો તે બધું જ તમે જીવંત હો ત્યારે જ શક્ય છે. એક વાર બેસણાંની જાહેરાતમાં ચમકી ગયા પછી બધું જ પૂરું થઈ જશે તે નક્કી છે. તો આવો આજે જ જીવી લઈએ .... અત્યારથી જ અરમાનો... ઈચ્છાઓ... લાગણીઓને બંધનમુક્ત કરી વહેતી કરો, જીવનની દરેક ક્ષણનો આનંદ ઉઠાવો, જીવનને જીવંત બનાવો,પશુ-પક્ષીઓ ક્યારેય સ્ટ્રેસ અનુભવતાં નથી, કારણ કે **જે કંઈ સ્ટ્રેસ હોય છે તે ભેગું કરવાનો હોય છે, જે ભેગું કરેલું ક્યારેય જોડે આવવાનું નથી તે જાણતા હોવા છતાં..!!**

જીવન સતત પાંગરતું રહે છે, સાથે સાથે વિકસતું પણ રહે છે. તૂટેલી દીવાલની તિરાડમાં પણ પીપળો પોતાનો અડ્ડો જમાવે છે. તેને નથી જરૂર પડતી પાણીની કે નથી જરૂર પડતી કોઈ પણ ખાતરની!! તે સૂકી દીવાલમાંથી જ પોતાનું પોષણ મેળવી લે છે, એ કંઈ બૂમાબૂમ નથી કરતો કે રડારોળ પણ નથી કરતો કે મને ખાતર આપો...પાણી આપો. જે પણ કુદરતી સ્ત્રોત ઉપલબ્ધ હોય છે તેમાંથી જ પીપળો પોષણ મેળવી લે છે. વેરાન વગડામાં પણ એકલું અટૂલું કોઈ વૃક્ષ થોડીક ડાળીઓ અને નામ પૂરતાં પાંદડાં સાથે ઊભું હોય છે. આજુબાજુ દૂર દૂર સુધી કોઈ જ વૃક્ષ નથી હોતું છતાં પણ તે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે. રણની સૂકી રેતની થપાટો ખાતું ખાતું અને રણના સૂકા પવનના ગરમ સૂસવાટા સહન કરતું તે વૃક્ષ ટકી રહે છે અને રેતીની આંધી વચ્ચે પણ તે પોતાનો અડિંગો જમાવી અણનમ ઊભું રહે છે. **એ જ પ્રમાણે જીવનમાં આવતા-નાના મોટા સંઘર્ષો સામે ટકી રહેવું તે જ તો છે જીવન જીવવાની સાચી સમજણ અને દિશા પણ... તે નિર્વિવાદ છે.** ■

# FLORA AKSHAR CITY

સાઈટ : એલ.ઈ. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં
મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૨

Contact : **99252 48651, 86000 04901**







# FLORA PALMS

સાઈટ : એલ.ઈ. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં
મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૨

Contact : **99252 48651, 86000 04901**

# FLORA ૧૧

સાઈટ : ફ્લોરા ૧૧, રવાપર રોડ,
ફ્લોરા ૧૫૮ ની પાસે, મોરબી - ૩૬૩૬૪૧

Contact : **99252 48651, 98250 30271**




**સ્થાપક શ્રી કિશોરભાઈ વિરમગામાના સાહસ, પુરુષાર્થ અને એકમેવ લગનથી સાકાર થયેલ એક સ્વપ્ન જેણે ગુજરાતમાં ઉત્કૃષ્ટ પ્રોજેક્ટ્સ થકી રીયલ એસ્ટેટ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ બનાવી છે.**

**સુંદરતમ પ્રોજેક્ટ્સ જે ગુણવત્તાની દ્રષ્ટિએ તો શ્રેષ્ઠતમ હોય પરંતુ કલાત્મકતાના પણ નવા માપદંડ સ્થાપિત કરે તે ફ્લોરા ગ્રુપની પહેચાન છે. ફ્લોરા ગ્રુપના પ્રોજેક્ટ્સ ત્યાં વસનારા લોકો માટે આજીવન આનંદ અને પરમ સંતોષનું કારણ બન્યું છે અને એટલે જ આટલા વર્ષોની અડીખમ ઓળખ, પ્રત્યેક પ્રોજેક્ટ સાથે વધુ મજબૂત બની છે.**



**શ્રી કિશોરભાઈ વિરમગામા**

વિશ્વાસ અને
ગુણવત્તાના પાયા પર
**રચાયેલી અડીખમ
ઓળખ...**

# FLORA FARMS

Site : Flora Farms, B/H. Sanala Village,
Rajkot - Morbi Highway, Sanala, Morbi

Contact : **99252 48651, 98250 30271**







# FLORA IRIS

એડ્રેસ : ફ્લોરા આઈરીસ, સાનિધ્ય બંગ્લોઝની સામે,
ફ્લોરા એક્ઝોરા રોડ,સાઉથ બોપલ, અમદાવાદ - ૩૮૦૦૫૮

Contact : **95795 22222 , 95125 12222**

પી. જે. પ્રૂદોં

# મોટા માણસો મોટા છે એનું કારણ આપણે એમને ઘૂંટણિયે પડેલા છીએ

**આપણી વ્યક્તિપૂજા એટલી બધી આંધળી હોય છે કે એના પહાડ જેવા દોષને પણ જોતા નથી. કોઈ એક જ વ્યક્તિની આસપાસ એના હજૂરિયાઓ ગોઠવાઈ જાય છે. એની આસપાસ આ હજૂરિયાઓ માફિયાની જેમ ફરતા હોય છે.**

વ્યક્તિપૂજાઃ અધર્મ લાગે એટલી હદે આપણો ધર્મ થઈ ગયો છે. ભગવાન જોયાં નથી અને આપણે ઘેલા થયા નથી. ધર્મ એ ધંધો થઈ ગયો છે અને ધંધામાં ધર્મ રહ્યો નથી. પ્રજાને દર બે-પાંચ વર્ષે વ્યક્તિપૂજાની આંકડી આવે છે. રમવા માટે કોઈ જીવતું રમકડું જોઈએ છે. **કોઈ પણ રમકડાને રામ-રમકડું બનાવી દેતાં આપણને વાર લાગતી નથી.**

જેમ આપણાં અનેક મંદિરો અને ધર્મસ્થાનો છે તેમ આપણા અનેક ભગવાનો છે. રાજકારણના ભગવાન જુદા. ધંધાની દુનિયાના ભગવાન જુદા. આ અમારો ડાયમંડ-કિંગ, આ અમારા શૅરબજારનો લાયન, આ અમારો રેડીમેઈડ ગારમેન્ટ્સનો રાજા, આ શિક્ષણનો કુળદેવતા, આ અમારા માટે છેલ્લો શબ્દ... કોઈ ક્ષેત્ર એવું નથી કે જ્યાં વ્યક્તિપૂજાનો મહિમા ન હોય. કોઈ ભૂમિ આપણે કુંવારી રાખતા જ નથી. **રસ્તાનો પથ્થર હોય એને સિંદૂર લગાડીએ અને કહીએ કે આ અમારા હનુમાનબાપા.**

વ્યક્તિપૂજાનો પ્રારંભ થાય એટલે એની સંતકથા, દંતકથાનો મેળો જામે. એ શું ખાય છે, શું પીએ છે, કયે પડખે ઊંઘે છે, કયાં ફૂલ સૂંઘે છે... એની નાની નાની વાતને આપણે બહેલાવીએ છીએ. જેની પૂજા કરીએ છીએ એને છીંક આવે એ પહેલાં તો રૂમાલ તૈયાર રાખીએ છીએ. આપણી વ્યક્તિપૂજા એટલી બધી આંધળી હોય છે કે એના પહાડ જેવા દોષને પણ જોતા નથી. કોઈ એક જ વ્યક્તિની આસપાસ એના હજૂરિયાઓ ગોઠવાઈ જાય છે. એની આસપાસ આ હજૂરિયાઓ માફિયાની જેમ ફરતા હોય છે. સમાજમાં જાણે કે બે જ વર્ગ છે - નેતાઓનો અને ઘેટાંઓનો. ભક્તિને નામે ગુલામી કરીએ છીએ. આદરને નામે અત્યાચાર કરીએ છીએ. પ્રેમને નામે પગલાઈને પોષીએ છીએ. કોઈ પણ વાતને તર્કબદ્ધ રીતે જોવાનું શીખ્યા જ નથી. **જેની પૂજા કરીએ એનો શબ્દ પડ્યો નથી અને આપણે ઝીલ્યો નથી. માનવમેદની શબ્દમાં મેદ છે, ચરબી છે, શક્તિ નથી.**



અમારા એક ઓળખીતા એમના ગુરુ હીંચકા પર બેસે પછી ગુરુને ઠેસ મારીને જાતે હીંચકો ચલાવવાનો પણ લાભ ન લેવા દે. ગુરુ હીંચકા પર અને એ હિંડોળો હલાવ્યા કરે. ગુરુ કોઈક કામસર હીંચકા પરથી ઊભા થઈને બીજા ખંડમાં ગયા. ત્યાં એમને પંદરેક મિનિટ લાગી. પેલા કહેવાતા ભક્તજન ખાલી હીંચકો પણ હલાવતા રહ્યા. એમને કહ્યું કે ભાઈ, હીંચકા પર ગુરુ બેઠા નથી ત્યારે એમને ભાન આવ્યું. આપણે જિંદગીભર આવા ખાલી હીંચકાઓ જ હલાવ્યા કર્યા છે. **આખી પ્રજા ઓછે-વત્તે અંશે આમાં કોઈક ને કોઈક રીતે દૃશ્ય-અદૃશ્ય રીતે સામેલ હોય છે.**

વ્યક્તિપૂજા ઘણી કરી. હવે ઉત્તિષ્ઠત, જાગ્રત. હવે તો ઊભા થાઓ. ઊંઘને ખંખેરો. **જ્યાં ને ત્યાં ઘૂંટણિયે પડવાનો અને માટીપગાને મહાન કરવાનો ધંધો બંધ કરો.** ■



**સંપાદક : ડૉ. ભગીરથ પટેલ**
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક પ્રાધ્યાપક છે.

हर करम अपना करेंगे, ए वतन तेरे लिये
हम जियेंगे और मरेंगे, ए वतन तेरे लिये

# ગનુ ગામડિયો





ગનુ અભણ ગામડિયો હતો. તેને લખતાં-વાંચતાં આવડતું નહોતું. તેણે લોકોને મોટા ભાગે ચશ્માં પહેરીને ચોપડીઓ કે છાપાં વાંચતાં જોયા હતા. તેથી તે વિચારતો કે મારી પાસે પણ જો ચશ્માં હોય તો હું પણ લોકોની જેમ જરૂર વાંચી શકું. **હું શહેરમાં જાઉં અને મારા માટે ચશ્માં ખરીદી લાવું. પછી હું પણ ચોપડીઓ અને છાપાં વાંચી શકીશ.**

એક દિવસ ગનુ શહેરમાં ગયો. તે ચશ્માંની દુકાનમાં ગયો અને કહ્યું, **'મને વાંચવાના ચશ્માં આપો.'**

દુકાનદારે એની આગળ ચશ્માંની જુદી જુદી જોડીઓ મૂકી. એક ચોપડી પણ એને આપી. ગનુએ વારાફરતી અલગ અલગ ચશ્માં પહેરી ચોપડી વાંચવાનો પ્રયત્ન કર્યો, પણ એ કશું વાંચી શક્યો નહીં. એણે દુકાનદારને કહ્યું, **'આ તમામ ચશ્માં મારા માટે નકામાં છે.'**

દુકાનદારે ગનુ તરફ શંકાની નજરે જોતાં તેના હાથમાંની ચોપડી જોઈ. તેણે ચોપડી ઊંધી પકડી હતી. **દુકાનદારે કહ્યું, 'મને લાગે છે કે કદાચ તમને વાંચતાં આવડતું નથી.'**

ગનુ બોલ્યો, 'ના, મને વાંચતાં નથી આવડતું. બીજાની જેમ હું વાંચી શકું માટે તો ચશ્માં લેવાં છે. પણ **અમાંના કોઈ ચશ્માંથી હું વાંચી શકતો નથી. હું વાંચી શકું એવાં ચશ્માં આપો ને...'**

દુકાનદારને પોતાના અભણ ગ્રાહકની મુશ્કેલીનો ખ્યાલ આવી ગયો. તેણે હસવું દબાવી રાખી ગામડિયાને કહ્યું, 'મારા દોસ્ત, તું ખૂબ ભલોભોળો દેખાય છે. આપણે ચશ્માં પહેરીએ એટલે કાંઈ લખતાં-વાંચતાં ના આવડે. ચશ્માં તો વધારે ચોખ્ખું જોઈ શકાય તે માટે પહેરવાનાં હોય છે. માટે **તું પહેલાં લખતાં-વાંચતાં શીખ. પછી વગર ચશ્માંએ તને વાંચતાં આવડી જશે.'**

(સૌજન્ય: નવનીત એજ્યુકેશન લિમિટેડ) ■



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## સંસ્થાના વૈશ્વિક સંગઠન અંતર્ગત - ઉત્તરાખંડ - ઉત્તરપ્રદેશ ધર્મ - સામાજીક યાત્રા

જગતજનની મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવા તથા સંગઠનની જ્યોતને પ્રજ્વલિત તેમજ પ્રસારિત કરવા અંતર્ગત સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખ એવમ્ ચેરમેનશ્રી - કેન્દ્રીય સંગઠન કમિટી, શ્રીડી. એન. ગોલ, ઈનોવેટીવ & ઈનીશીયેટીવ કમિટી ચેરમેનશ્રી - ડો. ભગીરભાઈ કે. પટેલ, કેન્દ્રીય સંગઠનના કો-ચેરમેનશ્રી પ્રવિણભાઈ બી. પટેલ વિગેરે ઉત્તરાખંડ - ઉત્તરપ્રદેશની ધાર્મિક - સામાજીક યાત્રા ઉપર ગયેલ.



તા. ૨૫-૦૬-૨૦૨૩, રવિવારના રોજ દેહરાદૂન (ઉત્તરાખંડ) માં સરદાર વલ્લભભાઈ પટેલ મહાસભાના ગઠન અને છત્રપતિ શાહૂજી મહારાજના જન્મદિવસ નિમિત્તે આયોજીત સમારહોમાં મુખ્ય મહેમાનશ્રી તરીકે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી આર.પી.પટેલ સાથે હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યાં તેમનું મોમેન્ટો તેમજ બુકેથી ભાવભર્યુ સ્વાગત કરી સન્માનિત કરવામાં આવ્યા.



સદર કાર્યક્રમનું આયોજન અધ્યક્ષશ્રી દુર્ગા પ્રસાદ વર્માજી, જનરલ સેક્રેટીરશ્રી ઉમેશ કન્નૌજીયા, વાઈસ પ્રેસીડેન્ટ ડો. કલ્પના સચાન, ડો. એસ. એચ. સચાન - રીટાયર્ડ આઈ.જી., સંરક્ષક શ્રી શરદ સચાન, ડો. રાહુલ સચાન એસ. પી. વિગેરે દ્વારા કરવામાં આવેલ તે બદલ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સરદાર વલ્લભભાઈ પટેલ મહાસભાના તમામ હોદ્દેદારશ્રીઓ પ્રત્યે ગૌરવ અને અહોભાવની લાગણી અનુભવે છે.





**समाज को जोड़कर चलना ही संगठन की पहली प्राथमिकता: पटेल**

शाह टाइम्स संवाददाता

देहरादून। छत्रपति साहू जी महाराज के जन्म दिवस की पूर्व संध्या पर सरदार वल्लभ भाई पटेल महासभा ने सिद्धार्थ लॉ कालेज के सभागार में मेधावी छात्रों का सम्मान समारोह आयोजित किया गया। कार्यक्रम में छत्रपति साहू जी महाराज एवं सरदार वल्लभ भाई पटेल के जीवन के बारे में महत्वपूर्ण जानकारी दी गयी।

कार्यक्रम अहमदाबाद गुजरात से आए विश्व उमिया फाउन्डेशन के प्रसीडेंट आर.पी. पटेल मुख्य अतिथि के रूप में रहे। इस दौरान कार्यक्रम में पटेल समाज के गणमान्य लोग भी उपस्थित हुए। सिद्धार्थ लॉ कॉलेज के सभागार में हुए कार्यक्रम में सरदार भाई वल्लभ पटेल महासभा संस्था ने निशुल्क मेडिकल कैंप का भी आयोजन किया। इस दौरान सैकड़ों लोगों ने अपनी निशुल्क जांच कराई।वही कार्यक्रम में बोलते हुए मुख्य अतिथि आर.पी. पटेल ने कहा कि समाज को जोड़कर चलना ही संगठन की पहली प्राथमिकता होगी।वही संस्था के अध्यक्ष दुर्गा प्रसाद वर्मा ने कहा कि हमें समाज के हितों को जानकर उनके प्रति काम करने की आवश्यकता है। साथ ही संगठन हमेशा सभी लोगों के साथ कंधे से कंधा मिलाकर आगे बढ़ेगा और हर उन लोगों की मदद करेगा जो असल में मदद के लायक हैं। कार्यक्रम की अध्यक्षता डॉ0 एस.एन. सचान, संरक्षक शरद सचान, अध्यक्ष दुर्गा प्रसाद वर्मा, महासचिव पटेल उमेश कन्नौजिया, कोषाध्यक्ष सुरेन्द्र कुमार निरंजन, उपाध्यक्ष आर.पी. राठौर, कल्पना सचान, संजय वर्मा,आर.पी. एस. गंगवार, धर्मेन्द्र, अपर सचिव उत्तराखण्ड शासन, एस के सिंह उपनिदेशक जलागम, डॉ0 राहुल सचान सहित लॉ कॉलेज के डायरेक्टर डीके त्यागी एवं नर्सिंग कॉलेज के प्रधानाचार्य डॉ अनिल कुमार आदि मौजूद रहे।इस दौरान कार्यक्रम संच. लन रेनू सचान ने किया।

■ छत्रपति साहू जी महाराज के जन्म दिवस की पूर्व संध्या पर मेधावी छात्रों का किया गया सम्मान

## ઉત્તરપ્રદેશ - લખનઉ ધર્મ - સામાજીક યાત્રા દરમિયાન

## માન. મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથ સાહેબશ્રી સાથે શુભેચ્છા મુલાકાત





તા. ૨૯ જુન, ૨૦૨૩ સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ તથા પદાધિકારીઓ - શ્રી ડી.એન. ગોલ, શ્રી પ્રવિણભાઈ પટેલે ઉત્તર પ્રદેશના માન.મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથ સાહેબશ્રી સાથે શુભેચ્છા મુલાકાત કરેલ. મુલાકાત દરમિયાન સંસ્થા વતી મા પ્રકૃતિ મંદિર તેમજ સરદાર વલ્લભભાઈ પટેલની એકતાની પ્રતિમા આપી સન્માનિત કરવામાં આવેલ.

આ દરમિયાન પ્રમુખશ્રી આર.પી.પટેલે સંસ્થાના વીઝન - મીશન તથા સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે વિગતે માહિતગાર કર્યા અને વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થઈ રહેલ જગતજનની મા ઉમિયાના દર્શનાર્થે તથા આગામી મા ઉમિયા પાટોત્સવ કાર્યક્રમમાં પધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવેલ.

## કેન્દ્રીય યુથ સંગઠન મીટિંગ - ગોબરી રોડ, પાલનપુર ખાતે



સમાજના યુવાવર્ગને વધુ મજબૂત બનાવવા માટે સંસ્થા દ્વારા સંગઠનના માળખા ઉપર સવિશેષ કામગીરી થઈ રહેલ છે, ત્યારે સમાજનો યુવાવર્ગ બિઝનેસ, અભ્યાસ, રમત-ગમત, યુવા ઉત્કર્ષ જેવા વિવિધ ક્ષેત્રોમા લીડરશીપ થઈ સામાજિક સંગઠનના પ્રહરી બને તે હેતુસર બનાસકાંઠા યુવાવર્ગને સંસ્થામાં સહભાગી બનાવવા ઉમાસેવક સંમેલનનું આયોજન કરવામાં આવેલ, જેમાં વિશેષ મહેમાન તરીકે સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર. પી. પટેલ ઉપસ્થિત રહી યુવાઓને પ્રોત્સાહન પૂરું પાડેલ.



## કેન્દ્રીય યુવા સંગઠન - પદભાર સમારોહ






વિશ્વ ઉમિયાધામની કેન્દ્રીય યુવા સંગઠન ટીમ સ્પોર્ટ્સ, ઉમાછત્ર તેમજ બિઝનેસ ક્ષેત્રે યુવાઓના કૌશલ્યને ઉજાગર કરવાનું ગૌરવરૂપ કાર્ય કરી રહેલ છે, ત્યારે...



તા.૦૮-૦૭-૨૦૨૩-યુવા સંગઠનના માળખામાં રિજીયન અને ડિવિઝન કક્ષાએ સ્વૈચ્છિક છતા નિષ્ઠા અને વફાદારીપૂર્વક સંગઠન ક્ષેત્રે સક્રિયપણે કાર્ય કરવાની જવાબદારી વહન કરવા અંતર્ગત પદભાર પત્ર એનાયત કરવામાં આવેલ. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલે જણાવેલ કે, પદભારનું શું મહત્ત્વ છે અને તેની ગરિમા કેવી રીતે નિભાવવી તે વિશે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડી યુવાનોને પ્રોત્સાહિત કરેલ.

## ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના હોદ્દેદારશ્રીઓ/કારોબારી સભ્યશ્રીઓ મા ઉમિયાના દર્શનાર્થે

આપણા સૌની માતૃસંસ્થા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના હોદ્દેદારશ્રીઓ, કમિટી ચેરમેનશ્રીઓ તેમજ કારોબારી સભ્યશ્રીઓ તથા વિશ્વ ઉમિયાધામ - જાસપુરના હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ અને કમિટી ચેરમેનશ્રીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બંને સંસ્થાઓએ સમાજોપયોગી તેમજ સમાજના ઉત્થાન માટે ચર્ચા કરી હતી, ત્યાર બાદ વિશ્વ ઉમિયાધામ મંદિરના ધર્મસ્તંભના નિર્માણ કાર્યને નિહાળી મા ઉમિયાના દર્શન - આરતી કરી ધન્યતા અનુભવી.






સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી આર. પી. પટેલે બેઠક દરમિયાન જણાવેલ કે ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા એ સમસ્ત પાટીદાર સમાજની માતૃ સંસ્થા છે. આજે સમગ્ર વિશ્વ ઉમિયાધામ - પરિવાર આપનું ઉમળકાભેર સ્વાગત કરે છે અને આવનાર સમયમાં સમાજના નાના માણસ સુધી સમાજોલક્ષી પ્રવૃત્તિઓ થકી મદદરૂપ થવાનો સંસ્થાનો અભિગમ છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના ટ્રસ્ટીશ્રી એમ.એસ.પટેલે જણાવેલ કે વિશ્વ ઉમિયાધામ - પરિવાર દ્વારા અમારું જે સ્વાગત કર્યું તે બદલ આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. બંને સંસ્થા એક જ છે અને સમાજોપયોગી કાર્યમાં વિશ્વ ઉમિયાધામની સાથે છીએ. વધુમાં તેમણે કહ્યું કે સ્ટેચ્યુ ઓફ યુનીટી જેવી રીતે વિશ્વમાં પ્રસિદ્ધ છે તેવી જ રીતે જગતજનની મા ઉમિયાનું વિશ્વનું સૌથી ઊંચું મંદિર એટલે વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ પણ જગ પ્રસિદ્ધ થશે.



## સંસ્થાના હોદ્દેદારશ્રીઓ તથા કોર-કમિટીની મીટિંગ - નિકોલ ખાતે



તા. ૧૦-૦૭-૨૦૨૩ ના રોજ સંસ્થાના હોદ્દેદારશ્રીઓ તથા કોર-કમિટીના સભ્યશ્રીઓની મીટિંગ સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલના અધ્યક્ષ સ્થાને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - નિકોલ - ખાતે પ્રથમવાર મળી. જેમાં સંસ્થાના હોદ્દેદારશ્રીઓ તથા અમદાવાદ પૂર્વના ટ્રસ્ટીશ્રીઓ - સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. મીટિંગ દરમિયાન એજન્ડાના કામો સારું જરૂરી ચર્ચા-વિચારણા કરવામાં આવી.

## સ્તન કેન્સર શિબિર - સાવલી - પાદરા વડોદરા ખાતે





સ્તન કેન્સરની વધતી જતી સમસ્યાઓને ધ્યાનમાં રાખી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન તથા આશીર્વાદ ફાઉન્ડેશન, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે સ્તન કેન્સર જાગૃતી તેમજ તેને લગતા પ્રશ્નોનું સચોટ માર્ગદર્શન મહિલાઓને મળી રહે તે માટે તા.૧૬-૦૭-૨૦૨૩ ના રોજ વડોદરાના સાવલી તથા પાદરા ખાતે સ્તન કેન્સર શિબિરનું આયોજન કરવામાં આવેલ.

## GPSC ફ્રી સેમિનાર - નિકોલ અમદાવાદ ખાતે





તા. ૨૩-૦૭-૨૦૨૩, રવિવારના રોજ વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ સંચાલિત VUF - IAS Academy દ્વારા GPSC ફ્રી સેમિનારનું આયોજન ડો. ચિરાગ ભોરણીયા સાહેબ (ડેપ્યુટી ડાયરેક્ટર સેન્ટ્રલ બ્યુરો ઓફ કોમ્યુનિકેશન, ભારત સરકાર) ના માર્ગદર્શન હેઠળ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - નિકોલ, અમદાવાદ કાર્યાલય ખાતે કરવામાં આવેલ. જેમાં GPSC Class-1-2, DYSO, STI, PI, Dy. Mamlatdar, Class-3 વિગેરે અભ્યાસક્રમો વિશે સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ.

HIR-ASHA
— SKY —

# 3BHK

## LUXURIOUS APARTMENT

94268 90010/79843 83366

HIR-ASHA SKY,
Sagar Sangeet Cross Road, Science City,
Sola, Ahmedabad

## RAJ DEVELOPERS

Dashrathbhai A. Patel
(Ex Sarpanch, Sola)

Krishnakant R. Patel
(Sola)



RERA NO: PR/GJ/AHMEDABAD AHMEDABAD CITY/AUDA/MAA09622/311221 www.gujrera.gujarat.gov.in

# The Fastest Growing Brand in India


CELEBRATING MORE THAN 15 YEARS OF EXCELLENCE

# FLEXIBOND®

AN ATTACHMENT



Aluminium Composite Panel



PVC / WPC Foam Board



WPC Solid Doors & Frames



PVC Laminate

| | | |
|---|---|---|
| 7+ CERTIFICATES | 5000+ PROJECTS | 10+ COUNTRY EXPORT |
| 70,000 Sq. Mtr. PRODUCTION AREA | 20+ MAJOR STOCK POINTS | 30+ CORPORATE SUPPLY |

Umiya Flexifoam Pvt. Ltd. | Umiya Carbon Pvt. Ltd. | Flexibond Decoratives LLP

info@flexibond.com www.flexibond.com +91 92280 25446



સમાચાર સંપાદિકા : ડૉ. રૂપલ પટેલ,

## આનંદનો ગરબો - વિશ્વ ઉમિયાધામ ખાતે



તા. ૧૭-૦૭-૨૦૨૩ સોમવતી અમાસના દિવસે શ્યામા મહિલા મંડળ - નારણપુરા, અમદાવાદ દ્વારા જગતજનની મા ઉમિયાના સાંનિધ્ય વિશ્વ ઉમિયાધામમાં આનંદના ગરબાનું આયોજન કરવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં ભાવિક બહેનો ઉપસ્થિત રહી આનંદના ગરબાનું રસપાન કરી, મા ઉમિયાની આરતી - દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## VIBES મીટિંગ - અમદાવાદ - સુરત ખાતે






VIBES (Vishv Umiya International Business Entrepreneurs with Social Network) - સામાજિક જાગૃતિ સાથે નેટવર્કિંગ અને બિઝનેસ દ્વારા સભ્યોની વૃદ્ધિ, યુવા ઉદ્યોગપતિ તરફથી નવા સંયુક્ત સાહસને પ્રોત્સાહન, વિશ્વના દરેક મા ઉમિયા ભક્તોને જોડાવાના અવસર થકી વ્યાપાર ક્ષેત્રે કઈ રીતે વૃદ્ધિ થાય અને આગળ કઈ રીતે વધી શકાય તે અંતર્ગત હાલમાં VIBES ની અમદાવાદ પૂશ્ચિમ, અમદાવાદ પૂર્વ, વડોદરા, સુરતમાં શાખાઓ ચાલી રહેલ છે અને આગામી સમયમાં મહેસાણા ખાતે પણ શાખા શરૂ કરવા જઈ રહ્યા છીએ.

## ઉમા શિક્ષણ સહાય - ભલામણ પત્ર એનાયત



વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી ઉમા શિક્ષણ સહાય અભિયાન શરૂ કરેલ, જેમાં સંસ્થાએ ભલામણ કરેલ સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ગત વર્ષ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં પણ યુનિવર્સિટી, કોલેજ, સ્કૂલ દ્વારા સ્કોલરશીપ આપી શિક્ષણ આપવાની જાહેરાત કરેલ તે અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિનામૂલ્યે પ્રવેશ માટે ભલામણ પત્ર એનાયત કરવામાં આવેલ. સદર અભિયાનમાં સહયોગ આપેલ તમામ શૈક્ષણિક સંસ્થાઓનો વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ગૌરવ અને અહોભાવીની લાગણી અનુભવે છે.

## અધિક પુરુષોત્તમ માસમાં ભાવિક-ભક્તો મા ઉમિયાના દર્શનાર્થે



હિન્દુત્વના પર્વ - અધિક પુરુષોત્તમ માસ દરમિયાન અમદાવાદના વિવિધ વિસ્તારોમાંથી દરરોજ ૧૦૦૦ થી વધારે ભાવિક - ભક્તો વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ ખાતે જગતજનની મા ઉમિયાના દર્શનાર્થે પધારી રહેલ છે, દર્શન બાદ ઉમા પ્રસાદમમાં મા ઉમિયાનો ભોજન પ્રસાદ લઈ ધન્યતા અનુભવે છે.

## VUF મહેસાણા જીલ્લા મહિલા સંગઠન - સ્નેહકુટિર વૃદ્ધાશ્રમ, નાગલપુર - શુભેચ્છા મુલાકાત

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - મહેસાણા જીલ્લા મહિલા સંગઠનની બહેનોએ નાગલપુર ખાતે આવેલ "સ્નેહ કુટિર" વૃદ્ધાશ્રમમાં રૂબરૂ જઈ આત્મીય સ્વજનોની મુલાકાત લીધી. ત્યાર બાદ સ્વજનો સાથે ભોજન-પ્રસાદનો આનંદ માણ્યો. વૃદ્ધોને પરિવાર જેવું વાતાવરણ મળવાથી સૌ ખુશ ખુશાલ બની હરખ વિભોરા બન્યા.



## દાનના મુખ્ય પાંચ પ્રકાર

**અર્થદાન** : જે કોઈ વ્યક્તિ અર્થ એટલે કે ધનનું દાન કરે છે, તેવા દાનને અર્થદાન કહે છે.

**સમયદાન-શ્રમદાન** : સમાજના કોઈપણ સત્કાર્યમાં પોતાના કિંમતી સમયમાંથી ચોક્કસ જવાબદારી સાથે ચોક્કસ સમય આપી ખૂબ જ મહેનતથી સારું કાર્ય કરતા હોય છે, તેવા દાનને સમયદાન-શ્રમદાન કહે છે.

**બુદ્ધિ દાન** : જે વ્યક્તિ અર્થદાન કે સમયદાન આપવા સક્ષમ કે અક્ષમ છે અને ઈચ્છાશક્તિનો અભાવ છે, પરંતુ આવી વ્યક્તિ પાસે કુદરતની કૃપાથી કુશાગ્ર બુદ્ધિ છે, તો તેવી વ્યક્તિના પ્રેરક વિચારોથી સમાજને એક નવી જ દિશા મળે છે. આવા દાનને બુદ્ધિદાન કહે છે.

**શબ્દ દાન** : જે કોઈ વ્યક્તિ અર્થ - સમય કે બુદ્ધિ દાન આપી શકતો નથી કે આપવાની ઈચ્છા ધરાવતો નથી, પરંતુ સમાજ કે રાષ્ટ્ર માટે કાર્ય કરતા કોઈપણ વ્યક્તિ - સમાજ કે સંસ્થાને હંમેશાં સારા શબ્દોથી પ્રોત્સાહિત કરે છે અને પોતાના સર્કલમાં હંમેશાં તેનો પ્રચાર કરતો રહે છે, આવા દાનને શબ્દ દાન કહે છે.

**નડતર દાન** : જે કોઈ વ્યક્તિ ધર્મ - સમાજ કે રાષ્ટ્રના કોઈ કાર્યમાં સહકાર આપતા નથી, પરંતુ હંમેશાં ઈર્ષાભાવથી સાચી-ખોટી ટીકાઓ - અપ પ્રચાર કરીને સમાજ કે સંસ્થાને નડતરરૂપ બનતા હોય છે. આવા દાનને નડતર દાન કહે છે.

**જે વ્યક્તિ અર્થ - સમય અને બુદ્ધિ એમ ત્રણેય દાન પોતાના સમાજ કે રાષ્ટ્રને સમર્પિત કરે છે તેને શ્રેષ્ઠ દાનવીર કહે છે.**

વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ

આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ - "વિશ્વ ઉમિયાધામ"

Vishv UMIYA Foundation

## : વિશ્વ ઉમિયાધામમાં નિર્માણ થનાર પ્રોજેક્ટ :

જગતજનની મા ઉમિયાનું વિશ્વનું ઊંચામાં ઊંચું ૫૦૪ ફૂટ મંદિર નિર્માણ

સ્કીલ યુનિવર્સિટી | અદ્યતન હોસ્પિટલ | સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ | છાત્રાલય | અદ્યતન NRI ભવન | સ્પર્ધાત્મક તાલીમ કેન્દ્ર

## : સંસ્થામાં હાલમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ :

વૈશ્વિક સંગઠન | કાનૂની માર્ગદર્શન | સમાધાન પંચ | ઉમા શિક્ષણ સહાય યોજના

ગ્લોબલ બિઝનેસ નેટવર્કિંગ | IELTS કોચિંગ સહાય | વૃક્ષારોપણ અભિયાન

### ઉમાછત્ર

પરિવારને આપો ઉમાછત્ર કવચ

₹ 10 લાખ

૧૮ થી ૫૫ વયના કોઈપણ ઉમાછત્ર સભ્યનું નિધન થાય તો, તે પરિવારને રૂા. ૧૦ લાખની આર્થિક સહાય

**વિકલ્પ-૧ અવિચલ** એક સાથે એક જ વખત રૂા.૩૧,૦૦૦/- યોગદાન ૫૫ વય સુધી

**વિકલ્પ-૨ અવિરત** પ્રારંભિક રૂા.૪,૦૦૦ અને વાર્ષિક રૂા.૨,૨૦૦/- આસપાસ યોગદાન - ૫૫ વય સુધી

### IAS ACADEMY

Centre for Civil & Defence Services

નિ :શુલ્ક તાલીમ વર્ગ

UPSC Class 1-2, GPSC, STI, PI, Dy. Mamlatdar, Class - 3

અંદાજિત પ્રવેશ પરીક્ષાની તારીખ : 13.8.2023 (રવિવાર)

- પ્રવેશ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક કોચિંગ
- મેન્ટરશીપ પ્રોગ્રામ
- નિયમિત ટેસ્ટ દ્વારા

સ્થળ : નિકોલ સેન્ટર : વિશ્વ ઉમિયાધામ, ૬૦૬, પાંચમો માળ, ગિરિવર ગ્લેન મોલ, ઓઢવ રોડ, નિકોલ, અમદાવાદ

72020 80202

### ઉમાસૃષ્ટિ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | એક વૈશ્વિક વિચારધારા

ઉમાસૃષ્ટિ માસિકના વાચક દાતા સભ્ય થવા માટે સહયોગી રાશિ

૫ વર્ષ : રૂા. ૨,૦૦૦/- ૧૦ વર્ષ : રૂા. ૩,૫૦૦/-

### ઉમા સ્વાદ

સ્વાદ એવો, માં ની મમતા જેવો...

શુદ્ધતા, સ્વચ્છતા અને સ્વાદ નો સંગમ

ગાયના શુદ્ધ ઘીમાંથી બનાવેલ મિઠાઈ તથા નમકીનની ઉત્કૃષ્ટ શ્રેણી

વિશ્વના સૌથી ઊંચામાં ઊંચા જગત જનની મા ઉમિયાના મંદિર નિર્માણમાં આપનો સહયોગ - મા ના પ્રસાદરૂપી મીઠાઈ - નમકીન ખરીદીથી

### ઉમા લગ્ન સંસ્કાર



શ્રી ઉમિયા માતાજી સન્મુખ શાસ્ત્રોક્ત વિધિવત્ લગ્ન રાહત દરે

- દિકરીને પાનેતર
- ચોરી - બેઠક વ્યવસ્થાની સુવિધા
- બંને પક્ષના કુલ ૧૦૦ મહેમાનશ્રીઓને ભોજન પ્રસાદ

### મેટ્રીમોનિયલ સર્વિસીસ



@ અમદાવાદ

૮૦૭, "ફોર્ચ્યુન બિઝનેસ હબ" શેલ પેટ્રોલ પંપની બાજુમાં, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. (Mo.) 63599 87827

@ સુરત - અલથાણ

૧૧૮, પહેલો માળ, મેગ્નસ શોપિંગ મોલ, મલ્હાર સુપર સ્ટોરની ઉપર, એટલાન્ટા મોલની બાજુમાં, અલથાણ, સુરત,

મેટ્રીમોનીયલ ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે : https://vivah.vishvumiyafoundation.org ઉપર જઈને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

### પાર્ટી પ્લોટ



લગ્ન, રીસેપ્શન, સંગીત સંધ્યા, રાસ-ગરબા, મહેંદી, રીંગ સેરેમની, વરપક્ષ - કન્યાપક્ષ રૂમ, બર્થડે સેલીબ્રેશન, જનોઈ, મેરેજ એનિવર્સરી, રજત જયંતિ, સુવર્ણ જયંતિ કે અમૃત મહોત્સવ તથા અન્ય પ્રસંગો માટે

### VUF - યુ.એસ.એ. - કેનેડા યુથ ટીમ દ્વારા અભ્યાસ/જોબમાં મદદરૂપ



- યુ.એસ.એ. - કેનેડા અભ્યાસ અર્થે જતા કોઈપણ ગુજરાતી વિદ્યાર્થીઓને એરપોર્ટ ઉપરથી
- કોલેજ - યુનિવર્સિટીની પસંદગીમાં માર્ગદર્શન.
- પાર્ટ ટાઈમ જોબમાં મદદરૂપ (શક્ય હોય ત્યાં)

### VUF યુથ કનેક્ટ

- કોઈપણ સમાજની વ્યક્તિ યુથ કનેક્ટમાં જોડાઈ યથાશક્તિ સહયોગ દાન આપી મા ઉમિયાના કૃપાપાત્ર બનો.
- બેંક એકાઉન્ટ માટે દર મહિને ઓટો-ડેબીટની સુવિધા.

### vibes

Vishv Umiya International Business Entrepreneurs with Social Network

વ્યાવસાયિક અને સામાજિક નેટવર્કનું પ્લેટફોર્મ

Ahmedabad - Vadodara

JOIN NOW

Follow us : vibes.vuf | vibes.vuf | + 91 98250 97299

Email : vibes@vishvumiyafounation.org | web:vibesvuf.com

ઓફિસ : વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર, અમદાવાદ. Mob. : 7202080 222 / 333

email : contact@vishvumiyafoundation.org | www.vishvumiyafoundation.org | www.facebook.com/VishvUmiyaFoundation

વિશ્વ ઉમિયાધામ
અમદાવાદ

Vishv UMIYA Foundation

# : સ્વૈચ્છિક સહયોગ દાન :

**"જગતજનની મા ઉમિયાના ઐતિહાસિક મંદિર નિર્માણમાં મારે પણ પાયાના પિલ્લર થવું છે, હું પણ પાયાનો પિલ્લર છું"**

| મંદિર ગર્ભગૃહના ધર્મસ્તંભના દાતા<br>રૂા. ૧૫ લાખનું યોગદાન | મંદિરના ધર્મસ્તંભના દાતા<br>રૂા. ૧૧ લાખનું યોગદાન |
|---|---|

**ધર્મસ્તંભના દાતાનું નામ મંદિર પરિસરમાં નામાંકિત કરવામાં આવશે.**

- સીટી મેમ્બર : રૂા. ૧ લાખ ☐
- શુભેચ્છક સભ્ય : રૂા. ૫ લાખ ☐
- આજીવન સભ્ય : રૂા. ૧૧ લાખ ☐
- સિલ્વર દાતા : રૂા. ૨૫ લાખ ☐

- ભૂમિદાન હૂંડી : રૂા. ૧૧,૦૦૦/- (૧ ચો.વાર) x...... રૂા. ☐
  - રૂા. ૫૫,૦૦૦/- (૫ ચો.વાર) ☐
  - રૂા. ૧,૧૧,૦૦૦/- (૧૦ ચો.વાર) ☐
- શિલાદાન : રૂા. ૫,૦૦૦/- x .......... કુલ રૂા. ☐
- ઈંટદાન : રૂા. ૧,૦૦૦/- x .......... કુલ રૂા. ☐

- ઉમાસૃષ્ટિ માસિક મુખપત્ર :
  - ૫ વર્ષ : રૂા. ૨,૦૦૦/- ☐
  - ૧૦ વર્ષ : રૂા. ૩,૫૦૦/- ☐

- વૃક્ષદાતા : રૂા. ૫૦૦/- x ......... કુલ રૂા. ☐
- શિક્ષણ સહાય : ૨૦ હજાર કે તેથી વધુ - કુલ રૂા. ☐
- આરોગ્ય સહાય : ૨૦ હજાર કે તેથી વધુ - કુલ રૂા. ☐

**અન્નદાન મહાદાન**

- ઉમા પ્રસાદમ્ નિઃશુલ્ક ભોજન પ્રસાદ યથાશક્તિ સહયોગ - રૂા. ☐
  - જન્મ દિવસ - ભોજન દાતા - રૂા.૧૧,૦૦૦/- ☐
  - મેરેજ એનિવર્સરી - ભોજન દાતા - રૂા.૧૧,૦૦૦/- ☐

**જગતજનની મા ઉમિયાના ધામમાં મારું પણ યોગદાન છે એવા ભાવ સાથે દાન - ભેટ લખાવવા મંદિર કે કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી છે.**

બેંક : A/c. ધી મહેસાણા અર્બન કો.ઓ.બેંક લિ.,
સાયન્સ સીટી શાખા, અમદાવાદ
Bank A/c. No. 00441001001446
IFSC Code - MSNU0000044.

UPI ID થી
DIRECT PAYMENT
VISHV UMIYA
FOUNDATION

ઓફિસ : વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર, અમદાવાદ. Mob. : 7202080 222 / 333
email : contact@vishvumiyafoundation.org I www.vishvumiyafoundation.org I www.facebook.com/VishvUmiyaFoundation

# ચંદ્રયાન-3 : ભારતની એક ઐતિસાહિસ યાત્રા

તા. ૧૪ જુલાઈ-૨૦૨૩ શુક્રવારે બપોરે બરાબર ૨.૩૫ના ટકોરે ભારતે તેની અંતરીક્ષ યાત્રામાં એક નવો અધ્યાય લખ્યો. ઈસરો દ્વારા શ્રીહરિકોટા ખાતે સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી **ચંદ્રયાન-૩ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું.**

રોકેટ છોડ્યાની ૧૬ મિનિટ પછી ચંદ્રયાન-૩ અવકાશને ચીરતું પૃથ્વીની ભ્રમણકક્ષામાં ગોઠવવામાં આવ્યું. આ સાથે જ ઈસરોના વૈજ્ઞાનિકોની ટીમ ખુશીથી ઝૂમી ઊઠી. ભારતમાં હજારો નહીં - લાખો લોકોએ ચંદ્રયાન-૩ના લોન્ચિંગને નિહાળ્યું. આ ચંદ્રયાન-૩ બાવીસ દિવસ સુધી પૃથ્વીની ભ્રમણકક્ષામાં રહેશે અને તે પછી **ચંદ્રની ભ્રમણકક્ષામાં પ્રવેશ કરીને ૧૩ દિવસ પછી ચંદ્રની ફરતે ચક્કર લગાવશે. ત્યાર બાદ ધીમે ધીમે ચંદ્રની સપાટી તરફ આગળ વધશે.**

આપને જાણીને નવાઈ લાગશે કે આ ચંદ્રયાન-૩ લગભગ ૧૩૦ હાથીનું વજન અને કુતૂબ મિનારથી અડધી ઊંચાઈ ધરાવે છે. લાંબા સમયની જેની રાહ જોવાતી હતી તે ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો)નું મિશન ચંદ્રયાન-૩ લોન્ચ કરવામાં આવ્યું છે. ચંદ્રની સપાટી ઉપર સફળતાપૂર્વક ઉતરાણ કરવાનો હેતુ છે. આ ચંદ્રયાન-૩ મિશન સંપૂર્ણ સફળ થયે અંતરીક્ષમાં ભારતની એક મોટી સિદ્ધિ સાબિત થશે. **અગાઉ ત્રણ દેશ - અમેરિકા, રશિયા અને ચીન ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કરાવી ચૂક્યા છે.**



### મહત્ત્વપૂર્ણ સિદ્ધિ



ભારતે અંતરીક્ષ સંશોધન ક્ષેત્રે એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ઈસરોની ટીમને અભિનંદન આપું છું. **ચંદ્રમિશનની સફળતા માટે શુભેચ્છાઓ.**

દ્રૌપદી મૂર્મુ (રાષ્ટ્રપતિ)

### નવો અધ્યાય

ભારતના પીએમ નરેન્દ્ર મોદીએ આનંદ



વ્યક્ત કરતાં કહ્યું કે ભારતની અંતરીક્ષ યાત્રામાં એક નવો અધ્યાય શરૂ થયો છે. તે દરેક ભારતીયનાં સપનાં અને મહત્ત્વાકાંક્ષાથી આગળ વધીને ઊંચી ઉડાન ભરી રહ્યું છે. આ સિદ્ધિ આપણા વૈજ્ઞાનિકોના અથાગ સમર્પણનું પ્રમાણ છે. **હું તેમની ભાવના અને પ્રતિભાને સલામ કરું છું.**

નરેન્દ્ર મોદી (વડા પ્રધાન)

### ઐતિહાસિક યાત્રા શરૂ કરી



ભારતે ચંદ્રયાન-૩ના સફળ પ્રક્ષેપણ સાથે તેની ઐતિહાસિક અંતરીક્ષ યાત્રા શરૂ કરી છે. આ ઘણી જ આનંદની ક્ષણ છે. ઈસરોના વૈજ્ઞાનિકોને મારી હાર્દિક શુભેચ્છાઓ. જેમના અથાગ સંશોધને આજે ભારતની પેઢીઓ માટે **એક ઉલ્લેખનીય અંતરીક્ષ યાત્રાની પટકથા લખી છે.** હજુ ઘણું આગળ જવાનું છે.

અમિત શાહ (ગૃહમંત્રી)

### ચંદ્ર તરફની સફર શરૂ



ચંદ્રયાન-૩ દ્વારા ચંદ્ર તરફની સફર શરૂ થઈ ગઈ છે. જો બધું સારી રીતે પાર પડશે અને કોઈ વિઘ્નો નહીં આવે તો ૨૩ ઓગસ્ટની સાંજે ૫.૪૭ કલાકે ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરશે. તેની સાથે ત્રણ લેન્ડર, રોવર અને પ્રોપલ્ઝન મોડ્યુલ છે. **૧૪ દિવસ ચંદ્ર પર જુદા જુદા પ્રયોગો અને પરીક્ષણો કરશે.**

એસ. સોમનાથ (ઈસરો ચીફ)

### અમદાવાદનો મોટો ફાળો

ચંદ્રયાન-૩ મિશનમાં સ્પેસ એપ્લિકેશન



સેન્ટર અમદાવાદનો મોટો ફાળો છે. લગભગ ૧૫ જેટલી પ્રણાલી આ કેન્દ્ર દ્વારા નિર્માણ પામી છે. સેન્સર અને પેલોડ તથા તેમાં વપરાતા અલગ અલગ રોવર અને ઈમેજર, કેમેરા, **મહત્ત્વપૂર્ણ અલગોરિધમ પ્રણાલી પણ અમદાવાદ કેન્દ્રમાં નિર્માણ પામી છે.**

નિલેશ દેસાઈ (ડિરેક્ટર, એસએસી)






# THE SPIRE

## 3 BHK HAPPY LIVING & SHOPS

Security with CCTV
Jogging Track
Landscape Garden
Club House Indoor games
Multi Purpose Hall
Open Theatre
Gymnasium
Gazebo
Children Play Area
Senior Citizen Sitting
Drop Off Zone
DG Set

SCAN FOR LOCATION

**Nr. Bharat Petrol Pump, Opp. Babylon Club**
**S.P. Ring Road, Ahmedabad 380060**


**CONTACT NO.**
**+91 75 75 00 92 77**

SCAN FOR BROCHURE

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/Ahmedabad Municipal Corporation/MN235AA10135/211022 | www.gujrera.gujarat.gov.in

Vishv UMIYA Foundation

shreehari™
Always Fly High




CAN US AUS NZ UK

Call Now +91 9574008581

IELTS | STUDENT VISA

**Ahmedabad (HO)**

403, Shivalik Yash, Opp. Shastrinagar BRTS Bus Stand, 132" Ring Road, Naranpura, Ahmedabad 380013, Gujarat
+917927414445/46 | +91 99258 44422 | For any feedback write us on : feedback@shreehari.in | shreehari.in

**New Ranip**
209, 2nd Floor, Magnet Square, Nr. Sardar Chowk, New Ranip
9574008581

**Nikol**
415, Town Plaza, Nr. Raspan Arcade, Bhaktinagar Circle Road, Nikol, Ahmedabad 382350. Gujarat, INDIA
+91 9512120068

**Kalol**
Shukan Avenue, Opp. Sindbad Hotel, Kalol Mehsana Highway, Kalol 382721. Gujarat, INDIA
+91 9574008595

**Mehsana**
E 401-417, Joyos Hubtown, Modhera Cross Road Mehsana 384002. Gujarat, INDIA
+91 9574008598

**Bhavnagar**
304/5, Surbhi Mall, Above Dominoz's Pizza, Wghawadi Road, Bhavnagar 364002. Gujarat, INDIA
+912782471424

NABH Accredited | I.C.M.R. Registered Reg. No. 11261 | KAYAKALP Certified | FOGSI

# ખુશીઓથી રમશે આંગણું, જયારે ઘરે બંધાશે પારણું



## કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

**મહિલા**

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી અનિયમિત માસિક અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

**પુરુષ**

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા

## તમામ સુવિધા એકજ સ્થળે

અત્યાધુનિક IVF લેબ, સચોટ નિદાન, સફળ પરિણામ, IVFના પ્રથમ પ્રયત્ને ઉત્તમ સફળતા, પોતાનું ઈંડુ અને પોતાના જ શુક્રાણુથી IVF સારવારમાં અગ્રેસર, નિષ્ણાંત અને અનુભવી એમ્બ્રિઓલજિસ્ટની ટીમ, જેવા અત્યાધુનિક જિનેટિક ટેસ્ટ.

## ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI
બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGD/PGS એન્ડ્રોલૉજી
સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બર્યો | TESA | PESA
માઈક્રો TESE 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી
NABL પ્રમાણિત લેબોરેટરી

**20000+** પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ

**૭૦ દેશોના લોકોને સારવાર આપનારા**

BEST HOSPITALS REGIONAL

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ સર્વે ઓફ ફર્ટિલિટી ક્લિનિક 2019માં દ્વિતિય ક્રમાંક (પશ્ચિમ ઝોન)



**ડૉ. આર. જી. પટેલ**
(ઈન્ફર્ટિલિટી અને IVF સ્પેશ્યાલીસ્ટ)

Sunflower Hospital

**સનફ્લાવર ઈન્ફર્ટિલિટી એન્ડ IVF સેન્ટર**
માનવ મંદિર પાસે, ટ્રાફિક પોલીસ હેલ્મેટની સામે, મેમનગર, અમદાવાદ, ગુજરાત 380052. મોબાઈલ નં : 079 27410080, +91-9687003993

**સનફ્લાવર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ**
નાથાલાલ કોલોની, પંજાબ નેશનલ બેંક ની સામે, લખુડી સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ- 380013. મોબાઈલ નં : 07929914965, +91-9099400445

**સનફ્લાવર IVF ક્લિનિક**
418, સાહિત્ય આર્કેડ, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ, ગુજરાત - 382 330. મોબાઈલ નં : 07946010728, +91-9099400221


## COMPLETED PROJECTS




RETAIL & WORK SPACES

AT SOUTH BOPAL

PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA00341/051017
GUJRERA.GUJARAT.GOV.IN




RETAIL & OFFICE SPACES

AT SG HIGHWAY

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA04785/A1C/160221
GUJRERA.GUJARAT.GOV.IN

## NEW PROJECTS




RETAIL & OFFICE SPACES

AT AMBLI "T" JUNCTION

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN




3 BHK SERENE HOMES

AT SINDHU BHAVAN EXTENSION ROAD

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN



# 3 BHK

KIDS FRIENDLY HOMES
COMING SOON

OPPOSITE APOLLO INTERNATIONAL SCHOOL,
SOUTH BOPAL



## સંજયભાઈ પટેલ
## (વિસલપુર)

**+91 98254 42197**